



આચાર્યશ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલિ-૮૬

# નિરંજન નાથ મોહિ કૈસે મિલેંગે ?

[ ભક્તિયોગના ઉદ્‌ગાતા, સાધનામનીષી પૂજ્યપાદ પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ દ્વારા અપાયેલ ભક્તિસૂત્રો પર સ્વાધ્યાય ]

**આચાર્ય યશોવિજયસૂરિ**

: સૌજન્ય :

**ગુરુભક્ત પરિવારો**

**(મુંબઈ તથા અમેરિકા)**

નિરંજન નાથ મોહિ કૈસે મિલેંગે ?

મૂલ્ય : ૧૭૫-૦૦ રૂા.

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪

નકલ : ૨૦૦૦

પ્રકાશક : આચાર્યશ્રી ૐકારસૂરિ આરાધના ભવન,
સુભાષચોક, ગોપીપુરા, સુરત

**પ્રાપ્તિસ્થાન**

- **સેવંતીલાલ એ. મહેતા**
  ૪-ડી, સિદ્ધગિરિ એપાર્ટમેન્ટ, અઠવાલાઈન્સ, સુરત
  ફોન : ૨૬૬૭૫૧૧ (મો.) ૯૮૨૪૧ ૫૨૭૨૭
  E-mail : omkarsuri@rediffmail.com
  mehta_sevantilal@yahoo.co.in

- **જીગર ધીરુભાઈ વડેચા**
  ૧૦૧, શ્રી ભુવન, પહેલે માળે, ૨૮૯, એસ.વી.પી. રોડ, મુંબઈ-૦૪
  ફોન : ૨૩૮૭૬૩૧૫ (મો.) ૯૮૨૦૫ ૭૫૬૭૭

- **આચાર્યશ્રી ૐકારસૂરિ આરાધના ભવન**
  વાવ પંથક વાડી, દશાપોરવાડ સોસાયટી,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭
  સુરેશભાઈ કે. મહેતા ફોન : ૨૬૫૮૦૦૫૩ (મો.) ૯૪૨૯૩ ૫૫૯૫૩

- **વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ**
  હાઈવે, ભીલડીયાજી (બ.કાં.)-ગુજરાત
  ફોન : ૨૭૪૪-૨૩૩૧૨૯

મુદ્રક : **કિરીટ ગ્રાફિક્સ**
૪૧૬, વૃંદાવન શોપીંગ સેન્ટર, પાનકોરનાકા, અમદાવાદ-૧ ફોન : ૨૫૩૩૦૦૯૫

## તારક છાયા

**શ્રી રાણકપુર (રાજસ્થાન) તીર્થમંડન**
**શ્રી ઋષભદેવ ભગવાન**

## દિવ્ય આશિષ


પૂજ્યપાદ, વચનસિદ્ધ યુગપુરુષ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **સિદ્ધિસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, નિઃસ્પૃહશિરોમણિ
મુનિપ્રવરશ્રી **વિનયવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, ભક્તિયોગાચાર્ય, સંયમૈકદષ્ટિ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **ભદ્રસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, વિદ્વદ્વર્ય મુનિપ્રવરશ્રી **જનકવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, સંયમૈકનિષ્ઠ મુનિપ્રવરશ્રી **હ્રીંકારવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, તપસ્વિરત્ન મુનિપ્રવરશ્રી **વિલાસવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, શાસનધુરીણ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **ૐકારસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, વર્ધમાનતપોનિધિ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **ભદ્રંકરસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, આગમપ્રજ્ઞ શ્રુતસ્થવિર
પ્રવર્તક મુનિપ્રવરશ્રી **જંબૂવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, આરાધનારત મુનિરાજશ્રી **જિનચન્દ્રવિજયજી** મહારાજા

## આશિષ

પૂજ્યપાદ, પ્રશાન્તમૂર્તિ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **અરવિન્દસૂરીશ્વરજી** મહારાજા
પૂ. સાધ્વીજી **કલ્પલતાશ્રીજી** મહારાજ (માતુશ્રી મહારાજ)



પૂજ્ય પંન્યાસજી ભગવંતનો હસ્તલેખિત નવકારમંત્ર







# અનુભૂતિનું શિખર

આપણા યુગમાં ભાગવતી સાધનાની સસૂત્ર સમજૂતી આપનાર મહાપુરુષોમાં પૂજ્યપાદ, પંન્યાસપ્રવર, અધ્યાત્મયોગી ભદ્રંકરવિજયજી મહારાજનું નામ મોખરે છે.

સાધનાની પ્રસ્તુતિના સન્દર્ભે, મને પોતાને આવો એક ક્રમ સમજાય છે : પૂજ્યપાદ, આચાર્ય ભગવંતશ્રી હરિભદ્રસૂરિ મહારાજા, પૂજ્યપાદ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજા અને પૂજ્યપાદ પંન્યાસજી ભગવંતશ્રી ભદ્રંકરવિજયજી મહારાજા.

❖ ❖ ❖

પૂજ્યપાદ હરિભદ્રસૂરિ મહારાજા સાધનાની પ્રસ્તુતિમાં જે ઊંડાણ ઉમેરે છે; આપણે આશ્ચર્ય, અહોભાવથી એમની એ પ્રસ્તુતિને જોઈ જ રહીએ.

પ્રણિધાનની વ્યાખ્યા સામાન્યતયા આવી જ હોય કે તે તે ક્રિયામાં મનનું પૂરું જોડાણ. પૂજ્યપાદ હરિભદ્રસૂરિ મહારાજાએ ષોડશક ગ્રન્થમાં પ્રણિધાનની વ્યાખ્યા કરતાં કહ્યું : હીનગુણદ્વેષાભાવ અને પરોપકારવાસનાથી યુક્ત મનનું તે તે ક્રિયામાં જોડાણ તે પ્રણિધાન.

ઊંડાણ એ રીતે અહીં પકડાયું છે કે ચિત્તસ્થૈર્ય કેમ નથી થતું ? કો'કના દોષ જોવામાં મન ઓતપ્રોત થઈ જાય છે યા મન સ્વાર્થીય વાસનામાં ડૂબેલું હોય છે. મન એ બેમાંથી નીકળી જાય ત્યારે પ્રણિધાન શક્ય બને.

એક મઝાનો મનોવૈજ્ઞાનિક આયામ પકડાયો અહીં.

✣ ✣ ✣

પંચસૂત્રક મૂળને પણ તજ્જ્ઞો હરિભદ્રાચાર્યની કૃતિ માને છે. પહેલા સૂત્રમાં ત્યાં આરાધકની વ્યાખ્યામાં કેટલું તો મઝાનું તત્ત્વ ઉમેરાયું છે ! અહિતનિવૃત્ત થાઉં અને હિતપ્રવૃત્ત થાઉં એ પ્રાર્થના પછી આરાધક થાઉં એવી પ્રાર્થના આવી. પાઠ કેવો હૃદયંગમ છે ! : 'उचियपडिवत्तिए सव्वसत्ताणं ।'[૧] સર્વ પ્રાણીઓ સાથે ઉચિત વ્યવહાર કરવાથી હું આરાધક બનું.

આરાધકતાને સર્વપ્રાણીઓ સાથેના ઉચિત વ્યવહાર સાથે સાંકળવાથી સાધનાની પ્રસ્તુતિ કેવી તો હૃદયંગમ બની છે !

સાધનાની પ્રસ્તુતિમાં આવેલું આ ઊંડાણ અનુભૂતિ અને દૃષ્ટિની તીક્ષ્ણતા પર આધારિત છે.

આ જ ક્રમ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજમાં અને એ પછી પૂજ્યપાદ પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબમાં સાધકોને દેખાશે.

આ તો એક ક્રમ વિચાર્યો; એક સન્દર્ભને પકડીને. આવા બીજા ઘણા ક્રમો મળી શકે. ઘણા બધા મહાપુરુષોએ અનુપમ પ્રસાદી આપણને આપી છે. ખૂબ ઋણી છીએ આપણે એ સહુ પૂર્વપુરુષોના.

૧. ટીકા : **एवमाराधकः स्यामुचितप्रतिपत्त्या सर्वसत्त्वानां सम्बन्धिन्या ।**

ઊંડા અનુશીલનથી જ ખ્યાલ આવશે કે અભિવ્યક્તિમાં જો આટલું ઊંડાણ આવી શકતું હોય તો એ મહાપુરુષોની અનુભૂતિ કેવી તો તીક્ષ્ણ હશે.

✣ ✣ ✣

પચીસસો વર્ષના ગાળામાં અનુભૂતિમાન મહાપુરુષો તો અગણિત થયા, પરંતુ પોતાની અનુભૂતિને શબ્દદેહ આપનાર મહાપુરુષો થોડા રહ્યા.

જોકે, એ કાર્ય અઘરું બહુ જ છે. અનુભૂતિના શિખર પર તમે હો, અને એના પરમ આનંદમાં તમે ડૂબી ગયા હો ત્યારે શબ્દો બહુ જ દૂરની ઘટના લાગે છે. તમે શબ્દની તળેટી પર કઈ રીતે ઊતરી શકો ?

પૂજ્યપાદ પંન્યાસજી ભગવંતશ્રીના આપણે બહુ જ ઋણી છીએ કે તેઓએ જિનાગમોનો સાર, આપણી ભાષામાં, આપણી સામે મૂક્યો.

✣ ✣ ✣

તેઓશ્રીની વાણીમાં સાધના અને ભક્તિની જુગલબંધી વહેતી આવે છે. નિશ્ચય અને વ્યવહારની એકમેકની પૂરકતાનો ખ્યાલ તેમના શબ્દોમાંથી મળે છે.

રાણકપુર તીર્થ (રાજસ્થાન)માં દેવાધિદેવ પ્રભુ ઋષભદેવનાં શ્રીચરણોમાં વિ.સં. ૨૦૬૯ના મહા વદિ-૧૪ થી ફા.સુ.-દ્વિ.૬ સુધી થયેલ આ સ્વાધ્યાય અહીં પ્રસ્તુત છે.

પૂજ્યપાદશ્રીજીના ગ્રન્થ 'આત્મઉત્થાનનો પાયો'માં તેઓશ્રી દ્વારા અપાયેલ ભક્તિસૂત્રો પૈકીનાં કેટલાંક સૂત્રો પર અહીં સ્વાધ્યાય થયો છે.

● ● ●

## અનુક્રમણિકા INDEX


| | | |
|---|---|---|
| ૧ | પરા વાણીની સુગંધ | ૧ |
| ૨ | ભક્તિ : પરમ અનુરાગ | ૯ |
| ૩ | ભક્તિ : ચિત્તની એકાગ્રતા | ૨૯ |
| ૪ | ભક્તિ : સમર્પણપૂર્વકની એકાગ્રતા | ૪૫ |
| ૫ | ભક્તિ : વિભક્તિને પેલે પાર | ૮૧ |
| ૬ | ભક્તિ : સ્વરૂપનું પ્રાકટ્ય | ૯૫ |
| ૭ | ભક્તિ : પ્રભુકૃપાની અનુભૂતિ | ૧૨૩ |
| ૮ | ભક્તિ : ધારણ, પોષણ, તારણ | ૧૪૭ |
| ૯ | ભક્તિ : પર વૈરાગ્ય | ૧૭૦ |



# નિરંજન નાથ મોહિ કૈસે મિલેંગે ?

[ ભક્તિયોગના ઉદ્‌ગાતા, સાધનામનીષી પૂજ્યપાદ પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ દ્વારા અપાયેલ ભક્તિસૂત્રો પર સ્વાધ્યાય ]

# ૧ | પરા વાણીની સુગંધ

મહામહિમ, પરમતારક, તીર્થાધિપતિ શ્રી ઋષભદેવ પ્રભુનાં ચરણોમાં વન્દના.

આ જ રાણકપુર તીર્થના પરિસરમાં આપણા યુગના બહુ જ મોટા ભક્તિયોગાચાર્ય અને સાધનાચાર્ય પૂજ્યપાદ પંન્યાસજી ભગવંત ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ રહેલા. તેમનાં પવિત્ર આન્દોલનો આ ભૂમિ પર પથરાયેલાં છે. એ આન્દોલનોની પૃષ્ઠભૂ પર તેઓશ્રીના જ પવિત્ર શબ્દો પર સ્વાધ્યાય કરવો છે.

હકીકતમાં, મારે બોલવાનું નહિ રહે. એ આન્દોલનો જ બધું કામ કરશે. હું તો માત્ર શ્રોતા હોઈશ.

●●●

એ સદ્ગુરુના સાધનાપૂત દેહમાંથી નીકળતાં આન્દોલનોને અનુભવ્યાં છે. પૂજ્યપાદશ્રીજી છેલ્લે પાટણ બિરાજમાન હતા. હું એમનાં દર્શન માટે ત્યાં ગયેલો. સાહેબજીના ખંડમાં હું ગયો ત્યારે તેઓશ્રીની નજીક બેસી શ્રી બાબુભાઈ કડીવાળા 'પાસ શંખેશ્વરા, સાર કર સેવકા...!' મીઠા સૂરે, ધીમેથી ગાતા હતા.

મેં પૂજ્યશ્રીજીને વન્દના કરી. સાહેબજીએ મારી સામે જોયું. કેટલો બધો સ્નેહ હતો તેમની આંખોમાં ! સ્નેહાવતાર હતા તેઓશ્રી. હું નજીક ગયો. તેઓશ્રીજીએ ગળા પાસે આંગળી મૂકી સૂચવ્યું કે બોલી શકાતું નથી.

મેં કહ્યું : 'સાહેબજી, હું તો માત્ર આપનાં આન્દોલનોમાં બેસવા માટે જ આવ્યો છું. આપશ્રીએ અમને ખૂબ આપેલું છે; બહુ ઋણી છીએ અમે આપના.'

સ્નેહાવતાર એ મહાપુરુષ, એ સમયે કરુણાવતાર લાગ્યા. તેમના ચહેરા પરનો ભાવ મેં વાંચ્યો : લોકો મારી પાસે કંઈક પામવા આવે છે; હું તેમને કંઈ આપી શકતો નથી !

મેં ફરી કહ્યું : 'ગુરુદેવ ! માત્ર ને માત્ર આપનાં આન્દોલનો લેવાં માટે જ હું અહીં આવ્યો છું... થોડી ક્ષણો ધ્યાનદશામાં રહી એ આન્દોલનોને આત્મસાત્ કરી હું જઈશ.'

ખૂબ સરસ આન્દોલનો ઝિલાયાં.

જતી વખતે તેઓશ્રીએ માથે હાથ ફેરવ્યો. ધીમેથી કહ્યું : ‘ચાર ભાષાઓ પર ઊંડું અનુપ્રેક્ષણ કરજો !’

આન્દોલનપ્રસાદી વત્તા શબ્દપ્રસાદી. પાછળથી મને સમજાયું કે સાહેબજી મને એ સૂચવી રહ્યા હતા કે મારે વૈખરીની ભૂમિકાને છોડીને પરા સુધી જવા માટે પ્રયત્ન કરવો.

●●●

તેઓશ્રીમદ્‌ના સાધનાપૂત દેહમાંથી નીકળેલાં આન્દોલનો આ તીર્થના પરિસરમાં ફેલાયેલાં છે. આપણી ગ્રાહકતા - રિસેપ્ટિવિટી ખીલેલી હોય તો, રાતની નીરવ પળોમાં આપણે તેઓશ્રીજીનાં આન્દોલનોને પકડી શકીએ અને એ આન્દોલનોની પૃષ્ઠભૂ પર સાધનાને સઘન બનાવી શકીએ.

થોડાંક વર્ષોનો ગાળો આન્દોલનોને ન તો ભૂંસી શકે છે, ન એમને શિથિલ કરી શકે છે.

●●●

હમણાંના મારા એક અનુભવની વાત કરું. ઉના શહેરમાં જવાનું થયું : અજાહરા તીર્થની યાત્રા કરવી હતી... વચ્ચે ઉના આવ્યું. ઉનામાં બપોરે એક અગ્રણી શ્રાવક મને મળવા આવ્યા. એમણે કહ્યું : ‘સાહેબ, આપ ઝડપી યાત્રામાં છો એ મને ખ્યાલ છે; પણ આપ બે કામ ખાસ કરજો.’

મેં કહ્યું : બોલો !

તેમણે કહ્યું : 'પૂ. હીરસૂરિ દાદા ચારસો વર્ષ પહેલાં જે ઉપાશ્રયમાં ચાતુર્માસ રહેલા, તે ઉપાશ્રય અહીંથી નજીકમાં છે. આપ એક રાત તે ઉપાશ્રયમાં ગાળજો. અને તેઓશ્રીના અન્તિમ સંસ્કાર જ્યાં થયેલ છે, તે શાહબાગમાં પણ એક રાત ગાળજો. આપને સરસ અનુભવ થશે.'

મેં એ પ્રમાણે કર્યું. હીરસૂરિ દાદાનાં પવિત્ર આન્દોલનોના વિશ્વમાં પ્રવેશ કરવાનો એ અનુભવ ખરેખર રોમાંચક હતો.

પહેલી રાતે મેં ચારસો વર્ષ પહેલાના અતીતમાં પ્રવેશ કર્યો. પૂજ્યપાદશ્રીજીની કાયા કૃશ, નિર્બળ થયેલી; કદાચ તેઓ વધુ બોલી પણ શકતા નહોતા; પણ તેમની પવિત્ર કાયામાંથી નીકળતાં આન્દોલનો તેમની નજીક આવનારને પવિત્ર બનાવતા'તા. આવો જ અનુભવ - નિર્મળ ચિત્તદશાનો - મેં ત્યાં કર્યો.

બીજી રાતે શાહબાગમાં પણ એ જ ભાવદશા રહી. એ વખતે એવો એક વિચાર સ્ફુરેલો - કદાચ, પેલાં આન્દોલનોને કારણે જ - કે હીરસૂરિ દાદા છેલ્લે સમયે સાધનાનું જે રહસ્ય પોતાના પટ્ટધરને આપી નહોતા શક્યા; થોડાક સાધકો અહીં બેસે તો, પેલાં આન્દોલનોમાં પ્રવેશીને, તેઓ એ સાધનાના ગુહ્ય તત્ત્વને પામી શકે.

●●●

કાળના નિરવધિ સમંદરમાં, ચારસો વર્ષનો ગાળો તો ચમચીભર પાણીથી વધુ ક્યાં છે ?

આન્દોલનોની પૃષ્ઠભૂ પર તમે કાળખંડમાં અતીતની યાત્રા કરી શકો. તમે એ જ કાળમાં વિદ્યમાન છો, એવી પ્રતીતિ તમને થાય.

આવો એક અનુભવ મને અમદાવાદ, દોશીવાડાની પોળમાં રહેલ વિદ્યાશાળામાં થયેલો. પ્રદાદાગુરુદેવ પૂજ્યપાદ, સંઘસ્થવિર આચાર્ય ભગવંત શ્રીમદ્‌વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા (પૂ. બાપજી મહારાજ) વર્ષો સુધી, ચાલી ન શકવાને કારણે, ત્યાં રહેલા. તેઓશ્રીનાં આન્દોલનો વિદ્યાશાળામાં વિસ્તરેલાં છે.

ત્યાં ધ્યાનમાં બેસતાં જ મને તેઓશ્રીનાં આન્દોલનોનો સ્પર્શ થયેલો. મેં મારી જાતને એ વખતે બડભાગી માનેલ.

●●●

આ વખતે મારે ફરીથી આ અનુભવને દોહરાવવો છે. રાણકપુર તીર્થના આ પરિસરમાં, પૂજ્યપાદશ્રીજીનાં આન્દોલનોની પૃષ્ઠભૂ પર તેમના જ પ્યારા શબ્દોનો સ્વાધ્યાય કરવો છે.

પણ, ન તો મારે સ્વાધ્યાયની પૂર્વે કશું વિચારવું છે; ન કયા પરિચ્છેદ પર બોલવું છે એ જોવું છે. તેઓશ્રી બોલાવે તેમ બોલવું છે.

●●●

આવો એક પ્રયોગ શ્રી માતાજીએ પોંડિચેરીમાં કરેલ. શ્રી અરવિન્દના 'સાવિત્રી' પર તેમને બોલવું હતું. તેમણે શ્રી અરવિન્દને જ બોલવા દેવા હતા; અને એથી માતાજી અને બધા શ્રોતાઓ ત્રીશેક મિનિટ માટે ધ્યાનમાં જતાં.

આંખો ખોલ્યા પછી, માતાજી 'સાવિત્રી' પુસ્તકને ખોલતાં. જે પણ પાનું ખૂલે, તેમાં રહેલ પહેલા પરિચ્છેદને વાંચવાનો અને એ પર બોલવાનું. આશય એ હતો કે વક્તાની બુદ્ધિ અહીં સુષુપ્ત હોય; કોઈ પૂર્વધારણા નથી કે કયા પરિચ્છેદ પર બોલવાનું છે; પરા વાણીની આછીસી સુગંધ મળે.

આપણે પણ અહીં આ જ ક્રમ રાખીશું. દશેક મિનિટ ધ્યાનમાં જશું. જે પૃષ્ઠ ખૂલશે, તેના એકાદ વાક્યખંડ પર સ્વાધ્યાય કરીશું. સ્વાધ્યાયને અન્તે પણ દશેક મિનિટનું ધ્યાન કરીશું.

બેઉ બાજુના ધ્યાનની વચ્ચે સ્વાધ્યાય સેન્ડવિચ બની રહે.

• • •





## ૨

## આધારસૂત્ર

"ભક્તિ એ મનની એકાગ્રવૃત્તિ છે, અવિચ્છિન્ન પરાનુરક્તિ છે; કે જે સર્વ સુખના નિધાન સ્વરૂપ પરમાત્માને પોતાનું ધ્યેય સમજી તેમાં તન્મય બને છે."

(અવિચ્છિન્ન પરાનુરક્તિ તે ભક્તિ.)

• • •

- આત્મઉત્થાનનો પાયો, પૃ. ૨૬૨
(આવૃત્તિ : વિ.સં. ૨૦૫૧)

# ૨ | ભક્તિ : પરમ અનુરાગ

નારદ ઋષિને એક જિજ્ઞાસુ પૂછે છે : ‘ભક્તિ કોને કહેવાય ?’ એવો જિજ્ઞાસુ; જેણે ભક્તિની સુગંધ, આ જન્મમાં, માણી નથી; પરંતુ બીજાઓ પાસેથી ભક્તિના માહાત્મ્યની વાતો સાંભળીને જેને ભક્તિ વિષે કંઈક જાણવાની ઈચ્છા થઈ છે.

જોકે, ભક્તિને શ્વસી શકાય, અનુપ્રાણિત કરી શકાય, જીવી શકાય; ભક્તિને તમે અભિવ્યક્ત શી રીતે કરો ?

પરંતુ, નારદઋષિની અભિવ્યક્તિ-કુશળતા પર ઓવારી જવાય. તેમણે કહ્યું : 'सा त्वस्मिन् परमप्रेमरूपा... अमृतस्वरूपा च...' ગહનતમ ભક્તિ પદારથની કેટલી સરળ વ્યાખ્યા ! 'તે'ને વિષેનો પરમ પ્રેમ તે ભક્તિ. એ અમૃતરૂપા છે...

પૂછે છે તેઓ પેલી વ્યક્તિને : 'તેં પ્રેમનો અનુભવ તો કર્યો છે ને ? નાનકડા કોઈ બાળકને તેં ચાહ્યું હોય; કૂંડામાં રહેલ ફૂલ પર તને પ્રેમ ઊભરાયો હોય...' જિજ્ઞાસુએ કહ્યું : 'હા, એ તો અનુભવ છે.' નારદ ઋષિ કહે છે : 'તો એ પ્રેમને પરમાત્મા સાથે તું જોડ. અને એ પ્રેમ સર્વોચ્ચ કક્ષાનો જોઈએ. પરમ પ્રેમ. પરમાત્મા પરનો એ પરમ પ્રેમ તે ભક્તિ.' જિજ્ઞાસુ આ ઉત્તરથી સંતુષ્ટ થયો.

●●●

પરમ પ્રેમ. જ્યારે ચાહનાર તરીકે તમે ન હો, માત્ર ચાહત હોય. તમે પરમ પ્રેમની ધારામાં એવા તો ડૂબી જાવ છો કે ત્યાં તમારું વ્યક્તિત્વ નથી રહેતું. રહે છે માત્ર અસ્તિત્વ.

●●●

શાંડિલ્ય ઋષિએ ભક્તિની વ્યાખ્યા આ રીતે આપી છે : 'सा पराऽनुरक्तिरीश्वरे...' પરમાત્મા પરનો પરમ અનુરાગ તે ભક્તિ.

બેઉ વ્યાખ્યાઓમાં ફરક સૂક્ષ્મ છે. નારદ ઋષિ 'તે'ને વિષેનો પરમ પ્રેમ તે ભક્તિ' આવી વ્યાખ્યા આપે છે; શાંડિલ્ય ઋષિ કહે છે : પરમાત્મા પરનો પરમ પ્રેમ.

ફરક આટલો જ પડ્યો : નારદ ઋષિ પરમાત્મા માટે 'તે' શબ્દ વાપરે છે; શાંડિલ્ય ઋષિ પરમાત્મા શબ્દ સીધો વાપરે છે.

ફરક પડવાનું કારણ શ્રોતાવૃન્દ છે. શાંડિલ્ય ઋષિની સામે સામાન્ય બૌદ્ધિક શ્રોતાવૃન્દ છે. અને એને સામે રાખીને તેઓ એવી વ્યાખ્યા આપે છે. નારદ ઋષિની સામે પ્રખર બૌદ્ધિક વર્ગ છે; તેથી તેઓ કહી દે છે : 'તે'ના વિષેનો પરમ પ્રેમ તે ભક્તિ.' એ લોકો સમજી જાય છે કે તે એટલે પ્રભુ.

ભક્તિની ધારામાં સહેજ આગળ વહેલ વ્યક્તિત્વના વ્યાકરણમાં બીજો પુરુષ (તું, તમે) રહેતો નથી. ત્રીજા પુરુષમાં માત્ર 'તે' હોય છે; પરમાત્મા. અને પહેલા પુરુષમાં હોય છે 'હું'. પછી ભક્તની સાધના આટલી જ હોય છે : 'હું'ને 'તે'માં ડુબાડી દેવું.

●●●

પરમાત્માને વિષે પરમ અનુરાગ તે ભક્તિ; આ શાંડિલ્ય ઋષિએ કરેલી ભક્તિની વ્યાખ્યા. પૂજ્યપાદશ્રીજી ભક્તિની વ્યાખ્યા આપતાં કહે છે : 'અવિચ્છિન્ન પરાનુરક્તિ તે ભક્તિ.'

અવિચ્છિન્ન વિશેષણ પરાનુરક્તિને અપાયું. પરમાત્મા પ્રત્યેનો પરમ પ્રેમ અવિચ્છિન્ન, અખંડ જોઈએ.

●●●

પરમ પ્રેમ.

એક વિચાર મને હમણાં સ્ફુરેલો, જોકે, સ્ફુરેલો એમ પણ કેમ કહેવાય ? કારણ કે હવે વિચારવાનું થતું નથી. પણ કંઠેથી વહ્યો એટલે મેં સાંભળ્યો.

એ વિભાવના એવી હતી કે તમે બીજાને સહેજ પણ ચાહો એટલે પરમચેતનાની ચાહતમાં એટલી ન્યૂનતા આવી. પાંચ ટકા તમારી ચાહત અન્ય પદાર્થો કે વ્યક્તિઓમાં ગઈ તો તમે પ્રભુને પંચાણુ ટકા જ ચાહો છો ને ? આપણને તો પરાનુરક્તિ જોઈએ. પરમ અનુરાગ. અનુરાગ નવ્વાણુ ટકા હોય તોય એ પરમ અનુરાગ તો નહિ જ કહેવાય ને ?

આ સન્દર્ભે હું ઘણીવાર કહું છું કે ભગવાન બહુ જ નટખટ છે. આપણે કહીએ : 'પ્રભુ, હું તારો છું, પણ નવ્વાણુ ટકા. એક ટકા હું બીજાનો.' તો પ્રભુ કહેશે કે મને હમણાં ઉતાવળ નથી. તું ૧૦૦ ટકા મારો થાય ત્યારે મને કહેજે.

●●●

પરમ અનુરાગ.

આનન્દઘનીય લયમાં કહું તો, પરમ અનુરાગ એટલે નિરુપાધિક અનુરાગ. 'પ્રીતસગાઈ રે નિરુપાધિક કહી રે.'

નિરુપાધિક પ્રેમ એટલે પ્રેમ માટે પ્રેમ. ભક્તિ માટે ભક્તિ. નિષ્કારણ ભક્તિ.

હા, તમે સકારણ-ભક્તિના બિન્દુથી તમારી યાત્રા શરૂ કરી શકો. પ્રભુ ! તું જ મને અહીં સુધી ઊંચકીને લાવ્યો. તારી કૃપા થકી જ ભક્તિની, સાધનાની આ પગથાર મને મળી છે. પ્રભુ ! તારો બહુ જ ઋણી છું. ઋણમુક્તિના લયથી ભક્તિયાત્રા શરૂ થઈ શકે.

પણ, એ યાત્રામાં આગળ ગયા પછી, પ્રભુપ્રેમનું એવું તો એક અદમ્ય આકર્ષણ, સમ્મોહન જાગે છે કે તમે એના વિના એક

ક્ષણ રહી શકતા નથી. ચાહત તમારા અસ્તિત્વમાં એવી તો વ્યાપી ગઈ છે કે તમારા અસ્તિત્વનો એ આધાર બની જાય છે.

પરમ અનુરાગ. નિરુપાધિક પ્રેમ. ચાહત માટે ચાહત.

અહીં, નિષ્કારણ પ્રીતિની આ પગથારે, તમે પ્રભુને એટલા માટે ચાહી રહ્યા છો કે તમે એના વિના રહી શકતા નથી. નિષ્કારણ ભક્તિ. મોક્ષ માટે પણ અહીં ભક્તિ નથી. એટલે તો, કુમારપાળ મહારાજાએ આત્મનિન્દા દ્વાત્રિંશિકામાં કહ્યું : 'मोक्षेऽप्यनिच्छो भवितास्मि नाथ !' પ્રભુ ! મોક્ષને વિષે પણ હું ઈચ્છા વિનાનો - યથાખ્યાત ચારિત્ર પામીને - ક્યારે થઈશ ?

●●●

અવિચ્છિન્ન પરમ અનુરાગ. ચોવીસ કલાક ભક્ત એના પ્રેમની ધારામાં વહેતો હોય.

સાધુત્વ શું છે ? પ્રભુના અખંડ પ્રેમની વહેતી ધારામાં ઝૂમવું તે જ ને ! સાધુ ખાય (વાપરે) તોય એ પ્રભુની ભક્તિ. એણે કહ્યું છે એ રીતે ખાવાનું છે ને ! જાગૃતિનો સમય તો પ્રભુની ભક્તિનો ખરો જ, નિદ્રાનો સમય પણ એની ભક્તિ સ્વરૂપ. શરીર સૂઈ જશે. સાધુ જાગૃત જ હશે. અને તેથી જ, રાત્રે ઊંઘમાં પડખું ફેરવવાનું હશે ત્યારે ઓઘાથી એ જગ્યા પૂંજી-પ્રમાર્જીને પછી જ ફેરવશે.

મુનિની બધી ક્રિયા પ્રભુની ભક્તિ. કારણ કે એક એક ક્રિયાનો આધાર પ્રભુની આજ્ઞા છે.

કબીરજી એક વૃક્ષની નીચે. બાજુના મંદિરની પરિક્રમા (પ્રદક્ષિણા) કરતાં કોઈએ એમને જોયા નહિ. કો'ક ભક્તે પૂછ્યું આ વિષે; ત્યારે તેમણે કહ્યું : 'જહં જહં ડોલું સો પરક્કમા...' હું ચાલુ છું એ જ તો પરિક્રમા છે ને ! કેન્દ્રમાં પ્રભુ છે. અને હું ચાલુ છું. મારું એક એક ડગ એની જ પરિઘમાં છે ને !

●●●

અવિચ્છિન્ન પરમ અનુરક્તિ જોઈએ છે. હવે પ્રભુને કહેવાનું : પ્રભુ ! એવી કૃપા વરસાવ કે હું સતત તારી ભક્તિમાં ડૂબેલ રહું. બીજા પર રાગ મને થઈ જાય તો, તે તું છીનવી લે ! લગાવ એક થપ્પડ ! અનુગ્રહ કૃપા તો તું કરે જ છે, પ્રભુ ! નિગ્રહ કૃપા પણ કર.

બાળકને શરદી થઈ છે અને એ આઈસકેન્ડીવાળા પાસેથી આઈસકેન્ડી લઈ આવશે, તો મા શું કરશે ? એની આઈસકેન્ડી એની પાસેથી લઈ લેશે ને ? પ્રભુ ! તું પણ એવું જ કર ને !

એક પણ વિભાવમાં હું જતો હોઉં, પ્રભુ ! મને રોકજો ! હું સરસ ગાઈ શકતો હોઉં કે સરસ બોલી શકતો હોઉં; સેંકડો લોકો એથી પ્રભાવિત થતા હોય; અને મને એથી અહંકાર થતો હોય તો, પ્રભુ ! મારી વાચાને ઠપ કરી દેજો, મારા કંઠને બેસૂરો બનાવી દેજો !

અહંકારમાં રહેવું; કોઈ પણ વિભાવમાં રહેવું એટલે પ્રભુ વિના રહેવાનું. પ્રભુ વિનાની એક ક્ષણ પણ ભક્તને પાલવી શકે નહિ.

પ્રભુ ! આપ તો સૂક્ષ્મ નિગ્રહકૃપાવાળા છો, પરંતુ આપે સદ્‌ગુરુ એવા આપ્યા છે; જે સ્થૂળ નિગ્રહકૃપા કરી શકે. આપ એમને કહેજો ને કે સારણા, વારણા, ચોયણા અને પડિચોયણા દ્વારા મને વિભાવમાં જતો રોકે.

મને સ્વભાવમાં જવા માટે તેઓ સ્મારણા (સારણા) કરે; મને યાદ કરાવે : 'બેટા ! તેં સ્વાધ્યાય કર્યો ? ભક્તિ કરી ?' હું ક્યાંક વિભાવમાં જતો હોઉં તો મને લાલ આંખ કરીને કહી દે : 'નહિ, તારે એમ કરવાનું નથી.' (વારણા) એ માટે કડક શબ્દોમાં પ્રેરણા (ચોયણા) પણ તેઓ કરે. અને ક્યારેક ગાલ પર ચમચમતી લગાવીય દે. (પડિચોયણા).

●●●

અવિચ્છિન્ન પરાનુરક્તિ એટલે ભક્તિ. આ ભક્તિની ધારામાં વહેવાનું. વહેતા જ રહેવાનું. પણ એ ધારાનું પ્રારંભ બિન્દુ કયું ?

આ સન્દર્ભે એક ચર્ચા પૂજ્યપાદશ્રીજીએ એક સ્થળે કરી છે. તેઓશ્રીએ બે શબ્દો લીધા : અનુરાગ, અનુગ્રહ. અનુરાગ એટલે પરમાત્માના પ્રેમમાં ખોવાઈ જવું. અનુગ્રહ એટલે પ્રભુના પ્રસાદનું ભક્ત પર વરસી રહેવું.

બેઉ શબ્દોમાં 'અનુ' વિશેષણ તરીકે છે. અનુ એટલે પાછળ. તો, અનુરાગ એટલે કો'ક ક્રિયાની પછી થયેલ રાગ. અનુગ્રહ એટલે કો'ક ક્રિયાની પછી વરસેલ પ્રભુનો પ્રસાદ.

પૂજ્યપાદશ્રીજીએ અહીં ચર્ચા એ છેડી કે ભક્તનો પ્રભુ પરનો રાગ અનુ છે; પ્રભુએ એના પર પ્રસાદ વરસાવ્યો હોય તો જ એ

પ્રભુને ચાહી શકે ને ? અને ભક્ત પ્રભુના પ્રસાદને પણ ઝીલી શકે છે, ત્યાં એની પોતાની ભક્તિ પ્રસાદને ઝીલવા માટેની પૃષ્ઠભૂ બની જાય છે.

●●●

'વીતરાગસ્તોત્ર'માં કલિકાલસર્વજ્ઞશ્રીએ પણ આ જ લયમાં કહ્યું છે : मत्प्रसत्तेस्त्वत्प्रसाद-स्त्वत्प्रसादादियं पुनः । इत्यन्योन्याश्रयं भिन्धि, प्रसीद भगवन् मयि ॥ પ્રભુ ! હું તારી ભક્તિની ધારામાં સહેજ આવું છું, અને તારી કૃપાનો અનુભવ થાય છે. તું તો પહેલાં પણ વરસતો'તો, પ્રભુ ! પણ મારી પાસે ભક્તિની ભીનાશ નહોતી, ત્યાં સુધી તારી કૃપાના એ વરસાદને હું ઝીલી શકેલ નહિ. ભક્તિની ભીનાશ મારી પાસે આવી, તારી કૃપાનો અનુભવ થયો. એ કૃપાની અનુભૂતિ વિશેષ ભક્તિમાં પરિણમી. ભક્તિની એ ઘેરી ભૂમિકાને લીધે કૃપાની અનુભૂતિ પણ સઘન થઈ. આમ વર્તુળ ચાલ્યું.

જોકે, કલિકાલસર્વજ્ઞશ્રીને આ વર્તુળ સ્વીકાર્ય નથી. એટલા માટે કે એમાં જો પ્રારંભ ભક્તે કરવાનો હોય. પ્રભુ ! મારી ચાહતની ધારા કેવી તો ફિક્કી હશે શરૂઆતમાં ? તું એને જોઈને વરસે તો કેવું વરસે ? એના કરતાં, તું મારી ભક્તિ સામે જોયા વિના, એકધારું વરસ્યા જ કર !

●●●

અવિચ્છિન્ન પરાનુરક્તિ તે ભક્તિ.

પ્રભુ ! તારા પરનો અખંડ અનુરાગ તું મને આપ ! અન્યો પરના મારા રાગને તું છીનવી લે !

●●●

અવિચ્છિન્ન પરાનુરક્તિ : પ્રભુ પરની, પ્રભુનાં પ્યારાં વચનો પરની, પ્રભુની સાધના પરત્વેની.

શ્રી યોગપ્રીતમ દ્વારા રચાયેલ એક ગીતમાં અવિચ્છિન્ન પરાનુરક્તિનો ભાવ સ્પષ્ટ રીતે અંકિત થયેલો લાગે :

કુછ ઐસી ભી અપની કિસ્મત હો,
પીતા ભી રહૂં ઔર પ્યાસ ભી હો;
મસ્તી મેં બહકતા દિલ ભી રહો,
ઔર હોશ ભરા ઉલ્લાસ ભી હો...

મીટ જાયે મેરી હસ્તી કે નિશાં,
મૌજૂદ ભી લેકિન પૂરા રહું;
મૈં ઉસ કા નજારા દેખા કરું,
સંસાર ભી હો, સંન્યાસ ભી હો...

હો ચુપ્પી મગર કુછ ગાતી હુઈ,
સંગીત હો મૌન મેં ડૂબા હુઆ;
રુદન ભી ચલે કુછ મુસ્કાતા,
કુછ અશ્રૂ બહાતા હાસ ભી હો...

પર્દે મેં છિપા હો લાખ મગર,
જલવા ભી દિખાઈ દેતા રહે;
ઈસ આંખમિચૌલી ખેલ મેં વો,
કુછ દૂર ભી હો, કુછ પાસ ભી હો....

જીવન કા સફર યું બીતે અગર,
કુછ ધૂપ ભી હો, કુછ છાંવ ભી હો;
મિલતા ભી રહે ચલને કા મઝા,
મંજિલ કા સદા અહેસાસ ભી હો...

●●●

પરમ રસ,

અદ્‌ભુત રસ.

તમે પીતા જ રહો એને પણ તૃપ્તિ ન થાય. એમ લાગે કે અતીતની યાત્રામાં આવો રસ ક્યારેય ચાખ્યો જ નથી.

પરમ રસ પીવાનું પણ ચાલ્યા કરે અને પ્યાસા, પ્યાસા હોઈએ આપણે. એમ લાગે કે એને પીવા સિવાય બીજું કોઈ જ કૃત્ય આપણા માટે ન હોય. 'પીતા ભી રહૂં ઔર પ્યાસ ભી હો...'

●●●

એ પરમ રસના પાનની એક મસ્તી, એક કેફ પૂરા અસ્તિત્વને ઘેરી લે છે. જોકે, આ મસ્તી જ દુન્યવી - વૈભાવિક બેહોશીમાંથી હોશની દુનિયામાં સાધકને લઈ જાય છે. 'મસ્તી મેં બહકતા દિલ ભી રહો, ઔર હોશ ભરા ઉલ્લાસ ભી હો...'

આ કેફ છે રસ-સમાધિ. તમે ભીતર ઊતરતા જાવ અને તમને પોતાને પામી રહો. જાગૃતિ, હોશ.

ઉજાગરનો એક નાનકડો અંશ અહીં સ્પર્શે.

●●●

શું કરે આ હોશ ?

વૈભાવિક હોવાપણાને એ નેસ્તનાબૂદ કરે અને સ્વાભાવિક હોવાપણું, being પ્રગટ્યા કરે. 'મીટ જાયે મેરી હસ્તી કે નિશાં, મૌજૂદ ભી લેકિન પૂરા રહું...'

અહીં છે પરમ ભોગ.

રાગ, દ્વેષ, અહંકાર આદિ દોષોનો ત્યાગ થયો છે અને સ્વાનુભૂતિ દ્વારા પરમ ભોગની ક્ષણો અહીં સાંપડી છે. 'સંસાર ભી હો, સંન્યાસ ભી હો...' સંસાર એટલે ભોગ. સંન્યાસ એટલે ત્યાગ. અહીં વિભાવોનો ત્યાગ છે. પરમનો ભોગ છે.

વિભાવોનું આથમવું.

સ્વભાવની ક્ષણોનું ઊગવું.

●●●

આ એક એવી ભાવાવસ્થા છે, જ્યાં મૌન ભીતરના આનંદને મુખરિત કર્યા કરે છે. આ મૌન છે અનાયાસે ઉદ્ભવેલ સંગીત. આયાસ પૂર્વકના મૌનમાં બોઝિલ ચુપ્પીનો અહેસાસ થાય છે.

મૌન વાચાળ બન્યું. ભીતરી આનંદના મોટા ભાષ્યકાર તરીકે એ આવેલ છે ને !

અને આ ભાવદશામાં, કંઠેથી વહેતા સંગીતની પૃષ્ઠભૂમાં હશે મૌનનો નિનાદ, ઝંકૃતિ. હા, શબ્દોને અનાહત ભણી લઈ જવાના છે ને !

'હો ચુપ્પી મગર કુછ ગાતી હુઈ, સંગીત હો મૌન મેં ડૂબા હુઆ...'

●●●

પરમપ્રિયથી બિછુરાવાની વેદના અહીં છે. અશ્રુધારાનું વહેવું છે આ ભૂમિકાએ. પણ એ પીડા છે મીઠી, મીઠી. પરમપ્રિયના સ્પર્શથી એ રોમાંચિત થયેલી છે ને !

યાદ આવે નારદ ઋષિ : 'પરમવિરહાસક્તિ.' પહેલી વાર આ શબ્દ વાંચતાં નવાઈ લાગેલી : શું વિરહની પણ આસક્તિ, આકર્ષણ હોઈ શકે ? પછી ખ્યાલ આવ્યો કે વિરહ પણ 'એ'નો છે ને ! પરમપ્રિયનો. વિરહની ક્ષણોમાં પણ એ ઝલકે, એની સ્મૃતિ ઝલકે; અને વિરહનું પણ ખેંચાણ અનુભવાય.

'રુદન ભી ચલે કુછ મુસ્કાતા, કુછ અશ્રૂ બહાતા હાસ ભી હો...'

●●●

પડદામાં છુપાયેલ પણ એ તેજ (જલવા), પરમ જ્યોતિ દેખાયા કરે. હા, સંતાકૂકડીનો ખેલ ચાલ્યા કરે ખરો. ક્યારેક 'એ' એકદમ નજીક લાગે, ક્યારેક દૂર. ઉપનિષદોમાં ગુંજેલી ઋષિવાણી યાદ આવે : तदु दूरे, तद्वन्तिके...

નજીક, તો કેટલો નજીક અનુભવાય ? એક ભક્ત કહે છે : 'He is closer to me than myself.' અખાએ આપણી ભાષામાં આ જ વાત કહી છે ને ! : 'હરિને હિંડતાં લાગે હાથ...' અહોભાવ શિખરાનુભૂતિ પર હોય છે ત્યારે આ અનુભવ હોય છે.

પણ, વિભાવની ગલીઓમાં જવાય છે ત્યારે પરમાત્મા બહુ જ દૂર લાગે છે. 'પર્દે મેં છિપા હો લાખ મગર, જલવા ભી દિખાઈ દેતા રહે; ઈસ આંખમિચૌલી ખેલ મેં વો, કુછ દૂર ભી હો, કુછ પાસ ભી હો...'

મીરાંએ કહેલું : 'પાની પીકર પ્યાસ છિપાવું, નૈનન કો કૈસે સમજાવું ? આંખમિચૌલી છોડો અબ તો...'

●●●

જીવન આ રીતે ચાલ્યા કરે છે. જ્યાં પોતાને મળવાનું સુખ પણ છે અને સ્વથી ભટકવાની પીડા પણ છે. ક્યારેક તડકો, ક્યારેક છાંયો... જોકે, તડકાની પાછળ છાંયો છે જ એ વિચારે ચાલવાનો - સ્વાનુભૂતિ ભણીની યાત્રાનો - આનંદ છિનવાતો નથી.

'જીવન કા સફર યું બીતે અગર, કુછ ધૂપ ભી હો, કુછ છાંવ ભી હો...'

●●●

અવિચ્છિન્ન પરાનુરક્તિ.

એવો અનુરાગ પ્રભુ પરનો, જેને કોઈ શક્તિ તોડી ન શકે. રિલ્કેની 'Put out my eyes if that can see you' કડીથી શરૂ થતી પ્રાર્થના વાંચતાં આ અનુભવ દઢાય.

શ્રી હરીન્દ્ર દવેએ એનો રસળતો ગુજરાતી અનુવાદ આપણને આપ્યો છે :

ઠારી દે તું દીપ નયનના,
તવ દર્શનને કાજ;
મને આ કાચ નથી કંઈ ખપના...

કર્ણપટલ તોડી દે તોપણ,
રહું સાંભળી સૂર;
ચરણ વિના પણ નહિ લાગે,
તવ ધામ મને બહુ દૂર;

છીનવી લે વાચા તદપિ,
સ્વર વહેશે મુક્ત સ્તવનના...

બાહુ વિના પણ હૃદય બાહુથી,
આલિંગન રહું આપી;

હૃદય પડે પરવશ, તો મન
ધબકાર દિયે આલાપી;
મન પે આગ લગાડો તોપણ,
વહું વહેણે નસનસનાં...

●●●

કબીરજીનું એક પદ યાદ આવે :

બિનુ પગ નિરત (નૃત્ય) કરો તિહાં,
બિનુ કર દે તારી;

અને –

બિનુ શ્રવણ ઝંકારી...

●●●

'ઠારી દે તું દીપ નયનના...'

પ્રભુનાં દર્શન માટે આ આંખો નહિ, ભીતરી આંખો જોઈશે. સદ્‌ગુરુ ખોલી આપશે આ ભીતરી આંખો...

●●●

'કર્ણપટલ તોડી દે તોપણ...' કાન વિના પ્રભુના પ્યારા શબ્દો સંભળાશે. 'બિનુ શ્રવણ ઝંકારી...'

પાવાપુરી તીર્થની યાત્રાએ ગયેલા હોઈએ. પ્રભુના સમવસરણમાં બેઠેલા હોઈએ. ચિત્તની એકાગ્રતા. ધ્યાન. છવીસસો વર્ષનો ગાળો બાજુમાં હટી જાય અને પ્રભુના પ્યારા શબ્દો અસ્તિત્વના સ્તર પર રણકી ઊઠે... 'संजोगा विप्पमुक्कस्स अणगारस्स भिक्खुणो...'

અસ્તિત્વના સ્તર પર પ્રભુના / સદ્‌ગુરુના પ્યારા શબ્દો સાંભળવા માટેની એક અનૂઠી વિધિની વાત કરું. દીક્ષા વખતે ગુરુ સાધકના બ્રહ્મરન્ધ્રમાંથી કેશનું લુંચન કરતાં વિભાવોનું પણ લુંચન કરે છે. લુંચન પછી સદ્‌ગુરુ 'કરેમિ ભંતે !' સૂત્ર શબ્દશક્તિપાત રૂપે આપે છે.

લુંચન થયું. બ્રહ્મરન્ધ્ર ખુલ્લું થયું. હવે 'કરેમિ ભંતે !' સૂત્ર. અસ્તિત્વના સ્તર પર એ સૂત્ર સંભળાશે. ઝિલાશે.

●●●

'ચરણ વિના પણ નહિ લાગે, તવ ધામ મને બહુ દૂર...' મઝાની વાત એ છે કે પરમપ્રિયની પાસે આપણા ચરણ વિના જ જવાશે ને ! આપણાં ચરણો પ્રભુમિલનની દુર્ગમ વાટે શી રીતે ચાલશે ?

આ સન્દર્ભમાં, 'पङ्गुं लङ्घयते गिरिम्' એ સૂત્રમાં હું एव ઉમેરું છું. 'पङ्गुमेव लङ्घयते गिरिम्.' પાંગળાને જ પ્રભુ સાધનાનો ગિરિ કુદાવે છે. તમે તમારા પગ પર સાધનાના દુર્ગમ ગિરિને શી રીતે કૂદવાના ? તમે નહિ ચાલો, એટલે 'એ' તમને ઊચકશે.

●●●

'છીનવી લે વાચા તદપિ, સ્વર વહેશે મુક્ત સ્તવનના...' આપણે 'એ'નાં ગીતો ક્યાં ગાવાં છે ? આપણા કંઠેથી 'એ' પ્રગટશે. ઘણીવાર હળવા લયમાં હું કહેતો હોઉં છું : આપણામાંથી આપણે ખૂબ પ્રકટી ગયા. હવે 'એ'ને પ્રકટવા દઈએ.

આપણા કંઠેથી 'એ' પ્રકટે. કોઈની અનુમોદનીય વાત જોઈ, સાંભળી. બે શબ્દો પ્રશંસાના લયમાં આપણા કંઠેથી વહ્યા; ભક્ત હૃદય અનુભવશે : પ્રભુ મારા કંઠેથી પ્રકટ થયા.

રવીન્દ્રનાથ ટાગોર કહે છે : પ્રભુ ! હું તો માત્ર બાંસુરી છું. હવા થઈને તું વહે છે... અને એટલે, જે સંગીત પેદા થયું એની માલિકીયત તારી જ છે.

જીવનની બાંસુરી.

પરમ પ્રિયના હોઠ એને સ્પર્શે

અને

મધુર સંગીત સર્જાય.

●●●

'બાહુ વિના પણ...' પ્રભુને સ્પર્શવા માટે આ હાથની જરૂરત નથી. પૂરા અસ્તિત્વ વડે એને સ્પર્શી શકાય છે ને ! ધીરા ભગતે એટલે તો કહ્યું : 'હરિને હિંડતાં લાગે હાથ.' આપણી આસપાસ, ચોપાસ 'એ' જ તો છે ને !

●●●

'હૃદય પડે પરવશ...' પ્રભુ ! હૃદયના ધબકાર શિથિલ થાય તોય તને પામવામાં કોઈ અવરોધ નથી. પૂરા અસ્તિત્વ દ્વારા તને પામીશ હું...

●●●

અવિચ્છિન્ન પરાનુરક્તિ...

શાશ્વતીના લયમાં ચાલતો પરમ અનુરાગ...

ગુરુદેવ ! અમને આશિષ આપો કે આપના આ શબ્દશક્તિપાતને અમે ઝીલી શકીએ. પરમ અનુરાગની, ભક્તિની ક્ષણો અમારા જીવનને ઝંકૃત કરે.

● ● ●

## સંદર્ભ સૂત્ર - ૨

● અનુગ્રહથી અનુરાગ અને અનુરાગથી અનુગ્રહ વધે છે.

અનુરાગ એ ભક્તની Receptivity છે. અને અનુગ્રહ એ ભગવાનનો Response છે.

અનુગ્રહ અનુરાગની અપેક્ષા રાખે છે. આ બન્ને શબ્દોમાં 'અનુ' શબ્દ છે, તે સૂચક છે. અનુગ્રહ અને અનુરાગ પરસ્પર સાપેક્ષ છે, એમ સૂચવે છે.

**(આત્મઉત્થાનનો પાયો. પૃ. ૨૭૧)**

● આજ્ઞાપાલકનો અનુરાગ અને આજ્ઞાકારકનો અનુગ્રહ - એ બે મળીને મોક્ષમાર્ગ બને છે. (૭)

● કૃપા ભક્તની ભક્તિને આધીન છે. ભક્તિથી કૃપા વધતી જાય છે અને કૃપાથી ભક્તિ વધતી જાય છે. (૩૫૭)

● દેવ અને ગુરુ આપણા આત્માને ચાહે છે, આપણા આત્માનું હિત ઈચ્છે છે. છતાંય આપણી પાસે કોઈ અપેક્ષા રાખતા નથી. એમના નિર્વ્યાજ સ્નેહના કારણે જ એમના તરફ આપણને ભક્તિ જાગે છે. (૧૨૧)

● કોઈપણ પ્રાણી ગમે તેટલો દીન, હીન, નીચ કે પાપી હોય તો પણ તેને અપનાવવા માટે ભગવાન કોઈ પણ સ્થળે કે સમયે શરણાગતવત્સલ હોવાથી તૈયાર છે. શરણાગતિ તે અચૂક શરત છે. તેના પ્રભાવે મનુષ્યના સર્વ દોષ નાશ પામે છે. (૨૦૬)

● ભગવાનને પ્રાપ્ત કરવા એ કઠણ કામ છે એમ માનવું તે ભૂલ છે. ભગવાનથી મનુષ્યને જરા પણ દૂરીપણું (Distance) નથી. ભગવાનના શરણે જવાની સાથે તે અપનાવી લે છે. તેના આડે આવનાર કોઈ હોય તો તે મનુષ્યનું અભિમાન છે. (૨૦૬)

● જૈન સાધુ જગતની દૃષ્ટિએ મહાન સુખી છે, કારણ કે ચોવીસે કલાક તેઓ શ્રી જિનાજ્ઞાના પાલનમાં પસાર કરે છે. શ્રી જિનાજ્ઞાપાલન એ જ સાચી પ્રભુભક્તિ છે. (૧૨૧)





# ૩

# આધારસૂત્ર

"ભક્તિ એ મનની એકાગ્રવૃત્તિ છે, અવિચ્છિન્ન પરાનુરક્તિ છે; કે જે સર્વસુખના નિધાન સ્વરૂપ પરમાત્માને પોતાનું ધ્યેય સમજી તેમાં તન્મય બને છે."

(મનની એકાગ્રવૃત્તિ તે ભક્તિ.)

- આત્મઉત્થાનનો પાયો, પૃ. ૨૬૨

# ૩ ભક્તિ : ચિત્તની એકાગ્રતા

ઉદ્ધવજી વૃન્દાવન જઈ રહ્યા છે. રથ વૃન્દાવન પહોંચ્યો. રથ પરનો રાજધ્વજ જોઈ ગોપીઓ સમજી કે શ્રીકૃષ્ણ આવ્યા હશે. ગોપીઓ રથને ઘેરી વળી. પણ, રથમાંથી તો શ્રીકૃષ્ણને બદલે, તેમના પરમ સખા ઉદ્ધવજી નીકળ્યા.

ગોપીઓ વિલખી થઈ ગઈ. ઉદ્ધવજીએ આ જોયું. ઉદ્ધવજી જ્ઞાનિપુરુષ છે. ગોપીઓ ભક્તહૃદયા છે. ઉદ્ધવજી ગોપીઓની ભક્તિને પ્રીછી શકતા નથી. કહ્યું ઉદ્ધવજીએ : 'શું

કૃષ્ણ, કૃષ્ણ લઈને મંડી પડી છો ? તમે તમારા કામમાં લાગો. શ્રીકૃષ્ણ એમના કામમાં છે.'

ગોપીઓએ કહ્યું : 'ઉદ્ધવજી ! તમો જ્ઞાનિપુરુષ છો. તમારી પાસે દશ-વીશ મન હશે. અમારી પાસે એક જ મન હતું અને એ શ્રીકૃષ્ણમાં લીન થઈ ગયું છે. અમે શું વિચારીએ ? શું કરીએ ?'

●●●

મન પ્રભુને સોંપવું; મનની એકાગ્રતા; પૂજ્યપાદશ્રીજી તેને ભક્તિ કહે છે.

એકાગ્રતા શબ્દ બહુ મઝાનો છે. એકમાં અગ્રગામી બનવું, એકમાં ડૂબી જવું તે એકાગ્રતા. અહીં આપણે એકાગ્રતાના બે પ્રકારો કલ્પી શકીએ : સાધન એકાગ્રતા, સાધ્ય એકાગ્રતા.

સાધ્ય એકાગ્રતાના બે લય થશે : એક ભક્તનો લય, એક સાધકનો. ભક્તના લયમાં : પરમચેતનામાં ડૂબી જવું તે સાધ્ય એકાગ્રતા. પરમચેતના સાથે પોતાની ચેતનાનું અનુસન્ધાન. સાધકના લયમાં : પોતાની નિર્મળ ચેતનામાં ડૂબવું તે સાધ્ય એકાગ્રતા.

આ સાધ્ય એકાગ્રતાના માર્ગો તે સાધન એકાગ્રતા.

●●●

ભક્તિ એટલે મન પ્રભુને સોંપવું. ઉપયોગનું પ્રભુગુણો પર કે પ્રભુસ્વરૂપ પર જવું તે ભક્તિ. તો, ભક્તની એક જાગૃતિ હશે કે તે તેના ઉપયોગને પરમાં નહિ જવા દે.

મન પ્રભુને સોંપવું તે ભક્તિ. વાત મઝાની. પરંતુ કયું મન પ્રભુને સોંપવાનું ?

મોટા મોટા વિભાગો કરીએ તો જાગૃત મન, અર્ધજાગૃત મન, અજાગૃત મન (કૉન્શિઅસ માઈન્ડ, સબ કૉન્શિઅસ માઈન્ડ, અન્કૉન્શિઅસ માઈન્ડ) એવા ત્રણ વિભાગો મનના પડે.

ઘણીવાર શું થતું હોય છે કે જાગૃત મન પ્રભુને સોંપી દેવાય; એમાં પ્રભુની આજ્ઞાનો વાસ હોય; અજાગૃત મનમાં અનાદિના સંસ્કારો જ સ્થિર હોય.

આપણો આ અનુભવ હોય છે કે દોઢ-બે કલાક ભક્તિધારામાં રહ્યા. હૃદય ભીનું બન્યું. દેરાસરેથી બહાર નીકળાયું. નિમિત્ત મળતાંની સાથે, પેલી ભીનાશ છૂ થઈ જાય છે અને રાગ-દ્વેષની ધારા ચાલુ થઈ જાય છે.

આવું કેમ બન્યું ?

ભક્તિધારામાં જ્ઞાત મન ઊતર્યું; તે ભીનું પણ થયું; પરંતુ અજાગૃત મનમાં, આપણી ભાષામાં કહીએ તો, અસ્તિત્વના સ્તર પર એ ભક્તિધારા ગઈ નહોતી.

ભોંયરામાં, વરસાદના સમયે, ભેજ આવતો હોય ત્યારે આવી ઘટના ઘટે છે : ભોંયરું સાફ કર્યું. કોરું કર્યું. થોડીવાર થશે ને અંદરથી પાણી/ભેજ ટપકશે. ભોંયરું ભીનું થઈ જશે.

●●●

તો, અસ્તિત્વના સ્તર સુધી ભક્તિ ઊતરવી જોઈએ. માત્ર જાગૃત મનના સ્તર પર આવીને તે અટકી ન જાય તે જોવું જોઈએ.

હું ઘણીવાર કહેતો હોઉં છું : તમે સાધનાને શરીરના સ્તર પર - ક્રિયાના સન્દર્ભમાં - ઉતારો, શ્રવણેન્દ્રિયના સ્તર સુધી પણ એને લઈ જાવ; અરે, અનુપ્રેક્ષા કરીને તમે જાગૃત મન સુધી સાધનાને ઉતારો; પણ વિષય-કષાય ક્યાં છે ? એ છે અસ્તિત્વના સ્તર પર. એ અનુભૂતિનો વિષય છે. ધર્મ માત્ર શબ્દ કે ચિન્તનનો વિષય બને; અનુભૂતિ એની ન હોય તો કેમ ચાલે ?

મહામહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે, એથી જ, પરમતારક શ્રી શીતલનાથ પ્રભુની સ્તવનામાં કહ્યું : 'વિષય લગન કી અગન બૂઝાવત, તુમ ગુણ અનુભવ ધારા...' અનાસક્તિનો અનુભવ થયો, તો આસક્તિ ક્યાં રહેશે ?

●●●

અનુભવને હસ્તગત કરવા માટેની વિધિ બતાવતાં કુમારપાળ મહારાજાએ 'આત્મનિન્દા દ્વાત્રિંશિકા'માં કહ્યું : 'कदा त्वदाज्ञा करणाप्ततत्त्वः...' પ્રભુ ! આજ્ઞાપાલનના આનંદમાં ઝૂમીને ક્યારે હું આપ્તતત્ત્વ બનીશ ? આપ્તતત્ત્વતા એટલે આત્મતત્ત્વ આદિની અનુભૂતિ.

જ્ઞાત-તત્ત્વતા એટલે જ્ઞાત મન દ્વારા, બુદ્ધિના સ્તર પર તત્ત્વોને સમજવા. આપ્ત-તત્ત્વતા એટલે આત્મતત્ત્વનો સાક્ષાત્કાર.

આ સાક્ષાત્કાર, અનુભૂતિ માટેનો માર્ગ છે આજ્ઞાપાલનનો આનંદ...

●●●

સુખની અનુભૂતિ પદાર્થો કે વ્યક્તિઓના સંયોગથી મળે છે ત્યારે એને રતિ કહેવાય છે. જ્યારે એ અસંયોગજન્ય સુખાનુભૂતિ હોય છે ત્યારે આનંદ નામની સંઘટના વિસ્તરે છે.

આજ્ઞાપાલનની ક્ષણોમાં, સમિતિ-ગુપ્તિના પાલનની ક્ષણોમાં કે જ્ઞાતાભાવની ક્ષણોમાં, તમે તમારા સ્વરૂપ સાથે જોડાવ છો; તેથી પરનો સંયોગ ત્યાં નથી.

●●●

જ્ઞાતતત્ત્વતામાં જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ હોય છે. આપ્તતત્ત્વતામાં મોહનીય કર્મનો ક્ષયોપશમ હોય છે.

મોહનીય કર્મના ક્ષયોપશમ માટે જોઈશે પ્રભુવચનો પરનો તીવ્ર આદર. પ્રભુ પરનો, પ્રભુવચનો પરનો આદરભાવ અહંકારને શિથિલ કરશે. એ રીતે મોહનીય કર્મનો ક્ષયોપશમ થયા કરશે.

પાલીતાણામાં પૂજ્યપાદ, સાધનામૂર્તિ પંન્યાસપ્રવરશ્રી અભયસાગરજી મહારાજ સાહેબને એક ચાતુર્માસમાં ખૂબ સાંભળેલા. તેઓશ્રી વારંવાર સાધુ-સાધ્વીજીઓને ઉદ્દેશીને કહેતા : જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ કરતાં મોહનીયનો ક્ષયોપશમ, સાધનામાર્ગે આગળ વધવા માટે, જરૂરી છે.

પોતાની વાતને સમર્થિત કરતાં તેઓશ્રી કહેતા : એક મહાત્માનો ક્ષયોપશમ સારો છે. રોજની સો ગાથાઓ તેઓ કંઠસ્થ કરી શકે છે. સરસ. પણ આ બુદ્ધિ-પાટવનો કે સ્મૃતિપાટવનો અહંકાર આવી ગયો તો...?

●●●

પ્રભુવચનો પરના આદરથી મોહનીયનો ક્ષયોપશમ. મોહનીયના ક્ષયોપશમથી આપ્તતત્ત્વતા. અને, આત્માનુભૂતિ તરફની યાત્રા શરૂ.

અનુભૂતિ.

અસ્તિત્વનું સ્તર અહીં પકડાયું.

પૂજ્યપાદશ્રીજી આ સ્તરે ભક્તિને ઉતારવાની વાત કરે છે. 'ભક્તિ એ મનની એકાગ્રવૃત્તિ છે, અવિચ્છિન્ન પરાનુરક્તિ છે.'

અવિચ્છિન્ન પરાનુરક્તિ - અખંડ ભક્તિ એટલે શું ? તમારો ઉપયોગ સ્વમાં હોય તે જ અખંડ ભક્તિ. અને ત્યાં ઉપયોગ માત્ર એકમાં, સ્વમાં ડૂબી ગયો. પ્રભુની આજ્ઞા સ્વમાં ઠરવાની છે.

પરમાત્માનું દર્શન કરો ત્યારે તમને પ્રભુ કંઈક કહેતા હોય એવું ક્યારેક લાગે છે ? જાણે કે પ્રભુ કહેતા હોય : હું મારા સ્વરૂપમાં સ્થિર છું, તું તારા સ્વરૂપમાં સ્થિર થઈ જા.

●●●

પ્રભુ સાથે કે સ્વરૂપ સાથે એકાગ્રતા એટલે વ્યક્તિત્વનું અસ્તિત્વમાં રૂપાન્તરણ. સામાન્ય મનુષ્ય પાસે એનું વ્યક્તિત્વ છે :

શરીર, નામ, અહંકાર આ બધાને ઘેરીને ઊભેલું; ભક્ત એ વ્યક્તિત્વનું અસ્તિત્વમાં રૂપાન્તરણ કરે છે. પોતાના વ્યક્તિત્વના બિન્દુને એણે પરમચેતનાના સિન્ધુમાં વિલુપ્ત કર્યું.

અત્યાર સુધી આપણે બચી બચીને ચાલેલા માણસો છીએ : મારું બુન્દ, મારું આ વ્યક્તિત્વનું બિન્દુ; એ ખોવાઈ ન જાય... પણ હવે ખ્યાલ આવે છે કે બિન્દુને ખોઈને પૂરા ને પૂરા સમંદરને પામવાનો છે.

કબીરજીને કો'કે પૂછ્યું : પ્રભુ જોડે મિલન થઈ ગયું ? પ્રભુ મળી ગયા ? કબીરજીની મઝાની કેફિયત છે : 'કહે કબીર મૈં પૂરા પાયા...' પ્રભુ મળ્યા એટલું જ નહિ; પ્રભુ પૂરેપૂરા મળ્યા.

જિજ્ઞાસુએ પૂછ્યું : પૂરા પ્રભુ શી રીતે મળ્યા ? કબીરજીએ કહ્યું : મારા 'હું'નું બિન્દુ 'એ'ના સમંદરમાં ભળી ગયું... બસ, આટલી જ નાનકડી વિધિ અને પૂરેપૂરા પ્રભુ મળી ગયા...

●●●

વ્યક્તિત્વનું અસ્તિત્વમાં રૂપાન્તરણ એટલે ઉપયોગનું પરમાંથી સ્વમાં જવું. ભક્તના લયમાં કહીએ તો, ઉપયોગ, મન પ્રભુને સોંપી દેવા. આને જ પૂજ્યપાદશ્રીજી ભક્તિ કહે છે. ચિત્તની પ્રભુ સાથે, પ્રભુઆજ્ઞા સાથે એકાકારતા...

પ્રભુની એક એક આજ્ઞા તમને કેવા તો સ્વમાં મૂકી દે છે !

તથાકાર સામાચારી લો.

સદ્ગુરુએ આજ્ઞા આપી. શિષ્ય એનો સ્વીકાર કરે છે. ક્યાંય કોઈ વિચાર નહિ, કોઈ વિકલ્પ નહિ; માત્ર નિર્વિકલ્પ સ્વીકાર.

આ સ્વીકાર; શિષ્યની ઈચ્છા, આગ્રહ, કૃતિત્વ, અને એ બધાની પાછળ રહેલ અહંકારના ચૂરા કરી નાખશે ને ?

તો, આજ્ઞા-સ્વીકાર તમને કેવી મઝાની તમારી દુનિયામાં લઈ જાય છે !

●●●

સદ્ગુરુએ સાંજે બે શિષ્યોને કહ્યું : સવારે તમારે વેયાવચ્ચ માટે અમુક ગામ જવાનું છે. શિષ્યોએ ગુરુઆજ્ઞાનો સ્વીકાર કર્યો. સવારે તેઓ તૈયાર થઈને આવ્યા. ગુરુને વન્દના કરી. પૂછે છે : ગુરુદેવ ! આપે ફરમાવેલું તે રીતે અમે જઈએ ?

ગુરુ ના પાડે છે. શિષ્યો ગુરુની 'ના'નો પણ પ્રેમથી સ્વીકાર કરે છે. આ સ્વીકાર એવો નિર્વિકલ્પ છે કે મનમાં કોઈ જ વિકલ્પ ઊઠતો નથી કે ગુરુદેવે અમને કેમ ના પાડી ?

એવું પણ બની શકે કે એમને ના પાડ્યા પછી બીજા બે શિષ્યોને ગુરુદેવ આજ્ઞા કરે અને તે સ્થળે મોકલે.

પેલા બે શિષ્યો માત્ર ગુરુની 'ના'નો સ્વીકાર કરી પોતાના આસને જઈ સ્વાધ્યાય આદિ શરૂ કરે.

કેવી મઝાની આ સામાચારી !

ગુરુની ના પાડવાની વાતની પાછળ ઘણાં કારણો હોઈ શકે. બની શકે કે ગુરુ આ શિષ્યોનું સમર્પણ ચકાસવા માગતા હોય. અથવા

તો એવો વિચાર આવ્યો હોય કે જે સ્થળે વેયાવચ્ચ માટે - ગ્લાન મુનિની સેવા માટે - તેમને મોકલવા છે, તે માટે આ બે કરતાં બીજા શિષ્યો જાય તે બરોબર છે... કોઈપણ વિચાર હોય; પણ એ વિચાર ગુરુદેવના પક્ષે; શિષ્યના પક્ષે તો નિર્વિકલ્પ સ્વીકાર જ હોય.

●●●

'ભક્તિ એ મનની એકાગ્રવૃત્તિ છે...' આવું જ્યારે પૂજ્યપાદશ્રીજી કહે છે ત્યારે તેનો અર્થ - અશબ્દ વાચનામાં - એ નીકળે છે કે સાધકના, ભક્તના ઉપયોગનું અનુસન્ધાન પ્રભુ સાથે હોવું જોઈએ. તમારો ઉપયોગ માત્ર ને માત્ર પ્રભુમય હોય.

આ પ્રભુમયતા - પ્રભુ સાથે એકાકાર થઈને રહેવાની ક્ષણો બે રીતે મળે. તમે વેયાવચ્ચ, જાપ આદિ શુભ ક્રિયામાં છો ત્યારે તમે પ્રભુનાં પ્યારાં પ્યારાં વચનો સાથે, પ્રભુની આજ્ઞા સાથે છો. અને સ્વરૂપાનુભૂતિ કે સ્વગુણાનુભૂતિ રૂપ શુદ્ધ ક્ષણોમાં છો ત્યારે 'તું તારામાં સ્થિર થા !' રૂપ પ્રભુની જ આજ્ઞાની સાથે છો.

શુભમાંથી શુદ્ધમાં આપણને કેવા તો ઊંચકે છે પ્રભુ !

●●●

આપણા યુગના શ્રેષ્ઠ સાધક ઋષભદાસજીએ પોતાની સાધનાના આનંદની કેફિયત આપતાં કહેલું : એક ખમાસમણ દઉં છું અને એટલો આનંદ ભીતર છલકાય છે કે વિમાસણ થાય કે નાનકડું હૃદય આ આનંદને ઝીલી શકશે કે કેમ. કદાચ તેમનું અન્તસ્તર પ્રભુને આ રીતે સ્તવતું હશે એ ક્ષણોમાં : પ્રભુ ! મેં તો

તને વન્દન કર્યું. મારા તરફથી કહું તો મારું મસ્તક કદાચ ઝૂક્યું તને. પરંતુ તેં જે ભાવ આપ્યો એ ક્રિયા વખતે, તેથી, મારું મન ઝૂક્યું; મારું હૃદય ઝૂક્યું, મારું પૂરું અસ્તિત્વ ઝૂક્યું. પ્રભુ ! એ તારી જ કૃપા છે.

નાનકડી ક્રિયા. અહોભાવ. પ્રભુની કરુણા અને શુદ્ધમાં છલાંગ !

તમે અહોભાવની ક્ષણોમાંય છો પ્રભુમય. શુદ્ધની ક્ષણોમાંય છો પ્રભુમય. ભક્તિની અખંડ ધારા તમારી ચાલ્યા કરે.

●●●

આ અખંડતાની વાત કરું. મુનિ વહોરવા જાય ત્યારે તો ભક્તિનો વિચાર છે કે બીજા મુનિઓની આહાર આદિ દ્વારા હું ભક્તિ કરીશ અને એથી એ સમય તો પ્રભુમયતાનો ગણાય જ. પણ મુનિની વાપરવાની ક્ષણોને પણ પ્રભુમયતામાં ગણવામાં આવી. અને મુનિ સૂઇ જાય તો એ ક્ષણો શેમાં ગણાશે ?

નિશ્ચિત, પ્રભુમયતામાં જ.

કારણ કે મુનિનું શરીર શ્રાન્ત થયું છે; આરામ મળ્યા પછી મુનિ વધુ વેગથી સાધના કરશે.

આમ જુઓ તો, મુનિ ક્યાં સૂએ છે ? સૂએ છે એમનું શરીર. કારણ કે એ થાકેલું છે. જાગૃત મન પણ થાકે છે. તો તેને પણ સુવાડી દેવાય. ઉપયોગને, નિદ્રાની ક્ષણોમાં પણ, જાગૃત રાખી શકાય છે. અને તેથી જ, સંથારા-પોરિસીના સૂત્રમાં કહેવામાં આવ્યું : 'अतरंत पमज्जए भूमिं...' પડખું બદલવાનું છે, મુનિની

કાયા સૂતેલી છે; ઉપયોગ જાગૃત છે. ઓઘાથી પડખું ફેરવવાની જગ્યાએ પ્રમાર્જના થાય અને પછી પડખું બદલાય.

અત્યારની ભાષામાં આને કૉન્શિઅસ સ્લીપ - હોશપૂર્વકની નિદ્રા કહેવામાં આવે છે.

●●●

નિદ્રામાં હોશ શી રીતે ઊતરે ? આપણી પાસે ત્રણ અવસ્થા છે : જાગરણ, સ્વપ્ન, નિદ્રા. આપણું તથાકથિત જાગરણ અને સ્વપ્નદશા બેઉમાં વિકલ્પોની ભરમાર હોય છે. નિદ્રામાં હોશ ચુકાયેલ હોય છે.

ચોથી અવસ્થા છે ઉજાગર. એ તેરમા ગુણઠાણે મળે છે. પણ એની આછીસી ઝલક તમે મેળવી શકો. વિકલ્પવિહીન જાગૃતિ (સ્વગુણસ્થિતિ યા સ્વરૂપસ્થિતિ)ને આપણા સ્તર પરનું ઉજાગર આપણે કહી શકીએ.

હવે એ ઉજાગરના નાનકડા અંશને તમારી જાગૃતિમાં ભેળવો. વિકલ્પો પાંખા થઈ જશે. જ્ઞાતાભાવ આદિ પ્રબળ રીતે ઝંકૃત થઈ ઊઠશે. જાગૃતિ પછી તમારી સ્વપ્નદશામાં અને પછી તમારી નિદ્રામાં તમે ઉજાગરના અંશને ભેળવી શકો.

નિદ્રામાં ઉજાગર ભળી એટલે કૉન્શિઅસ સ્લીપ મળી.

શિવસૂત્ર કહે છે : 'त्रिषु चतुर्थं तैलवदासेच्यम्...' ત્રણ અવસ્થાઓમાં ચોથીને, ઉજાગરને ભેળવવી.

●●●

તો, ઉજાગરને જેણે નિદ્રામાં ભેળવી છે તેવા મુનિ સૂઈ જશે, એ પણ પ્રભુની ભક્તિ જ થશે. પ્રભુની આજ્ઞાપૂર્વક જ તેઓ સૂતા છે. અને આમ, મુનિની ચોવીસ કલાકની અખંડ ભક્તિ ચાલુ રહેશે. અખંડ પ્રભુમયતા.

પ્રભુમયતા. પ્રભુ સાથે એકાકાર થઈને રહેવાની ક્ષણો. પૂજ્યપાદશ્રીની પરાવાણી કાનમાં ગુંજે છે : ભક્તિ એટલે મનની એકાગ્રવૃત્તિ, અવિચ્છિન્ન પરાનુરક્તિ.

• • •

## સંદર્ભ સૂત્ર - ૩

● ભક્તિયોગ એટલે ભાવ આપવો. ભાવ આપવો એટલે હૃદય સોંપવું, હૃદયના સિંહાસન પર ઈષ્ટને પ્રતિષ્ઠિત કરવા. **(આત્મઉત્થાનનો પાયો. પૃ. ૧૨૧)**

● જ્યાં ચેતના નિર્વિષય, નિર્વિચાર, નિર્વિકલ્પ છે, ત્યાં જે અનુભવ થાય છે, તે જ સ્વયંનો, આત્મતત્ત્વનો સાક્ષાત્કાર છે. (૨૦)

● ધર્મ એ તર્કનો વિષય નથી. કારણ કે, ધર્મ કોઈ વિચાર નથી. વળી ધર્મ વિચારની અનુભૂતિ પણ નથી, કિંતુ નિર્વિચાર ચૈતન્યમાં થયેલો બોધ છે. (૯૦)

● પૂર્ણ થવાની જેને ચિંતા લાગી છે, તે ભૌતિકતાથી રિક્ત અને શૂન્ય બની જાય છે. જે શૂન્ય બને છે તે પૂર્ણને પામે છે; અને આધ્યાત્મિક રીતે પૂર્ણતા સિદ્ધ કરે છે. (૯૧)

● ઊંચે ચઢવું હોય તેને ભાર રહિત થવું જોઈએ. પરમાત્મતત્ત્વ સુધીની અંતિમ ઊંચાઈએ પહોંચવાનું કાર્ય કરવું હશે તેને શૂન્યની પરાકાષ્ઠાએ પહોંચવું જ પડશે. (૨૦)

● 'હું બિંદુ નહિ, પણ સિંધુ છું' એ સત્યને સાર્થક કરવા માટે આપણે પૂર્ણમાં વિલીન થવું પડશે, કારણ કે સાચો વિરામ પૂર્ણમાં છે. (૯૧)

● ....'હું'નો પક્ષ છોડીને પ્રભુના જ પક્ષકાર બનવું જોઈએ. પ્રભુ પ્રેમના સમુદ્રરૂપે સર્વત્ર બિરાજે છે. મનને તેમાં નિમગ્ન રાખવાથી સઘળો રાગ વૈરાગ્યમાં બદલાઈ જાય છે અને અપૂર્વ શાંતિ અનુભવાય છે. (૨૧૩)

● જે કાંઈ કરીએ તે, આજ્ઞાપાલનના ઉદ્દેશપૂર્વક કરવાની જાગૃતિ કેળવવી જોઈએ. દરેક કાર્યમાં વચ્ચે શ્રી તીર્થંકર પરમાત્મા આવવા જોઈએ. પરમાત્માના ધ્યાનનું આલંબન ક્રિયા દ્વારા સાંપડે છે, માટે ક્રિયા કરવા યોગ્ય છે. શ્રી તીર્થંકર દેવની આજ્ઞાના પાલનની બુદ્ધિથી જે કાંઈ કરીએ છીએ, તે બધું ધ્યાન છે. (૧૨૨)

● શાસ્ત્રોક્ત સર્વ અનુષ્ઠાનો આત્માના પૂર્ણ શુદ્ધસ્વરૂપ પરમાત્માના ધ્યાનમાં તન્મય બન્યા વિના પ્રાપ્ત થઈ શકતાં નથી. શ્રી અરિહંત પરમાત્માના નામસ્મરણ, મૂર્તિદર્શન, ગુણચિંતનાદિ દ્વારા અને અસંયમત્યાગ અને સંયમસેવનરૂપ તેમની આજ્ઞાના પાલન દ્વારા તેમના ધ્યાનમાં એકાગ્ર બનવાથી પ્રગટે છે. અનુક્રમે તેમના ધ્યાનમાં લયલીન બની આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવો એ જ સર્વ આગમોનું પરમ રહસ્ય છે. (૩૭૦)





# ૪

# આધારસૂત્ર

સમર્પણભાવપૂર્વક ચિત્તને એક સ્થાને જોડવું, તે ભક્તિયોગ છે.

- આત્મઉત્થાનનો પાયો, પૃ. ૨૬૪

# ૪ ભક્તિ : સમર્પણપૂર્વકની એકાગ્રતા

એક ભક્તે મને પૂછેલું : સમર્પણ તો કેટલું અઘરું છે ! આપણું જે બધું છે, તે પ્રભુને કેમ સોંપવું ?

મેં હસતાં, હસતાં જવાબ આપેલો : તમારી પાસે શું શું છે એની સૂચિ બનાવો પહેલાં. ધન તો પુણ્યને કારણે મળ્યું છે. તે ક્યારે જતું પણ રહેશે એ તમને ખ્યાલ નથી. હવે બાકી રહ્યાં શરીર અને મન. લક્સ અને લિરિલથી નવડાવો તોય ગંદું થઈ જનારું શરીર અને રાગ, દ્વેષ, અહંકારથી ખદબદતું મન. તમારી પાસે છે શું આથી વધુ ?

પછી, મેં હળવાશથી ઉમેર્યું : આ જ શરીર અને મન તમે પ્રભુને સોંપો તો પ્રભુ તમને મોક્ષ આપે અને એ બન્ને પર રાગદશા તમે રાખો તો દુર્ગતિ સામે દેખાય.

પૂછ્યું એ ભાવકને મેં : હવે બોલો, સમર્પણ અઘરું છે ? હકીકતમાં, કચરો આપીને સોનું મેળવવાની અહીં વાત છે. વિભાવશૂન્ય બનીને સ્વભાવપૂર્ણ બનવું.

●●●

પૂજ્યપાદશ્રીજી મઝાનું સૂત્ર આપે છે : ‘સમર્પણભાવપૂર્વક ચિત્તને એક સ્થાને જોડવું, તે ભક્તિયોગ છે.’ વિભાવોને દૂર કરીને ચિત્તને પ્રભુમાં / પ્રભુગુણોમાં સ્થાપિત કરવું અને એ રીતે સ્વગુણોની / સ્વરૂપની ધારામાં જેનાથી વહી શકાય તે ભક્તિ.

●●●

મનની એકાગ્રવૃત્તિ તે ભક્તિ આવું સૂત્ર પૂજ્યપાદશ્રીજીએ આપેલું છે. એ સૂત્રમાં મઝાનું ઉમેરણ આ સૂત્ર દ્વારા થાય છે : સમર્પણભાવપૂર્વક ચિત્તને એક સ્થાને જોડવું, તે ભક્તિયોગ.

એકાગ્રતાના કારણ તરીકે અહીં સમર્પણને મૂકવામાં આવેલ છે. શરીર આદિ પરતત્ત્વો પરની મારાપણાની બુદ્ધિ જ પ્રારંભિક સાધકના ચિત્તને એકાગ્ર બનવા દેતી નથી.

સમર્પણ એટલે વિભાવશૂન્યતા. એ પછીની એકાગ્રતા પ્રભુના ગુણો કે સ્વરૂપ પ્રત્યેની, સ્વગુણ અને સ્વરૂપની પ્રાપ્તિ તરફ સાધકને અગ્રેસર બનાવશે.

●●●

ભક્તિ કઈ રીતે કામ કરે છે ? એની હૃદયંગમ પ્રસ્તુતિ પૂ. દેવચન્દ્રજી મહારાજ આપે છે. ભક્તિ સાધકને વિભાવશૂન્ય બનાવીને સ્વભાવપૂર્ણ બનાવી શકે છે અને સ્વભાવપૂર્ણ બનાવીને વિભાવશૂન્ય બનાવી શકે છે. પરમતારક ઋષભદેવ પ્રભુના સ્તવનમાં આ વાત 'તોડ-જોડ'ના સિદ્ધાન્ત રૂપે આવી. પ્યારા શબ્દો છે ત્યાંના : 'પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ...' પરપદાર્થો, પરવ્યક્તિઓ આદિ સાથે અનંતકાળથી પ્રીતિની ધારા જે ચાલી આવી છે, તેને તોડી શકે, તે પ્રભુપ્રીતથી પોતાની જાતને જોડી શકે.

શબ્દ-વાચનામાં તોડ-જોડનો સિદ્ધાન્ત જ આવ્યો છે. પરંતુ અશબ્દ-વાચનામાં જોડ-તોડની વાત ઊભરી શકે. પ્રભુ સાથે પ્રીતિની ધારામાં જે બંધાઈ ગયો; એને માટે પર-પ્રીત ક્યાં રહેવાની ?

સાધક માટે તોડ-જોડનો સિદ્ધાન્ત, ભક્ત માટે જોડ-તોડનો સિદ્ધાન્ત.

●●●

ભક્તિને હું ભાગાકાર કહું છું. સોળની રકમ છે, તમે ચારથી એને ભાગો છો. એક કર્ણ પર ચાર, બીજા કર્ણ પર ચાર, સોળની રકમ શૂન્યમાં પલટાઈ જશે ને !

આપણને વિભાવશૂન્ય બનાવવા માટેય સદ્‌ગુરુની કરુણા કેવી !

અને, અઢારની રકમ હોય તો...? ચોકો ચોકો સોળ. પણ વદ્દી આવે બે... શૂન્ય ન આવ્યું. ગુરુની કરુણા તો જુઓ ! ઉપરથી મીંડું ઉતારી, ગમે તે રીતે શૂન્ય સુધી તે સાધકને લઈ જશે.

સોળ કે અઢારની રકમ તે તમે. એક બાજુ પ્રભુ. એક બાજુ ગુરુ. તમે સેન્ડવિચ થઈ જ જાવ ને !

●●●

આપણને વિભાવશૂન્ય બનાવવા માટે સદ્ગુરુની કરુણા કેટકેટલી રીતે અવતરે છે ! પૂજ્ય આનંદઘનજી મહારાજ કહે છે : ‘ગુરુ મોહે મારે શબ્દ કી લાઠી, ચેલે કી મતિ અપરાધિની નાઠી...’ ગુરુ શબ્દની લાકડી લગાવે અને શિષ્યના વિકલ્પો ખરી પડે.

પણ, એ શબ્દની લાકડી લગાવવા માટે ગુરુને કેટલા બહાર આવવું પડે છે એ આપણે જાણીએ તો આપણી આંખો આંસુભીની થયા વગર રહે નહિ.

પ્રભુના ગુણોના અનુપ્રેક્ષણ અને આંશિક અનુભવની ધારામાં રહેલ સદ્ગુરુને શિષ્યનું સ્ખલન/અપરાધ જોઈને કેવું દર્દ થતું હશે તે કલ્પી શકાય.

ક્યાં ગુણોની એ શીતળતાની ધારા ! ક્યાં દોષોની આ ગરમી !

પ્રભુના ગુણોથી હૃદય એ હદે વાસિત થયું હોય કે બીજી વાસના, બીજો રંગ એ હૃદય પર ચડી ન શકે.

આ હદે હૃદય પ્રભુગુણવાસિતતા વડે ઓતપ્રોત હોય ત્યારે, કરુણાના કારણે, શિષ્યના દોષોને જોવા પડે એ કેટલું અઘરું થઈ પડે !

સાધક તરીકે, શિષ્ય તરીકે આપણે એ ક્ષણોની કલ્પના કરી શકીએ. નાણીને, માણીને, ચકાસીને લીધેલ શિષ્યમાં, કર્મયોગે, કોઈ દોષ દેખાય ત્યારે ગુરુમાને જે દર્દ થાય છે તેમાં વહાલ પણ ભારોભાર પડેલું છે. 'આને આવું કેમ થયું ?' દીકરાને ભયંકર રોગ થયો છે એ સમાચારે મા ચિન્તાતુર થઈ બને તેવી રીતે ગુરુમાને ચિન્તા થાય છે.

અને પછી, ગુરુની કરુણા શિષ્યને દોષમુક્ત બનાવવા માટે સક્રિય બને છે.

વિભાવોથી સદ્‌ગુરુ આપણને ખાલી કરતા જાય. સ્વભાવથી પરિપૂર્ણ આપણે બની શકીએ એ માટેનું માર્ગદર્શન સતત આપ્યા કરે.

●●●

પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ પરમતારક શ્રી સુમતિનાથ પ્રભુની સ્તવનામાં સ્વભાવદશાને પામવાનો એક મઝાનો માર્ગ બતાવે છે :

તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી,
ઊપજે રુચિ તેણે તત્ત્વ ઈહે;
તત્ત્વરંગી થયો, દોષથી ઊભગ્યો,
દોષ ત્યાગે ઢળે તત્ત્વ લિહે...

સાત ચરણોવાળો મઝાનો આ માર્ગ છે : (૧) પ્રભુની શુદ્ધતાને જોઈ આશ્ચર્ય ઊપજે છે. (૨) એ આશ્ચર્ય રુચિમાં / ગમામાં

ફેરવાય છે. (૩) દેખીતી રીતે જ, ગમવું પ્રગાઢ રૂપે થશે ત્યારે નિર્મલ ચૈતન્યને પામવાની ઝંખના ઉદિત થશે. (૪) ઝંખના પૂરા અસ્તિત્વને હવે આવરી લે છે. સાધકની ચેતના નિર્મલ ચૈતન્ય તત્ત્વને પામવાની પ્રગાઢ ઝંખનાથી પૂરેપૂરી રંગાઈ જાય છે. (૫) દોષો અહીં તીવ્રતાથી ડંખે છે. (૬) દોષો છૂટે છે અને (૭) નિર્મલ ચૈતન્યનો આસ્વાદ મળવો શરૂ થાય છે... આશ્ચર્યથી આસ્વાદ સુધીની આ યાત્રા...

આ સાતે ચરણોને જોઈએ.

●●●

પહેલું ચરણ : 'તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્ય...' પ્રભુની આ નિર્મલ દશાને જોઈને આશ્ચર્ય થાય છે : શું આવું સ્વરૂપ હોઈ શકે ?

વર્ષો પહેલાં આબૂ-દેલવાડા તીર્થની યાત્રાએ જવાનું થયું. દેલવાડાના ઉપાશ્રયમાં ઉપધિ મૂકી. મેં મુનિવરોને કહ્યું : હું દર્શન-ચૈત્યવન્દન કરી આવું. નવકારસી પારી દવા લઈ આપણે બધા દર્શન માટે જઈએ. ખ્યાલ હતો કે બાર વાગ્યા સુધી માત્ર દર્શનાર્થીઓને જ પ્રવેશ હોય છે, એટલે આરામથી બાર વાગ્યા સુધી દર્શન કરીશું.

મુનિવરો ગોચરી-પાણી લાવવામાં રોકાયા. હું દેરાસરે ગયો. દેરાસર બાજુમાં જ. મને થયું કે ૧૫-૨૦ મિનિટમાં તો હું આવી જઈશ.

દેલવાડા તીર્થની પહેલીવારની મારી આ યાત્રા... વિમલ-વસહિમાં ગયો. પ્રદક્ષિણા પથ ફરીને પ્રભુ આગળ ચૈત્યવન્દના કરવાની હતી.

પ્રદક્ષિણા પથમાં ફરવાનું શરૂ કર્યું. પહેલી દેરી પાસે ગયો. શું પરમાત્માનું રૂપ ! બીજી દેરીએ જતાં જ પાંચ મિનિટ થઈ ગઈ. પછી તો હાલત એ થઈ કે પગ થંભી ગયા. આંખો પ્રભુરૂપ જોવામાં લીન...

અર્ધા કલાકે પ્રદક્ષિણા પથ પૂરો નહોતો થયો. મુનિવરો રાહ જુએ ઉપાશ્રયે : સાહેબ કેમ ન આવ્યા ?

પ્રભુરૂપમાં ડૂબવાનો આ મઝાનો અવસર એ વખતે મળેલો...

●●●

પૂજ્યપાદ ઉદયરત્નજી મહારાજે પ્રભુના એ અદ્‌ભુત રૂપને શબ્દોમાં બાંધવાનો મઝાનો પ્રયાસ કર્યો છે :

‘તારી મૂરતિનું નહિ મૂલ રે,
લાગે મને પ્યારી રે;
તારી આંખડીએ મન મોહ્યું રે,
જાઉં બલિહારી રે...

ત્રણ ભુવનનું તત્ત્વ લહીને, નિર્મળ તું હિ નિપાયો;
જગ સઘળો નીરખીને જોતાં, તારી હોડે કો નહિ આયો રે...’

જાણે કે ત્રણે જગતની નિર્મળતાને પ્રભુના રૂપમાં એકઠી કરવામાં આવી છે !

એ રૂપને જોતાં તૃપ્તિ તો થવાની જ નથી.

'જ્યોતિસ્વરૂપી તું જિન દીઠો, તેને ન ગમે બીજું કાંઈ;
જિહાં જઈએ ત્યાં પૂરણ સઘળે, દીસે તુંહિ જ તુંહિ રે...'

●●●

શિવસૂત્રનું એક સૂત્ર છે : विस्मयो योगभूमिका । વિસ્મય. આશ્ચર્ય. યોગની એ ભૂમિકા. યોગનું એ પ્રવેશદ્વાર.

વિસ્મય શું કરે?

મનને સ્તબ્ધ કરે. અચાનક આવી પડેલી ઘટનાથી મન સ્તબ્ધ થાય અને તમારી યાત્રા શરૂ થાય.

ગુરુઓ તમારા મનને બાજુમાં ખેરવવા ઘણી રીતો અજમાવતા હોય છે.

ઝેન કથા યાદ આવે છે.

ગુરુની ચેમ્બરમાં શિષ્ય ગયો. જઈને તેણે પૂછ્યું : ભગવાન બુદ્ધના ચહેરા પર કેવો પ્રશમ ભાવ રેલાતો હશે ?

ગુરુ પાટ પર બેઠેલા. બાજુમાં મોટી બારી હતી. તેમણે શિષ્યને બોચીથી પકડી બારીથી બહાર ફેંક્યો. નીચે, રેતમાં શિષ્ય પડ્યો. રેત હોવાને કારણે વાગે તેમ નહોતું. પણ આકસ્મિક આ ક્રિયાથી મન બહેર મારી ગયું. 'સદ્ગુરુ આમ કરે ? આ રીતે ફેંકે ? અપ્રત્યાશિત ઘટના...'

શિષ્ય નીચે સૂતેલો છે રેતમાં. ગુરુ એ વખતે બારીમાંથી ડોકિયું કરે છે. પૂછે છે શિષ્યને : ભગવાન બુદ્ધના ચહેરા પર કેવી શાન્તિ છવાયેલી હોય તેનો ખ્યાલ આવ્યો ?

શિષ્યે પ્રસન્નતાપૂર્વક હા પાડી.

શું થયેલું ?

શિષ્ય જ્યારે પૂછતો હતો ત્યારે એ મનની એ સ્થૂળ ભૂમિકા પર હતો, જ્યાંથી એ બુદ્ધના પ્રશમનું અનુમાન કરી શકે તેમ નહોતો. કુતૂહલની ભૂમિકા હતી પ્રશ્નની.

ગુરુ એ મનને બાજુમાં મૂકવા માગતા હતા. જેથી શિષ્ય ખરેખર બુદ્ધના સ્વરૂપનું / તેમના પ્રશમનું અનુમાન કરી શકે. શિષ્યનું મન બાજુમાં સરી પડેલું અને એ વખતે ગુરુએ પોતાનો ચહેરો એને બતાવ્યો. એ ચહેરા પરનો પ્રશમરસ જોતાં ખ્યાલ આવ્યો શિષ્યને કે ગુરુના ચહેરા પર આવો પ્રશમભાવ હોય તો ભગવાનના ચહેરા પર તો કેવો દિવ્ય એ ભાવ હોય !

●●●

એક આડવાત આ ઘટનાની મઝાની છે. ગુરુએ શિષ્યને પટક્યો. ગુરુને એ ખ્યાલ હતો કે શિષ્યનું શિષ્યત્વ પરિપક્વ છે. અને એટલે પટકાવાને કારણે એને સહેજ પણ ગુરુ પ્રત્યે અશ્રદ્ધાનો ભાવ કે બીજો ભાવ ઊપજવાનો નહોતો.

તમારા શિષ્યત્વ પર ગુરુની આ શ્રદ્ધા... બસ, તમારું કામ પૂરું. હા, શરૂ નહિ, પૂરું. એટલે હું ઘણીવાર કહું છું ને કે તમારે

કંઈ જ કરવું નથી. તમારે માત્ર સદ્ગુરુ જે પણ તમને આપે, જે રીતે તમારા પર વરસે; સ્વીકાર કરવો છે. માત્ર સ્વીકાર. ન બુદ્ધિનું સ્તર જોઈએ, ન અહંકારનું. આ બેને મૂકીને સદ્ગુરુ પાસે આવીએ એટલે સદ્ગુરુનો પરમ સ્વીકાર થઈ રહે.

અતીતની આપણી યાત્રામાં આપણને સદ્ગુરુઓ ન મળ્યા તેમ નહિ. સદ્ગુરુઓ ટોચના મળ્યા. પણ શિષ્ય ક્યાં હતો ? સાધક ક્યાં હતો ? ત્યાં તો હતું પોતાની બુદ્ધિ પર આસ્થા રાખીને બેઠેલું વ્યક્તિત્વ. અને એ વ્યક્તિત્વ પોતાના સિવાય બીજા કોનો સ્વીકાર કરી શકે ? આપણે આપણી જાત સિવાય બીજા કોઈને ચાહ્યા નથી, બીજા કોઈનો સ્વીકાર કર્યો નથી.

●●●

મૃગાવતીજી યાદ આવે.

રાજરાણી મૃગાવતીજી પ્રભુનાં સાધ્વીજી બન્યાં. પ્રભુના સમવસરણમાં તેઓ ગયેલાં. પાછા વળતાં, ઉપાશ્રયે આવતાં થોડુંક મોડું થઈ ગયું. પ્રભુના પ્યારા પ્યારા શબ્દોનું સમ્મોહન.... સમયનો ખ્યાલ વીસરાઈ ગયો અને એ દિવસે સૂર્ય-ચન્દ્ર મૂળ વિમાને પ્રભુના દર્શનાર્થે આવેલ, એટલે પ્રકાશ ઝળાંહળાં હતો.

ઉપાશ્રયે આવી મૃગાવતીજીએ ગુરુણીજી ચન્દનાજીનાં ચરણોનો સ્પર્શ કર્યો. ચંદનાજીએ એમને આડે હાથ લીધાં : 'તમે... અને આટલું મોડું ? સાધ્વીજીથી અંધારામાં ચાલી શકાય ? શું કર્યું તમે આ ?'

મૃગાવતીજીની આંખોમાંથી ટપ્ ટપ્ કરતાંકને અહોભાવના આંસુ પડે છે. આવાં શ્રેષ્ઠ ગુરુણીજી મને મળ્યાં છે ! કેવું મારું યોગ-ક્ષેમ તેઓ કરે છે ! પશ્ચાત્તાપસભર એ અશ્રુધારા ગુરુબહુમાન વડે કેવળજ્ઞાન ભણી તેમને લઈ ગઈ. પંચસૂત્રકનું હૃદયંગમ સૂત્ર યાદ આવે : 'आयओ गुरुबहुमाणो...'

બુદ્ધિ અને અહંકાર નહોતા, માટે મૃગાવતીજી કેવળજ્ઞાની બની ગયા.

બુદ્ધિ અને અહંકારસભર કોઈ વ્યક્તિત્વ હોય તો, આવે વખતે તે ગુરુનો સ્વીકાર ન કરી શકે. એ દલીલ કરે : 'પણ આમાં મારો કયો અપરાધ ? ત્યાં પ્રકાશ અત્યંત હતો. મને અંધારાનો ખ્યાલ શી રીતે આવે ?' બુદ્ધિ આવી.

કદાચ આવું વ્યક્તિત્વ અપરાધ કરતાં પકડાયેલ હોય તોય એ કહેશે : 'તમારે કહેવું હોય તે કહો, પણ જાહેરમાં કેમ કહો છો ? મને એકાન્તમાં કહો !' અહંકાર આવી ગયો.

બુદ્ધિ અને અહંકાર આવ્યા,

સદ્ગુરુ-સમર્પણ ગયું.

●●●

સ્વભાવદશાને પામવાનાં સાત ચરણો પૈકીનું પહેલું ચરણ : 'તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્ય...' પ્રભુની શુદ્ધાવસ્થા જોઈ. આશ્ચર્ય થાય છે. શું આવી નિર્મળ દશા ચૈતન્યની હોઈ શકે ?

આશ્ચર્યને કારણે મન એકાદ ક્ષણ માટે બાજુમાં ધકેલાય છે. મન બાજુમાં ગયું, એ મહત્ત્વનો તબક્કો છે.

'સ્નાતસ્યા૦' સૂત્રના પ્રથમ શ્લોકમાં વિસ્મયને લીધે થતા પ્રભુરૂપદર્શનની મઝાની વાત આવે છે. મેરુ-અભિષેક પછી ઇન્દ્રાણીજી પ્રભુ મહાવીર દેવના મુખને લૂછી રહ્યાં છે. પ્રભુના રૂપને જોવાથી થતું વિસ્મય એમને મળે છે : વાહ ! આવું અદ્ભુત રૂપ !

એ વિસ્મય આનંદમાં પલટાય છે. મારા નાથનું આ દર્શન... હર્ષાશ્રુથી આંખો ભરાઈ જાય છે. અને પછી, મઝાની ઘટના ઘટે છે. ભીનાં નેત્રો છે ઇન્દ્રાણીજીનાં. એ ભીનાશ પ્રતિબિંબિત થાય છે પ્રભુના ચહેરા પર. પ્રભુનો ચહેરો ભીનો છે, ભીનો છે એવું એમને લાગે છે અને તેઓ વસ્ત્ર વડે પ્રભુના મુખને લૂછ્યાં કરે છે.

●●●

ઇન્દ્રાણી મા પાસે સાક્ષાત્ પ્રભુવીર હતા. તો તમારી પાસે પણ સાક્ષાત્ પ્રભુ જ છે ને ! દેરાસરમાં પ્રભુ બિરાજમાન થયેલા લાગે છે કે મૂર્તિ ?

મૂર્તિ તો ત્યાં સુધી, જ્યાં સુધી જયપુરથી આવી. પ્રાણપ્રતિષ્ઠા થયા પછી તો તે ભગવાન જ છે.

પ્રાણપ્રતિષ્ઠા - અંજનશલાકા બહુ જ અદ્ભુત પ્રક્રિયા છે. પરમચેતનાને મૂર્તિમાં અવતરિત કરાવવાની એ પ્રક્રિયા છે.

મહામહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ પંચવિંશતિકામાં કહે છે : 'व्यक्त्या शिवपदस्थोऽसौ, शक्त्या जयति सर्वगः ।' વ્યક્તિરૂપે પરમાત્મા સિદ્ધશિલા પર કે મહાવિદેહમાં અત્યારે છે, પરંતુ શક્તિરૂપે પરમાત્મા બ્રહ્માંડના કણ કણમાં છે.

અને એ પરમચેતનાને જ્ઞાની ગુરુભગવંતે મૂર્તિમાં ઉતારી છે. આ કારણસર જ એક સરસ વિધાન પરંપરામાં આવ્યું : 'જિન પડિમા જિન સારિખી.' (મહો૰ યશોવિજયજી)

આ વિધાનને સન્દર્ભે, દેરાસરમાં રહેલ સીમંધર દાદા અને સમવસરણમાં બિરાજમાન સીમંધર દાદા સમાન જ છે. સમવસરણમાં ભાવ નિક્ષેપે રહેલા પ્રભુ જે કાર્ય કરે તે જ કાર્ય દેરાસરમાં સ્થાપના નિક્ષેપે રહેલા પ્રભુ કરે.

અને, ઉપાદાનશુદ્ધિના સન્દર્ભે જોઈએ તો, આપણું ઉપાદાન અશુદ્ધ હોય અને સમવસરણમાં બિરાજમાન પ્રભુ દ્વારા આપણને જે ન મળે તે, ઉપાદાનશુદ્ધિની પૃષ્ઠભૂ પર દેરાસરમાં રહેલ પ્રભુ પાસેથી મળે. પૂ. જિનવિજય મહારાજે આ જ વાત સ્તવનામાં ઉચ્ચારી : 'માહરે તો સુષમાથી દુઃષમો, અવસર પુણ્યનિધાન જી...'[૧]

આપણી ભાવધારા પ્રભુને જોઈને છલકાવા લાગે : આવા પરમાત્મા નાથ તરીકે મને મળ્યા છે ! કેવો બડભાગી છું હું.

●●●

રૂપ પરમાત્મા પરનો આ અહોભાવ શબ્દ પરમાત્મા, વેષ પરમાત્મા અને અનુષ્ઠાન પરમાત્મા પર પણ એ જ રીતે વહેવા લાગશે.

---

१. नमोस्तु कलये यत्र, त्वद्दर्शनमजायत ॥ – वीतरागस्तोत्र

પરમાત્માના પ્યારા પ્યારા શબ્દને સાંભળીએ અને આંખો હર્ષાશ્રુથી છલકાઈ ઊઠે. 'મારા પ્રભુએ મારા માટે કેટલું બધું કહ્યું છે !' આચારાંગ સૂત્રનાં હૃદયંગમ સૂત્રોમાંથી પસાર થતાં આવો અનુભવ ઘણીવાર થાય કે મારા પ્રભુએ 'પર્સનલી ફોર મી' આ કહ્યું છે.

વેષ પરમાત્માને જોતાં આંખો છલછલાઈ આવે. નાનકડા બાળમુનિ કે નાનકડાં બાળસાધ્વીજીને જોતાં મારી આંખો હર્ષાશ્રુથી ભરાઈ જાય છે. બ્યુટીપાર્લરના આ યુગમાં આ બાળકે પ્રભુના માર્ગે પદાર્પણ કર્યું ! એના માતા-પિતાનો કેવો તો આ સમર્પણભાવ કે પોતાના કલેજાના ટુકડાને પ્રભુશાસનને અર્પિત કરી દીધો !

અનુષ્ઠાન પરમાત્મા... કોઈ પણ સાધકની સાધના જોતાં આંખો અહોભાવસભર બની રહે.

આપણા યુગના શ્રેષ્ઠ સાધક હિમ્મતભાઈ બેડાવાળા પાલીતાણામાં ચાતુર્માસ હતા. તેમને આયંબિલની ઓળી ચાલતી હતી. એક ઓળી પર લાગટ બીજી ઓળી શરૂ કરી તેમણે.

જે દિવસે નવી ઓળી શરૂ કરી એ દિવસે પ્રભુની વિશેષ રૂપે ભક્તિ કરી. સદ્‌ગુરુઓના આશીર્વાદ લીધા, અને પોતાની રૂમ પર પ્રતિક્રમણ માટે રોજ આવતા સાધર્મિકોને નિમંત્ર્યા ભોજન માટે. તેઓ આયંબિલ પોતાની રૂમ પર જ કરતા. તે દિવસે બધા જ સાધર્મિકોને જમાડી તેમણે કહ્યું : 'આપ સહુ મને આશિષ આપો કે મારી ઓળી નિર્વિઘ્ન રીતે પરિપૂર્ણ થાય.' એ શ્રાવકોની

આંખમાં આંસુ. તેમણે કહ્યું : 'હિમ્મતભાઈ ! આપની સાધનાની પ્રશંસા ગુરુ ભગવંતો કરતા હોય છે. આપને અમે શું આશિષ આપીએ ? આપ અમને આપો આશિષ.'

હિમ્મતભાઈએ હાથ જોડી કહ્યું : 'આપ સહુ પરમાત્માએ આપેલી સાધનાના સાધક છો. આપને ભાવથી હું પ્રણમું છું.' આ હતો અનુષ્ઠાન પરમાત્મા પ્રત્યેનો આદર.

●●●

ભાગવતની એક પંક્તિ યાદ આવે છે :

आसामहो ! चरणरेणुजुषामहं स्याम्,

वृन्दावने किमपि गुल्मलतौषधीनाम् ।

ભક્તની અભીપ્સા અહીં ધ્વનિત થઈ. ભક્ત કહે છે કે વૃન્દાવનમાં મને જન્મ મળો. મનુષ્ય તરીકે ન મળે જન્મ અને એક વેલડી રૂપે મળશે તોય ચાલશે. કારણ કે આવતા-જતા ભક્તોની ચરણરજ મને મળશે. અને મારો અવતાર સાર્થક બનશે.

●●●

પહેલા ચરણે આશ્ચર્ય છે. એ પછીનું ચરણ છે રુચિ. પ્રભુનું શુદ્ધ સ્વરૂપ ગમે. પ્રભુને જોયા જ કરે ભક્ત, જોયા જ કરે...

આ જોવાનું એટલું બધું ગમે કે ભક્ત પ્રભુને કહી શકે કે પ્રભુ ! મને બીજું કંઈ જ ન જોઈએ, મારે તો માત્ર તારા રૂપને આંખો ભરીને જોયા જ કરવું છે.

વસ્તુપાળ મન્ત્રીએ પ્રભુને પ્રાર્થના કરેલી :

त्वत्प्रासादकृते नीडे, वसन् श्रृण्वन् गुणांस्तव ।
सङ्गदर्शनतुष्टात्मा, भूयासं विहगोप्यहम् ॥

પ્રભુ ! દેવનો કે મનુષ્યનો અવતાર એવો મળે, જ્યાં તારું દર્શન દોહિલું હોય તો મને એ ન ખપે. મને તો પંખીનો અવતાર પણ ગમશે. તારા દેરાસરમાં કોઈ થાંભલાની કે ગવાક્ષની ટોચે રહીને તને જોતાં જોતાં, ભક્તો દ્વારા ગવાતી તારી સ્તવનાઓને સાંભળતાં સાંભળતાં આનંદિત હું બનીશ. પ્રભુ ! તને પણ જોઈશ અને તારા દર્શન માટે તડપન લઈને આવનાર ભક્તોનું પણ દર્શન કરીશ...

●●●

'ઊપજે રુચિ.'

બીજું ચરણ સાધનાનું.

સ્વરૂપસ્થિતિ ગમે.

પણ એ ક્યારે ગમે ?

પ્રભુની સ્વરૂપસ્થિતિ જોતાં આશ્ચર્ય પણ ક્યારે ઊપજે અને એ ગમે એવું પણ ક્યારે થાય ? વિભાવો ડંખે ત્યારે.

મા આનંદમયી પાસે એક ભક્ત વર્ષોથી જતો. એકવાર એણે કહ્યું : 'મા ! હું વીસ વર્ષથી તમારી પાસે આવ્યા કરું છું. છતાં મારામાં પરિવર્તન નથી. મા ! શું કરું ?'

આનંદમયી માએ ત્યારે કહેલું : 'હું તો તને વર્ષોથી કહું છું : મરી જા, મરી જા... તું મરતો નથી, હું શું કરું ?' દેખીતી રીતે જ, વૈભાવિક મૃત્યુની આ વાત હતી.

વિભાવો ડંખે, સ્વરૂપદશા ગમે.

●●●

રુચિનાં બે સ્તર છે : એક મનના સ્તરની રુચિ, એક ભીતરના સ્તરની રુચિ.

એક સાધક છે. એને સ્વાધ્યાય ગમે છે. પણ ત્યારે એ જોવાવું જોઈએ કે એની રુચિનાં મૂળિયાં બહિર્ભાવમાં તો નથી ને ? વિદ્વાન સાધકો લોકોમાં પ્રતિષ્ઠા, પ્રસિદ્ધિ મેળવતા હોય છે એ જોઈને એને સ્વાધ્યાય ગમતો હોય કે હું પણ વિદ્વાન, પ્રસિદ્ધ સાધક બનું; તો એ રુચિનું કોઈ મૂલ્ય ન રહ્યું.

જ્યારે, પ્રભુનાં પ્યારાં પ્યારાં વચનોને મારે સાંભળવાં છે; મારે એ વચનો વાંચવાં છે... આ લયમાં સ્વાધ્યાયની રુચિ હોય તો એ ભીતર ઊઘડતી રુચિ થઈ.

પ્રભુનાં પ્યારાં વચનો વાંચતાં આશ્ચર્ય થાય. 'મારા ભગવાને આ વાત કહી છે ! ઓહ ! આ વાત તો મારા ભગવાન જ કહી શકે ને !' આંખો હર્ષાશ્રુથી ભીની બનશે.

આશ્ચર્યની ક્ષણોમાં મન ઢળી પડે છે એ આપણે જોયું. મન ઢળી પડ્યા પછીની આ રુચિ... બહુ જ મહત્ત્વપૂર્ણ રુચિ. બહુ જ મહત્ત્વપૂર્ણ આ ક્ષણો; જ્યારે મન નથી, તમે છો.

ક્યારેક વિહારયાત્રામાં આવું બને છે. સાંજે કોઈક ગામમાં ગયા. ઉપાશ્રયમાં રોકાયા. રાત્રે ઊઠ્યા. દેહચિન્તા માટે જવું છે. ઊઠી ગયા પછી થોડીક સેકન્ડો એવી હોય છે, જ્યારે ખ્યાલ નથી આવતો કે કયા સ્થળે છીએ. ઉપર ઊતર્યા છીએ, નીચે ઊતર્યા છીએ, દેહચિન્તા માટે ક્યાં જવાનું છે; કશો ખ્યાલ નથી હોતો. થોડીક સેકન્ડોમાં સ્મૃતિનો દીપ ઝબૂકી ઊઠે છે. બધો જ ખ્યાલ આવે છે.

વચ્ચે શું થયું ?

તે વખતે સાધક જાગેલો. એનું મન સક્રિય બન્યું નહોતું.

મન બાજુમાં ઢળી ગયેલ હતું. મનને સક્રિય બનતાં થોડો સમય લાગ્યો.

આશ્ચર્યની ક્ષણોમાં પણ મન બાજુમાં ઢળી જાય છે. અને એ અવસ્થાની રુચિ વાસ્તવિક રુચિ બને છે.

'તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી, ઊપજે રુચિ...' પ્રભુના નિર્મલ સ્વરૂપ દર્શન વડે થયેલ આશ્ચર્યથી તે સ્વરૂપ ગમવા લાગ્યું.

•••

હવે ત્રીજું ચરણ : 'તેણે તત્ત્વ ઈહે...' પ્રભુનું શુદ્ધ સ્વરૂપ જોતાં થયેલું આશ્ચર્ય રુચિમાં પલટાયું. હવે એ રુચિ તત્ત્વ-ઈચ્છામાં પલટાય છે : મારું આત્મદ્રવ્ય પણ આવું જ નિર્મલ મારે બનાવવું છે.

રુચિના સ્તરે માત્ર ગમવું હતું. સારું છે... ત્રીજા ચરણે એ સારું મને મળવું જોઈએ એવી તીવ્ર ઈચ્છા પ્રગટી.

ઘણીવાર સાધકો બીજા ચરણે અટકી જતા હોય છે. દીક્ષા સારી. અમુક નિયમો સારા. એ પાળનારનું એ અભિવાદન, પૂજન પણ કરે. પરંતુ મારે પણ આ જોઈએ એવું એ નક્કી નથી કરતો. પરિણામે, રુચિ હોવા છતાં પ્રાપ્તિ ભણી એની યાત્રા લંબાતી નથી.

રુચિનો મતલબ જ છે કે પ્રાપ્તિના શિખરે જવા માટેનું પ્રથમ પગથિયું... પણ ત્યાં જ અટકી જવાયું તો...?

●●●

ચોથા ચરણે ઈચ્છાને તીવ્ર ઝંખનામાં ફેરવવાની છે; 'તત્ત્વરંગી થયો'. તમારું પૂરું અસ્તિત્વ, એ ઈચ્છાથી રંગાઈ જવું જોઈએ. આ ઝંખના એવી પ્રબળ હોય, જેમાં બધી જ ઝંખનાઓ ડૂબી જાય.

સમાજ મને ઓળખે તેવી ઈચ્છા, મારા વ્યક્તિત્વનો વિસ્તાર થાય તેવી ઈચ્છા, સંપત્તિ આદિ પ્રાપ્ત કરવાની ઈચ્છા; આ બધી જ ઈચ્છાઓ પેલી ઝંખનામાં ડૂબી જાય.

તો, આ ઝંખનાના સ્તરનો અર્થ છે : તમારા વ્યક્તિત્વનું અસ્તિત્વમાં રૂપાન્તરણ થવાનો પ્રારંભ. હવે કોઈ ઈચ્છા અહંકારના સ્તરની ન રહે. એવા સાધકને તમે કહો કે અહીં બેસો, તે તેમ બેસશે. અહીં નહિ, ત્યાં, તો ત્યાં બેસશે.

અહંકાર આગ્રહને પેદા કરે છે. હું આમ જ કરું, હું આમ ન જ કરું. આથી જ, 'યોગબિન્દુ'માં ભગવાન હરિભદ્રસૂરિ મહારાજે પ્રારંભિક સાધકની સજ્જતારૂપે નિરાગ્રહશીલતાને ગણાવી છે.

કારણ કે એ આગ્રહની પાછળ સાધકનો અહંકાર ટટ્ટાર થતો હોય છે.

સદ્‌ગુરુ ક્યારેક તમારી શુભ ઈચ્છાને પણ નકારે છે એનું કારણ એ છે કે તેઓ તમારી એ ઈચ્છાની પાછળ રહેલ અહંકારને લાકડી લગાવવા ઈચ્છે છે.

એક સાધક ગુરુદેવને પૂછે છે : 'ગુરુદેવ ! આજથી ઓળી શરૂ કરું ?' ઈચ્છા શુભ છે. પરંતુ ગુરુદેવને જો લાગે કે એ ઈચ્છાની પાછળ અહંકાર છે, તો...? તેઓ ના પાડી શકે.

આવું પણ બની શકે : ૧૦૦મી ઓળી સાધકને ચાલુ છે. ૧૦૦ આયંબિલ થયાં, ૧૦૧મા દિવસે ઉપવાસ કરીને ૧૦૨મા દિવસે પારણું કરવાનું છે. ૧૦૧મા દિવસે શિષ્ય પચ્ચક્ખાણ લેવા આવે અને ગુરુદેવ બેસણાનું કે એકાસણાનું પચ્ચક્ખાણ આપે તો...?

એ વખતે મારી ૧૦૦મી ઓળીનું શું એ વિચાર ન આવવો જોઈએ. ગુરુની આજ્ઞાનો સ્વીકાર જ કરવાનો છે.

કદાચ ગુરુદેવને લાગ્યું હોય કે ૧૦૦ ઓળી પૂર્ણ થયાનો આને અહંકાર થશે... તો, તેઓ ના પાડી દે.

નાનો હતો ત્યારે પંડિતજી પાસે 'તર્કસંગ્રહ' ગ્રન્થ ભણતો હતો. છેલ્લો પરિચ્છેદ આવ્યો ત્યારે પંડિતજીએ કહ્યું : 'અબ રહને દો ! શેષં શ્રી ગણેશાય... ગ્રન્થ પૂર્ણ નહિ કરનેકા...'

મેં એનું કારણ જાણવાની ઉત્સુકતા બતાવી ત્યારે પંડિતજીએ રહસ્ય ખોલ્યું : ગ્રન્થ પૂર્ણ કરીએ ત્યારે મેં ગ્રન્થ પૂરો ભણી લીધો આવો અહંકાર આવે, એટલે અમારી આ પરંપરા છે કે ગ્રન્થ થોડો બાકી રાખવાનો...

આવો વિચાર ગુરુદેવને આવેલો હોય અને તેઓ ૧૦૦મી ઓળીની આરાધના ૧૦૦ આયંબિલરૂપે કરવા દે. પરિપૂર્ણ ઓળી ન થવા દે.

●●●

'તત્ત્વરંગી થયો'. ચોથું ચરણ. તત્ત્વરંગ. પૂરી ચેતના નિર્મલ આત્મતત્ત્વને મેળવવાની ઝંખના વડે ઝંકૃત થઈ ઊઠે. એક જ ઝંકાર. 'આ જ જોઈએ. આ સિવાય કંઈ નહિ. સ્વાનુભૂતિ એ જ મારું લક્ષ્ય.'

સામાન્ય ઝંખના કરતાં આ ઝંખના અલગ એ રીતે પડે છે કે આ ઝંખના વ્યક્તિત્વના કોચલાને તોડી-ફોડી નાખે છે. બીજી ઝંખનાઓમાં તમારું વૈભાવિક હું રહેતું હોય અને ઝંખના થતી હોય. પંદર ઉપવાસ કર્યા, પણ મેં કર્યા આવો ભાવ રહે તો વ્યક્તિત્વ તમારું અકબંધ રહ્યું. અહંકારના લયનું હું તો તૂટી જ જવું જોઈએ. અહોભાવના લયનું હું ચાલશે. પછી શુદ્ધ હું - અસ્તિત્વના લયનું - પકડાશે.

અહીં પોતાના નિર્મલ ચૈતન્યને પ્રાપ્ત કરવાની તીવ્ર ઝંખના છે. એટલે વ્યક્તિત્વ ઢળી પડવાનું છે.

●●●

વ્યક્તિત્વના ઢળી પડવાની પ્રક્રિયામાં પહેલા તબક્કે તમારું હું અહોભાવના રંગે રંગાઈ જાય છે અને પછી શુદ્ધ હુંનો લય પ્રગટે છે.

અહોભાવ ક્યારેક વેદના રૂપે અને ક્યારેક પ્રાર્થના રૂપે પ્રગટતો હોય છે.

સદીઓ પહેલાંની ઘટના યાદ આવે છે. દોલાશાહ પાટણમાં રહેતા હતા. એકવાર સમાચાર મળ્યા કે શત્રુંજયાધિપતિ દાદાની મૂર્તિ ખંડિત થઈ છે. સમાચાર શું મળ્યા, જાણે કે વીજ-કડાકો બોલ્યો : 'પ્રભુ ગયા !' જે પ્રભુને આધારે ભવસાગર તરવો છે, તે પ્રભુ ગયા ! અમે શું કરશું હવે ?

પ્રભુ પ્રત્યેનો અહોભાવ વેદનામયતા રૂપે પ્રગટ્યો છે અહીં. દોલાશાહ ગુરુદેવને વન્દન કરવા ગયા. વન્દન પૂરું નથી કરી શક્યા તેઓ. વેદના ડૂસકાંમાં રૂપાન્તરિત થઈ. ડૂસકાંમાંથી ચળાઈને આવતા તેમના શબ્દો હતા : ગુરુદેવ ! આપે સાંભળ્યું ? દાદા ગયા !

જ્ઞાની ગુરુદેવે કહ્યું : 'દોલાશાહ ! તમારા પુત્ર સમરાશાહના હાથે તીર્થોદ્ધાર થવાનો છે. અને દાદાની નવી મૂર્તિ પ્રતિષ્ઠિત થવાની છે.' ત્યારે થોડો સંતોષ થયો, તેમને.

●●●

તત્ત્વરંગ.

મીરાં કહે છે : 'ઐસા હિ રંગ દે કિ, રંગ નાંહિ છૂટે; ધોબિયાં ધૂએ ચાહે, સારી ઉમરિયાં...'

પ્રભુનો રંગ લાગી જવો જોઈએ આપણા પર... રાણકપુર આવ્યા છીએ. પ્રભુનું નિર્મલ સ્વરૂપ જોયું. હવે એ ગમી ગયું તીવ્રરૂપે. હવે એ જ રંગ... એ જ ઝંખનાની તીવ્રતા...

તમારા વ્યક્તિત્વની ભીંત પર પ્રભુએ / સદ્ગુરુએ નિર્મલ ચૈતન્યની ઝંખનાનો રંગ લગાવ્યો. હવે એના પર બીજો રંગ ન લાગવો જોઈએ...

તમારા મકાનની ભીંત પર પણ જેને ને તેને તમે બ્રશ ફેરવવા દો ? લગાડ તારો રંગ, એમ કહ્યું કોઈ દિવસ ? તો મનની ભીંત પર...?

હવે, માત્ર એક જ રંગ.

'એ'નો.

તત્ત્વરંગ.

●●●

પાંચમું ચરણ : 'દોષથી ઊભગ્યો'. દોષો ખટકે. ડંખે. હું એક સૂત્ર ઘણીવાર કહું છું : દોષો ખટક્યા તો ગયા. ગુણો ગમ્યા તો મળ્યા.

દોષોનું પ્રાયશ્ચિત્ત લીધું. પણ દોષો ડંખ્યા'તા કેવી તીવ્રતાથી એ જોવાયું છે ?

એક સાધક છે. પૌષધમાં છે. લીલા ઘાસ પર એને ચાલવું પડ્યું. એ પ્રાયશ્ચિત્ત લેશે : આટલાં ડગલાં ચલાયું. પણ એણે

પોતાના હૃદયમાં ડોકિયું કરવું જોઈએ કે એ વિરાધના એને કેટલી ડંખી હતી ?

ધગધગતા અંગારા પર ચાલવું પડે અને જે પીડા થાય એવી પીડા આ વનસ્પતિ પર ચાલતાં થયેલી ?

આ સન્દર્ભમાં જ, આપણે ત્યાં અનુકમ્પા શબ્દ છે. અનુ એટલે પછી, કમ્પા એટલે કમ્પન, ધ્રુજારી. એ આત્માને પીડાને કારણે જે વેદના થઈ હશે એનો અનુભવ, તમારી ભીતર થાય તો અનુકમ્પા.

તાવ દીકરાને હોય. મમત્વને કારણે, એક 'મા' તરીકેના સંબંધને કારણે પીડા 'મા'નેય થાય છે. આવો સંબંધ આપણો આ બધા આત્માઓ જોડે સ્થપાઈ ગયો છે ? આ સંબંધના કારણે અઈમુત્તા મુનિની આંખોમાંથી ઈરિયાવહિ પડિક્કમતાં, આંસુની ધાર વહી...

●●●

'દોષથી ઊભગ્યો...' તમારા દોષોનું તમને દર્શન થાય એ માટે તમારી જાગૃતિ સૂક્ષ્મ જોઈશે.

ભોજન કરી રહ્યો છે એક સાધક. શરીર ખાઈ રહ્યું છે. શરીરને ભોજન જોઈએ છે... એ લે છે. પણ સાધકને આસક્તિ આવી જાય તો...? જાગૃતિ એટલી સૂક્ષ્મ જોઈએ કે બે-ચાર સેકન્ડ તમે આસક્તિમાં ગયા; તમને ખ્યાલ આવી જાય. શરીર પરદ્રવ્યનો ઉપભોગ કરે; તમારો ઉપયોગ પરમાં કેમ જાય ? એ જ ક્ષણે તમને ખ્યાલ આવી જવો જોઈએ.

એક સાધક પ્રભુની વાતો; પ્રભુના મહિમાની, પ્રભુના સ્વરૂપની; કોઈની પાસે કરી રહ્યો છે. સાંભળનાર સાધકની અભિવ્યક્તિથી પ્રભાવિત બને છે : 'વાહ ! આટલી સરસ પ્રસ્તુતિ ! આ વાત આવી રીતે તો ક્યારેય સાંભળી નથી.' આ ટિપ્પણી સાંભળી સાધકને અહંકાર આવી જાય તો... ?

સાધકની સૂક્ષ્મ જાગૃતિ પોતાની ભીતર ઊઠેલા અહંકારને જોશે. અને તરત જ એ બોલવાનું બંધ કરશે. શ્રોતા પૂછશે ત્યારે એ કહી દેશે કે મને અહંકાર આવ્યો, તેથી મેં બોલવાનું બંધ કર્યું.

●●●

'દોષથી ઊભગ્યો'. દોષો ખટક્યા ? કોઈ પોતાના ઘરનો કચરો પડોશીના ઘરમાં નાંખશે તો પડોશી એને સહન કરશે ?

અને, કોઈ તમને કહે કે ફલાણી વ્યક્તિ આવી છે. પેલા ભાઈ આવા દોષોથી ભરેલા છે. તો તમે એને કહેવાના કે ભાઈ ! બીજાના ઘરનો કચરો (બીજાના દોષો) તું મારા ઘરમાં (કાનમાં) કેમ નાખે છે ?

પૂજ્યપાદશ્રીજી પાસે ઘણા સાધકો નવકારમન્ત્ર લેવા આવતા. પૂજ્યપાદશ્રીજી મહામન્ત્ર આપતાં પહેલાં સૂચવતા : ભાઈ ! તું કોઈની નિન્દા કરતો નહિ કે સાંભળતો નહિ. એમાંય મુનિવરો કે સાધ્વીજી ભગવંતોની નિન્દા તો તું હરગિજ ન કરતો. પછી પૂજ્યપાદશ્રીજી ઉમેરતા : નવકાર મહામંત્રમાં આવશે 'નમો લોએ સવ્વસાહૂણં...' જો તમે સાધુ-સાધ્વીજીની નિન્દા કરતા હશો તો

'નમો લોએ સવ્વસાહૂણં' (લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર) તમે શી રીતે બોલી શકશો ?

●●●

ક્યારેય તમને આ વિચાર આવ્યો કે હું મારા દોષોની કબૂલાત જ્યારે સદ્‌ગુરુદેવ પાસે કરીશ ત્યારે તેમને કેવી પીડા થશે ? અથવા તો, કરુણાને વશ, સદ્‌ગુરુ તમારી ભીતર દોષોને જુએ ત્યારે તેમને કેવી પીડા થાય ?

પ્રભુના ગુણોમાં ડૂબેલી હોય છે ચેતના સદ્‌ગુરુની. મહોપાધ્યાયશ્રી યશોવિજય મહારાજની કેફિયત યાદ આવે :

વાસિત હૈ જિનગુણ મુજ દિલકું,
જૈસો સુરતરુ બાગ;
ઔર વાસના લગે ન તાકું,
જસ કહે તૂ બડભાગ...

સદ્‌ગુરુના હૃદયને પ્રભુના ગુણોએ ભરી દીધું છે; વાસિત કરી દીધું છે. હવે બીજો રંગ એના પર ચઢી શકે તેમ નથી. આવા સદ્‌ગુરુને આપણા દોષોમાં ડોકિયું કરવું પડે તો એ કેવું તો પીડાજનક હોય !

એક પરિસ્થિતિ મનમાં વિચારો કે મ્યુનિસિપલ કર્મચારી છે, જેને ગટર ચોક-અપ થયેલી હોય ત્યારે સાફ કરવા જવાની ડ્યૂટી અપાયેલી છે. મ્યુનિસિપલ કચેરીમાં ખુરસી પર બેસીને એ ચાની ચૂસ્કી લેતો હોય અને અચાનક ફોન આવે કે અમુક જગ્યાએ ગટર

સાફ કરવા જવાનું છે. એ ત્યાં પહોંચી જાય. ગંદકી વડે એના હાથ, પગ, શરીર ખરડાઈ પણ જાય... ક્યાં ઘડી પહેલાં મ્યુનિસિપલ ઑફિસમાં નિરાંતે બેઠેલો કર્મચારી અને ક્યાં ગટરમાં ઊતરેલો તે.

સદ્‌ગુરુ : પ્રભુના ગુણોમાં જેમનું હૃદય ડૂબી રહ્યું છે... તેમને આપણા દોષોની ગંદકીને સાફ કરવા આવવું કેવું લાગતું હશે !

ક્યારેય આ કલ્પના થઈ છે ?

●●●

સદ્‌ગુરુનું વાત્સલ્ય જેમ જેમ તમારી ભીતર ઊતરતું જાય, તેમ તેમ તમારી દોષોની ભૂમિકા નષ્ટ થતી જાય.

સદ્‌ગુરુ જેને ચાહી રહ્યા હોય એ વ્યક્તિ અશુદ્ધિને ચાહે કે શુદ્ધિને ? સદ્‌ગુરુ તમને અસ્તિત્વના સ્તરથી ચાહી રહ્યા હોય ત્યારે તમે પ્રભુને ચાહવાના, સદ્‌ગુરુને ચાહવાના કે વિભાવોને ચાહવાના ?

સદ્‌ગુરુની પરમ કરુણાનો અનુવાદ શેમાં થાય ?

અમદાવાદ, કાળુશીની પોળમાં એક શ્રાવક હતા. ઠામ ચોવિહાર એકાસણું કરે અને એમાં ત્રણ દ્રવ્ય જ વાપરે : રોટલી, મગની દાળ, મમરા.

પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ આચાર્ય ભગવન્તશ્રીનાં પગલાં તે શ્રાવકને ત્યાં થયાં. શ્રાવિકાએ કહ્યું : સાહેબજી, એમને કહો !

કંઈક વાપરે... આ તો ઠામ ચોવિહાર એકાસણું; ભર-ઉનાળે પણ. વચ્ચે ઉપવાસ આવે, આયંબિલ આવે... ભલે કરે તપશ્ચર્યા; પણ કંઈક પૌષ્ટિક આહાર તો લે... આપ કંઈક કહો !

શ્રાવક કહે : આવા મોટા સદ્ગુરુ આપણે આંગણે આવ્યા છે... એમની આ કરુણાનો અનુવાદ ત્યાગમાં થવો જોઈએ ને ! આજથી મમરા બંધ. બે દ્રવ્યથી જ એકાસણાં.

●●●

સદ્ગુરુની કરુણા મળી, પ્રભુનું અનરાધાર વાત્સલ્ય મળ્યું. પ્રભુને આપણે ગમીએ છીએ. હવે એ વિચારીએ કે આપણને પ્રભુ ગમે છે ? જવાબ હકારમાં મળશે. પણ આ 'હા'ને જરા ઊંડાણથી જોઈશું ? પ્રભુને ગમે તે જ આપણે કરીએ ને ? એને ન ગમે તે ન જ કરી શકીએ ને ?

વિભાવોનો - રાગ, દ્વેષ, અહંકારનો - સ્પર્શ થવાની વેળાએ આ સંવેદન ભીતર થાય કે આ પ્રભુને નહિ ગમે ? અને પ્રભુને ન ગમે તે હું કેમ કરી શકું ?

એક મા દીકરાની સાથે મહેમાનગતિએ ગઈ. યજમાને માને ચા આપી, જ્યુસ આપ્યો; પણ દીકરાને લાફો ઠોક્યો. માએ તરત કહ્યું : ભાઈ, આ ચા અને જ્યુસ તારા તારી પાસે રાખ. મારા દીકરાને તેં કેમ માર્યો ?

પૂજા કરવા જતાં પહેલાં કો'કની સાથે બોલવાનું થયું. એની માફી માગ્યા વિના તમે દેરાસરે જાવ. પ્રભુની ભક્તિ કરો.

સોનાનો વરખ લગાડો... ક્યારેક એવો ભાસ થાય કે પેલી માની જેમ પ્રભુ કહી રહ્યા હોય : 'મારા દીકરાને તેં કેમ દુભવ્યો ?' પૂરી સૃષ્ટિ પ્રભુનું સંતાન છે ને !

'ગુરુતત્ત્વવિનિશ્ચય' ગ્રન્થની ટીકામાં મહોપાધ્યાયશ્રી યશોવિજય મહારાજ કહે છે કે ચૈત્યવન્દનની પૂર્વે ઇરિયાવહી ન કરી હોય અને એ રીતે થઈ ગયેલી એકેન્દ્રિયાદિની વિરાધનાનું મિથ્યાદુષ્કૃત ન કર્યું હોય તો ચૈત્યવન્દન કરતાં એકાગ્રતા ન પણ આવે.[૨]

●●●

તો, પ્રભુની કરુણા આપણી ભીતર કેટલી ઊતરી તે આપણે એ રીતે જોઈશું કે આપણને દોષો કેવા ખટક્યા છે ?

જે દોષોની ધારામાં જન્મોથી વહેતા આવ્યા છીએ; કદાચ ક્યારેય એ દોષો ખટક્યા નહિ હોય; અત્યારે જો દોષો ખટકે તો પ્રભુની આથી વધુ શ્રેષ્ઠ કૃપા આપણને કઈ જોઈએ ?

દોષો ખટકશે. આંખો ભીંજાશે. અને આંખોનાં એ આંસુ પ્રભુને કહેશે : પ્રભુ ! કેવી મોટી કૃપા તેં મારા પર કરી !

●●●

'દોષથી ઊભગ્યો...' એ પાંચમું ચરણ આવ્યું. પરિણામે દોષો ગયા. એટલે છઠ્ઠું ચરણ આ રીતે આવ્યું : 'દોષ ત્યાગે...'

---

૨. अत एवात्यक्त-प्राक्तनैकेन्द्रियादिसङ्घट्टनादिभावस्य कथञ्चित्क्षणं विरक्तस्य चैत्यवन्दनादिनैकाग्रचित्तसमाधिर्भवेन्न वा ॥ - ગુરુતત્ત્વવિનિશ્ચય, ગાથા ૭૫ની ટીકા.

દોષો ખટક્યા તો ગયા. કદાચ શરીરના સ્તર પરથી એ દોષ ન જાય તોય મનના સ્તર પરથી તો જતો જ રહે.

કો'કે કંઈક કહ્યું. એ એક્શનનું સીધું રીએક્શન આવ્યું, તાત્કાલિક; અને કદાચ કંઈક કહેવાઈ ગયું. શરીરે પ્રતિક્રિયા આપી. કદાચ સમાજથી પ્રભાવિત મને પણ પ્રતિક્રિયા આપી; પણ પ્રભુપ્રભાવિત મન, એ ક્ષણોમાં, કહેશે કે આ બરોબર ન કર્યું.

સમાજથી પ્રભાવિત મનમાં મનગમતી ઘટનાઓનો સ્વીકાર છે અને અણગમતી ઘટનાઓનો અસ્વીકાર છે. જ્યારે પ્રભુપ્રભાવિત મનમાં સર્વસ્વીકાર છે.

ધીરે ધીરે પ્રભુપ્રભાવિત મન પ્રભાવશાળી બનવું જોઈએ.

પછી, ક્રોધ સામેથી આવ્યો તોય સ્વીકાર. ધિક્કાર વરસ્યો તોય સ્વીકાર. પીડા આવી તોય સ્વીકાર...

કેવી મઝા !

●●●

'દોષ ત્યાગે...' શરીર ભોજન કરતું હશે. મન પ્રભુમાં હશે.

આસક્તિ આદિ દોષો શું કરે છે ? તમારા ઉપયોગને પ્રભુમાંથી / સ્વમાંથી હટાવી પરમાં લઈ જાય છે.

આપણો ઉપયોગ પરમાં જાય એ કેવી મોટી દુર્ઘટના !

નહિ, ઉપયોગને પરમાં લઈ જનાર દોષો ન જ જોઈએ.

આ જન્મમાં આવ્યા છીએ ઉપયોગને સ્વમાં સ્થિર કરવા જ. એ પરમાં જાય તે કેમ ચાલે ?

●●●

રજ્જબ નામનો યુવાન.

સંતોની પાસે જતો. વૈરાગ્ય પણ થોડો ભીતર હતો. છેવટે, સ્વજનોના દબાણથી લગ્નનું નક્કી થયું. વરરાજા તરીકે માથા પર 'મોડ' લગાવીને એક સંત પાસે જવાનું થયું.

સંત એને કહે છે :

રજ્જબ ! તૂને ગજ્જબ કિયા,
શિર પર ધરિયા મોડ;
આયા થા પ્રભુમિલન કો,
ચલા નરક કી ઓર !

અને રજ્જબ વિચારમાં પડી ગયો. એ અનુપ્રેક્ષણ અનુભૂતિ તરફ ઢળ્યું અને એ ત્યાગી બન્યો...

●●●

સાતમું ચરણ : 'ઢળે તત્ત્વ લિહે'. હવે નિર્મલ ચૈતન્ય તત્ત્વનો આસ્વાદ. સંસ્કૃતમાં લિહ્ ધાતુ ચાટવા અર્થમાં છે. તત્ત્વને આત્મસાત્ કરવાની આ પ્રક્રિયા.

ચૈતન્ય તત્ત્વ : જે અખંડ, નિર્મલ, અલિપ્ત છે; તેનો અનુભવ.

વિકલ્પો અત્યારની આપણી ઉપયોગધારાને ખંડિત કરે છે. વિકલ્પોને પાર છે આપણું સ્વરૂપ. ત્યાં છે ઉપયોગની અખંડ ધારા.

રાગ-દ્વેષના મલથી પણ શુદ્ધ ચૈતન્ય તત્ત્વ પર છે અને કર્મોની વ્યાધિથી પણ એ મુક્ત છે. નિર્મલ, અલિપ્ત.

●●●

કેવી મઝાની આ યાત્રા છે !

આશ્ચર્યથી આત્માનુભૂતિ સુધીની આ મઝાની યાત્રા !

●●●

અનુપ્રેક્ષા-ગંગાની આ લાંબી યાત્રાનું મૂળ, ગંગોત્રી બિન્દુ હતું પૂજ્યપાદશ્રીજીનું વચન. પૂજ્યપાદશ્રીજીએ ભક્તિની વ્યાખ્યા આપતાં કહ્યું : સમર્પણભાવપૂર્વક ચિત્તને એક સ્થાને જોડવું, તે ભક્તિયોગ છે.

પહેલાં ચિત્ત પ્રભુગુણોમાં, પ્રભુસ્વરૂપમાં એકાગ્ર બનશે. અને પછી સ્વગુણોની ધારામાં કે સ્વરૂપની ધારામાં એ ડૂબશે.

● ● ●

## સંદર્ભ સૂત્ર - ૪

● ભક્તિ આત્મસમર્પણ સ્વરૂપ છે તેથી અહંકાર ગળી જાય છે. **(આત્મઉત્થાનનો પાયો. પૃ. ૧૭૯)**

● બાળક માતાને બુદ્ધિ વડે નહિ, પરંતુ શ્રદ્ધા વડે સમર્પિત થાય છે. તે રીતે આપણે પણ શ્રદ્ધાપૂર્વક દેવ-ગુરુને સમર્પિત બનીને આત્મકલ્યાણના પંથે આગળ વધીએ. (૧૪૬)

● ગુરુતત્ત્વની શરણાગતિમાં સ્વયંની લઘુતા-અલ્પતા આદિનો એકરાર સમાયેલો છે. ત્યાં 'હું'પણું ભયંકર દીવાલરૂપ છે. માટે ગુરુને માતારૂપે સ્વીકારીને, પોતે બાળરૂપે રહેવાની ભલામણ પણ અનુભવી મહાપુરુષોએ કરી છે. (૩૫૬)

● 'હું કંઈક છું' એવો ઘમંડ શિષ્યને ગુરુની કૃપાથી વંચિત રાખે છે. ગુરુને સર્વેસર્વા માનનાર વિનીત શિષ્ય જ ગુરુની કૃપાને પાત્ર બને છે. (૩૫૮)

● સમર્પણભાવ શિષ્યનું કલ્યાણ કરનારો છે. 'અહં' અને 'મમ'નાં દ્વંદ્વથી છોડાવનારો છે; સાધક-જીવનની નિશ્ચિતતાને આકર્ષનારો છે, નિર્ભયતાને પ્રગટ કરનારો છે. (૧૮૫)

● આપણે કોને સમર્પિત થઈને હરખાઈએ છીએ, તેના ઉપર આપણા આત્માની ઉન્નતિ યા અવનતિ અવલંબેલી છે. દુન્યવી આકાંક્ષાઓને સમર્પિત થઈશું, તો સંસારમાં સબડીશું. પરમ કૃપાળુ પરમાત્માને સમર્પિત થઈશું, તો પરમ પદ પામીશું; એમ સમજીને પરમાત્માને શરણે જવું એ પરમ કર્તવ્ય છે. (૭૮)

● ધર્મ પરિણતિ એટલે સમગ્ર મન સહિત સર્વ પ્રાણોને આત્મસ્વભાવનો રંગ પૂરેપૂરો લાગી જવો તે. આ રંગ તે હળદરીઓ નહિ, પણ ચોળ મજીઠિયો, કે જે વસ્તુના વિલય પછી પણ ટકી રહેતો હોય છે. વસ્ત્ર ફાટી જવા છતાં ન ફીટે તેવો પાકો આ રંગ હોય છે. જેનો સંગ જીવને નિઃસંગ બનાવે જ છે. (૧૧૪)

● સાક્ષાત્ શ્રી જિનેશ્વરદેવનાં દર્શન, વંદન, પૂજન, સ્તવન કે ધ્યાનાદિ કરવાથી આત્મવિશુદ્ધિરૂપ જે ફળ મળે છે, તે જ ફળ શ્રી જિનપ્રતિમાના દર્શન, વંદન, પૂજન, સ્મરણ અને ધ્યાનાદિથી મળે છે. (૩૭૩)

● જીવમૈત્રી અને જિનભક્તિ પરસ્પર અનુસ્યૂત છે. એકના અભાવમાં બીજાનો સદ્ભાવ રહેલો નથી. (૩૬)

● દેવાધિદેવની સાચી ભક્તિ કરી ત્યારે ગણાય, જ્યારે દેવાધિદેવનો ભક્ત પણ ભક્તિ કરવાને પાત્ર પ્રતીત થાય. ભગવાનને ભજો અને ભગવાનની ભક્તિમાં ઓતપ્રોત ભક્તને તજો - ઉપેક્ષણીય સમજો તો તે ભક્તિ, સાચી ભક્તિ ન ગણાય. (૧૬૭)

● જ્યાં સુધી દોષના લેશની પણ અનુમોદના છે, અને ગુણના અંશની પણ ગર્હા છે; ત્યાં સુધી શુદ્ધ આત્મસ્વરૂપની રુચિ, શ્રદ્ધા કે પરિણતિ ઉત્પન્ન થઈ છે, એમ કહી શકાય નહિ. (૩૬)





# ૫
# આધારસૂત્ર

વિભક્તિને ટાળે (દૂર કરે) તે ભક્તિ.

- આત્મઉત્થાનનો પાયો, પૃ. ૨૬૨

# ૫ ભક્તિ : વિભક્તિને પેલે પાર

પરમાત્માના પરમ અનુરાગની ક્ષણોને માણ્યા પછી નારદ ઋષિએ એ ક્ષણોની અભિવ્યક્તિ આ રીતે આપી : ‘अनिर्वचनीयं प्रेमस्वरूपम्.’ પ્રભુના આ પ્રેમને તમે શબ્દોમાં શી રીતે બાંધી શકો ? હા, તમે એને અનુભવી શકો.

પ્રેમની અનિર્વચનીયતાને - શબ્દોના પેલે પારપણાને - તેમણે આ રીતે અભિવ્યક્ત કરેલ છે : मूकास्वादनवत्. આ સૂત્રનો, મઝાનો અનુવાદ કબીરજીના એક પદમાં મળે : ‘ગૂંગે

કેરી સરકરા...' મૂંગા માણસે સાકર ખાધી. તમે એને પૂછશો : 'કેવી લાગી સાકર ?' એ કયા શબ્દોમાં એની અભિવ્યક્તિ આપશે ? આ જ રીતે પ્રેમની અભિવ્યક્તિ શી રીતે આપી શકાય ?

પ્રાંજલ ગદ્ય સંસ્કૃત ભાષામાં હૃદયને રણઝણાવતાં આવાં સૂત્રો આપણી પરંપરામાં ઘણાં બધાં છે. આપણી ગુજરાતી ભાષામાં આવાં જ મઝાનાં સૂત્રો પૂજ્યપાદશ્રીજીએ આપ્યાં છે. આવા એક સૂત્રમાં પૂજ્યપાદશ્રીજી કહે છે : 'વિભક્તિને દૂર કરે તે ભક્તિ.'

કેટલું મઝાનું આ ભક્તિસૂત્ર છે !

પૂજ્યપાદશ્રીજીને, આથી જ, મહર્ષિ કહેવાનું મન થાય; જેઓ મંત્રગાન કરતા હોય. ઉપરનું સૂત્ર આપણો બહુ જ મઝાનો મંત્ર જ છે ને !

●●●

વિભક્તિ એટલે અલગાવ. ભક્તિ એટલે પરમચેતના સાથે એકાકારતા.

વિભક્તિના બે પ્રકારો થશે : એક ભક્તના સ્તરની વિભક્તિ, બીજી સાધકના સ્તરની. ભક્તના પરિપ્રેક્ષ્યમાં વિભક્તિ એટલે પ્રભુથી દૂર હોવું તે. સાધકના પરિપ્રેક્ષ્યમાં સ્વરૂપાનુભૂતિથી દૂર હોવું તે.

બન્ને પ્રકારના અલગાવ / દૂરીને જોઈને તેમને કેમ ઓગાળી શકાય; વિભક્તિને ભક્તિમાં કેમ ફેરવાય તે જોઈએ.

●●●

ભક્તના પરિપ્રેક્ષ્યની વિભક્તિનાં દર્દની વાત 'ઉપમિતિ૦'માં સિદ્ધર્ષિ ગણીએ કરી છે :

विलोकिते महाभाग !
त्वयि संसारपारगे ।
आसितुं क्षणमप्येकं,
संसारे नास्ति मे रतिः ॥

પ્રભુ ! તને જોયા પછી, એક ક્ષણ પણ, સંસારમાં રહેવાનું મન થતું નથી. પ્રભુ ! હું તારાથી વિભક્ત, અળગો કઈ રીતે હોઈ શકું ? તું જ તો મારા અસ્તિત્વનો પ્રાણ છે, પ્રભુ ! તારા વિનાની મારી હાલત કેવી હોય ? પરમપાવન કલ્પસૂત્રના 'નમુત્થુ ણં' સૂત્રમાં 'જીવદયાણં' વિશેષણ તારું આવ્યું છે. પ્રભુ ! તું જ તો છે જીવનદાતા. પ્રભુ ! 'તમારા વિનાના અમે અમારા વિનાના છીએ.'

પૂજ્ય આનન્દઘનજી મહારાજ યાદ આવે : 'આનન્દઘન બિન પ્રાણ ન રહે છિન, કોટિ જતન કરી લીજે...' પ્રભુ ! તારા વગર તો મારા પ્રાણ જ શી રીતે ટકે ? કરોડો ઉપાયો ભલે હું કરું; પણ મૂળ વાત તો તું જ છે, પ્રભુ ! તું હોય મારા હૃદયમાં તો જ હું જીવી શકું.

●●●

સાધકના પરિપ્રેક્ષ્યની વિભક્તિનું દર્દ આ શબ્દોમાં છલકાય : હું હું ન હોઉં તો શું હોઉં ? હું શુદ્ધસ્વરૂપમય મારા હુંમાં પ્રતિષ્ઠિત થાઉં એ જ તો મારા જીવનનું સાર્થક્ય છે ને !

એક બૌદ્ધ ભિક્ષુની આંખમાં આંસુ જોઈ એક સાધકે પૂછ્યું : કેમ રડો છો ? ભિક્ષુએ કહ્યું : સાંજે હું બુદ્ધ ભગવાન પાસે જઈશ અને કદાચ તેઓ પૂછશે કે તું આનન્દ જેવો જ્ઞાની કે મુદ્‌ગલાયન જેવો વિરાગી કેમ ન બન્યો ? તો હું કહી શકું કે પ્રભુ ! તમે બનાવો તેવો હું બનું ને ! પણ જો ભગવાન પૂછશે કે તું સ્થિરચિત્ત કેમ નથી બન્યો ? તો હું શું કહીશ ? કારણ કે દીક્ષા વખતે મને પ્રભુએ 'થિરચિત્ત' નામ આપેલ છે.

ભિક્ષુનું દર્દ આ હતું : હું હું ન હોઉં તો શું હોઉં ?

મારા નિર્મલ સ્વરૂપથી હું અળગો ક્યાં સુધી રહીશ ? ક્યાં સુધી...? પોતાના શુદ્ધ સ્વરૂપથી આ થયેલી વિભક્તિ સાધકને ખૂંચે છે.

●●●

'હું'નાં ત્રણ સ્વરૂપો છે : (૧) વૈભાવિક લયનો હું, (૨) અહોભાવના લયનો હું અને (૩) શુદ્ધ સ્વરૂપના લયનો હું.

વૈભાવિક લયના હુંને તો આપણે ઊચકીને ચાલી રહ્યા છીએ જ. સમાજે ઓળખાણ માટે, વ્યવસ્થા માટે તમારા દેહને નામ આપ્યું. તમે નામમાં હુંપણાનો આરોપ કર્યો. આ કાન્તિલાલ, શાન્તિલાલ કે મિલન તે હું. નામની ખીંટી પર તમે હુંનો કોટ વળગાડી દીધો ! આવો ભારે કોટ તમારો, ખીંટીનું શું થાય ?

હૉસ્પિટલમાં તમે જાવ ત્યારે નામમાંથી નંબરમાં તમે ફેરવાઈ જાવ છો. પેશન્ટ નંબર ફોર્ટી ફાઈવ. તમારું નામ ગયું, નંબર આવ્યો... પણ આ નંબર તો વ્યવસ્થા માટે છે. એને તમે હુંના કોટને લટકાડવાની ખીંટી તરીકે વાપરશો ?

●●●

એકવાર મેં સંગોષ્ઠિમાં પૂછેલું શ્રોતાઓને : તમે શરીરોને બદલતાં આવ્યા છો. ક્યારેક કીડીનું શરીર, ક્યારેક હાથીનું... અને એ બદલાહટ કરતાં કરતાં અત્યારે મનુષ્યનું શરીર તમે પામ્યા છો. હવે, આટલી સમજ પછી, દેહમાં 'હું'ભાવને તમે મૂકી શકો ? વસ્ત્ર જેટલું તમારા શરીરથી ભિન્ન છે, એટલું જ આ શરીર તમારાથી ભિન્ન છે. વસ્ત્રમાં હુંપણું જતું નથી કે શર્ટ તે હું છું; તો શરીરમાં 'હું'ભાવ કેમ આવે છે ?

શ્રોતાઓને લાગ્યું કે વાત આમ સાચી હતી. પણ ગરબડ ક્યાં થાય છે તેનો તેમને ખ્યાલ નહોતો. તેમણે મને કહ્યું : આપ જ સમજાવો.

મેં કહ્યું : ચૈતન્ય તત્ત્વ પછી શરીર છે. Next to soul body છે. આત્મતત્ત્વ નથી પકડાતું માટે દેહમાં 'હું'ભાવ સ્થિર થાય છે. વળી બીજી વાત : વસ્ત્રને પહેરવાનું, કાઢવાનું; વળી પહેરવાનું સતત ચાલે છે, તેથી એ ભિન્ન છે એવો ખ્યાલ આવે છે. આ જ રીતે, દેહભાવને વારંવાર કાઢવાની પ્રક્રિયા થવી જોઈએ : હું તે દેહ નથી... હું તે દેહ નથી...

●●●

બીજો હું અહોભાવના લયનો છે. મેં પ્રભુનાં દર્શન કર્યા અને મારી આંખોમાં આંસુ છલકાયાં. અહીં જે હું છે તે વૈભાવિક લયનો નથી. અહોભાવના લયનો છે. ભક્તનો હું આવો હશે.

●●●

ત્રીજો હું શુદ્ધ સ્વરૂપના લયનો છે. હું આનન્દઘન છું. હું અનંત ગુણોથી યુક્ત છું... પોતાના નિર્મલ ચૈતન્યનો પૂરો ખ્યાલ આવ્યો છે.

જરૂર, સાધના ચાલુ છે. અને એ સાધનાના અન્તિમ બિન્દુએ જ પોતાની નિર્મલ સત્તાનું પ્રકટીકરણ થવાનું છે.

અત્યારે, બની શકે કે, આનન્દનું ઝરણું જ સાધકના અસ્તિત્વમાં વહી રહેલું હોય. પણ એને ખ્યાલ છે કે પૂર્ણ આનન્દનો સમંદર મારી ભીતર છે જ.

●●●

પહેલા 'હું'માંથી ત્રીજા 'હું'માં આપણે આવવાનું છે. ભક્તિ એ કામ કરશે.

ભક્તિ બે રીતે કામ કરે છે : પહેલા વિભક્ત દશા આપણને ખૂંચવા લાગે તેવું તે કરે છે અને પછી વિભક્ત દશાને તે છીનવી લે છે.

તમે પ્રભુનાં દર્શન માટે જાવ છો. પ્રભુનું દર્શન - પ્રભુના નિર્મલ સ્વરૂપનું દર્શન, પ્રભુની વીતરાગ દશાનું દર્શન - તમે કરી રહ્યા છો; એ સમયે તમને તમારી અશુદ્ધ દશા ખટકે ને ?

અને, તમારી અશુદ્ધિ ખટકે તો તમે પ્રભુને કહો ને - ભક્તના લયમાં - કે પ્રભુ ! હું તારું બાળક છું. તારી આવી નિર્મલતાની સામે, મારી આ ગંદકી તને ખટકે છે કે નહિ ?

આવું પણ કહી શકાય પ્રભુને : પ્રભુ ! મને મારી ગંદકી નથી ડંખી; પણ તારાથી મારી આ ગંદકી સહન થાય તેમ છે ? પ્રભુ ! તું અકારણ વત્સલ છે. બીજી બાજુ, હું તને પોકારું અને છતાંય તું મને નિર્મલ ન બનાવે તો હું માનું ને કે તને મારા પર પ્રેમ નથી ? પ્રભુ ! તારો પ્રેમ, તારી મારા પરની ચાહત મારે હવે બીજા કોઈ રૂપમાં ન જોઈએ. ના કોઈ દુન્યવી સિદ્ધિઓ જોઈએ, ના શારીરિક સ્વાસ્થ્યની યાચના હું તારી પાસે કરું છું; મને તો માત્ર જોઈએ મારી આત્મિક નિર્મલતા.

જરૂર, આવું કહેનાર ભક્તની એક સજ્જતા પ્રગટેલી હોવી જ જોઈએ. નાનું બાળક જેમ મા-દૃષ્ટિક હોય છે તેમ આ ભક્ત પ્રભુદૃષ્ટિક જોઈએ. નાના શિશુને ભૂખ લાગે તોય એ મા તરફ જોશે. એની પથારી ભીની હશે તોય એ મા તરફ જોશે.

આ જ સન્દર્ભે, પરમપાવન આચારાંગ સૂત્ર સાધકને તદ્દૃષ્ટિક (તદ્દિઠ્ઠીએ) કહે છે. તદ્દૃષ્ટિક. 'તે'ની તરફ દૃષ્ટિવાળો. તે એટલે પ્રભુ. તો, ભક્તની, સાધકની દૃષ્ટિ સતત પ્રભુ સામે જોઈએ.

'હું' ભૂંસાયું.

'તે' પ્રગટ થાય.

●●●

વિનોબાજીએ છેલ્લા સમયમાં, પોતાના હુંને ભૂંસી નાખેલું. તેઓ 'હું' શબ્દનો પ્રયોગ નહિ કરતા. લોકો આદરથી એમને બાબા કહીને બોલાવતા. તેઓ એ શબ્દનો પ્રયોગ કરતા : 'આજ બાબાને ઐસા સોચા થા... આજ સુબહ પ્રવચન મેં બાબાને ઐસા કહા થા...'

'હું' ગયો ! 'તે' પ્રગટે જ ને !

●●●

શશીકાન્તભાઈ મહેતા, પ્રાણભાઈ દોશી, ચન્દ્રકાન્તભાઈ આદિ ભક્તો બદ્રીની યાત્રાએ ગયેલા. રસ્તાથી થોડે દૂર એક સંતની ગુફા છે એમ ખ્યાલ આવ્યો; તેઓ ત્યાં ગયા.

બહુ જ નાનકડી ગુફા હતી. સંત ટૂંટિયું વાળીને સૂઈ શકે તેવી. ભક્તોએ પૂછ્યું : 'આપ ઇતની સંકરી ગુહા મેં ક્યોં ?' સંત હસ્યા. તેમણે કહ્યું : 'મૈં ઔર મેરે ભગવાન દો તો યહાં રહ સકતે હૈ; ફિર તીસરે કા કામ ભી ક્યા હૈ ?'

તદ્દષ્ટિકતા. 'તે'ના તરફ જ નજર. નજર નાખનાર તરીકે, અહોભાવના લયમાં જ હું રહેશે. વૈભાવિક હું ભૂંસાયો.

●●●

આવા તદ્દષ્ટિક સંતો તેમની નજીક આવનારના હુંને પણ, હસતાં હસતાં, ભૂંસી નાખતા હોય છે.

બદ્રીમાં એક સંત છે. જેઓ માત્ર કંતાનનું લંગોટી જેવું વસ્ત્ર પહેરે છે. બીજું પૂરું શરીર ખુલ્લું. હિન્દીમાં કંતાનને ટાટ કહેવાય છે. આ સંતને ભક્તો ટાટબાબા તરીકે સંબોધતા.

એ ટાટ બાબા બારે મહિના બદ્રીમાં રહે. બદ્રીમાં બરફ જામી જાય ત્યારે કોઈ માણસ ન હોય. સંત એવી ઠંડીમાંય ત્યાં રહે. કો'કે પૂછ્યું : 'બાબા, આપ કે ભોજન કા પ્રબંધ તબ કૈસે હોતા હૈ, જબ કોઈ યાત્રી યહાં નહિ હોતા...?' સંતે હસીને કહ્યું : 'તો ક્યા તુમ ભોજન દેને વાલે હોતે હો ? દેનેવાલા તો ઉપરવાલા હિ હૈ... તુમ ક્યા દોગે ?'

●●●

'હું' ભૂંસાય.

'તે' જ 'તે' માત્ર રહે.

એટલે કે તમારું હું 'તે'માં - પ્રભુમાં વિલીન થઈ ગયું. તમે અને તે; અભેદાનુભૂતિ. આ જ તો ભક્તિ !

વિભક્તિને, અલગાવને, ભેદદશાને દૂર કરે તે ભક્તિ.

●●●

વિભક્તિ એટલે પ્રભુથી, સ્વ-રૂપથી દૂરી, ભેદદશા. ભક્તિ એટલે અભેદાનુભૂતિ.

આ અભેદાનુભૂતિ બે રીતે થાય : શાશ્વતીના લયમાં, થોડા સમય માટે.

સિદ્ધ દશામાં આપણે હોઈશું ત્યારે પ્રભુથી, નિર્મળ સ્વરૂપથી આપણી અભેદ દશા શાશ્વતીના લયમાં હશે. સાધક દશામાં થોડો સમય માટે અભેદાનુભૂતિ કરી શકાય.

પ્રભુ મહાવીર દેવની પરમ ક્ષમાની તમે અનુપ્રેક્ષા કરી રહ્યા છો. અનુપ્રેક્ષા અનુભૂતિમાં પલટાય છે. તમારી ભીતર વહેતા ક્ષમાગુણના ઝરણાને તમે અનુભવી રહ્યા છો. તમારી પાસે ક્ષમા-ગુણનું ઝરણું. પ્રભુ પાસે ક્ષમાગુણનો સમંદર. ઝરણું સમંદરમાં ભળે... અભેદાનુભૂતિ.

•••

પ્રભુમાં વીતરાગ દશા. સ્વ-સ્વરૂપમાં પણ વીતરાગ દશા. આપણી પાસે રાગ દશા. આ થઈ વિભક્તિ. પ્રભુમાં, સ્વ-સ્વરૂપમાં વીતરાગ દશા; આપણી ભીતર તીવ્ર વૈરાગ્ય દશાને કારણે વીતરાગ દશાનો અંશ; ભક્તિયાત્રાનો પ્રારંભ...

વિભક્તિને દૂર કરે તે ભક્તિ... આપણે પ્રભુ-આજ્ઞાના પાલનરૂપ ભક્તિ દ્વારા આપણા સ્વરૂપને પ્રાપ્ત કરવાની યાત્રા ભણી આગળ વધીએ.

•••

બે વિભક્તિઓની વાત પ્રારંભમાં કરી હતી : પ્રભુથી વિભક્ત હોવું, સ્વ-સ્વરૂપથી વિભક્ત હોવું. હકીકતમાં વાત એક જ છે. પ્રભુ એટલે પણ નિર્મલ ચેતના. સ્વ-સ્વરૂપ એટલે પણ નિર્મલ ચેતના.

ફરક અભિવ્યક્તિનો પડે છે. અનુભૂતિનો નહિ. ભક્તહૃદય પ્રભુ જોડે સંવાદ કરશે. પ્રભુથી દૂર રહેવું નથી પાલવતું એમ કહેશે. અનુભૂતિમાં એ જ છે કે હું સ્વ-સ્વરૂપથી દૂર છું.

અને એટલે જ બન્ને વિભક્તિઓ ભક્તિ તરફ વળે છે ત્યારે એનો અર્થ એ થાય છે કે પ્રભુના નિર્મલ સ્વરૂપ ભણી, જે આપણું પણ નિર્મલ સ્વરૂપ છે, તે ભણી યાત્રા શરૂ થાય છે.

સ્વગુણોનો ઉઘાડ થયા કરે. જ્ઞાન, આનંદ, વીતરાગ દશા આદિનો આંશિક ઉઘાડ થાય અને અખંડ, નિર્મલ તમારા શુદ્ધ સ્વરૂપનું પ્રગટીકરણ થવા લાગે એ વિભક્તિમાંથી ભક્તિ ભણીનું ભક્તનું અને સાધકનું પ્રયાણ.

• • •

## સંદર્ભ સૂત્ર - ૫

● પરમતત્ત્વની સાથે એક થવાનો, એકરૂપતા સાધવાનો ઉપાય ભક્તિ છે. **(આત્મઉત્થાનનો પાયો. પૃ. ૧૭૯)**

● આત્માને પરમાત્મ સ્વરૂપ બનાવે તે ભક્તિ. (૧૭૯)

● આત્માનું પરમાત્મ સ્વરૂપમાં મળી જવું. એનો અર્થ એ છે કે, આત્માએ પોતાના કર્માવૃત પરમાત્મભાવને પ્રકટ કરીને પરમાત્મભાવરૂપ થઈ જવું. (૨૪૭)

● અંતર્દૃષ્ટિ દ્વારા પોતામાં વર્તમાન પરમાત્મભાવ દેખાય છે. તેને પૂર્ણપણે અનુભવવો-લાવવો તેનું જ નામ જીવનું શિવ થવું છે. (૨૪૭)

● મનુષ્ય પરમાત્માની અંતર્મુખ થઈ ખોજ કરે તો જ અંતે તેને અનુભવ થાય કે પોતે એ પરમાત્માનું સ્વરૂપ છે. (૧૭૯)

● શ્રી તીર્થંકર પરમાત્માના આત્મદ્રવ્યની પૂજા, પોતાના આત્મસ્વરૂપની પૂજા સ્વરૂપ છે. એમનું ધ્યાન એ પોતાના આત્માનું જ ધ્યાન છે. (૪૮)

● આત્મા-પરમાત્મા કે જીવાત્માનું શુદ્ધસ્વરૂપ-ચૈતન્યસ્વરૂપ એકસરખું છે. તેથી પરમાત્મ ધ્યાનમાં તન્મય બનેલો આત્મા પોતાનું પરમાત્મ સ્વરૂપ અનુભવે છે. એ જ 'અનુભવ દશા' છે. એને જ આત્મદર્શન કે આત્માનુભવ કહે છે. (૩૬૫)

● નિર્વિચાર દશામાં શાંતિ મળે પણ આત્મામાં પરમાત્માના તાદાત્મ્યનો અનુભવ તો સમર્પણભાવથી જ થાય. પરમાત્માના સાન્નિધ્યના અનુભવમાં શાંતિ, શક્તિ અને ભક્તિ ત્રણે વસ્તુ સમાઈ જાય છે.

પરમાત્મા સર્વોત્તમ અને સર્વ સ્વરૂપ છે, એમ માનીને તેમને સર્વ સમર્પણભાવથી આરાધવામાં આવે, તો સફળતા મળે જ. (૭૮)





## ૬

# આધારસૂત્ર

સ્વાત્માના મૂળ સ્વરૂપને પ્રગટ કરવા માટે જ ભક્તિ છે.

- આત્મઉત્થાનનો પાયો, પૃ. ૨૬૨

# ૬ ભક્તિ : સ્વરૂપનું પ્રાકટ્ય

તારંગા તીર્થની યાત્રાએ શ્રેષ્ઠિવર્ય કસ્તૂરભાઈ ગયેલા. પ્રદક્ષિણા ફરતાં તેમણે જોયું કે મંડોવરનાં શિલ્પો, આવા મહાપ્રાસાદમાં જે રીતે હોવાં જોઈએ, તેવાં કલાકૃતિયુક્ત દેખાતાં નહોતાં.

તેમણે પોતાની જોડે આવેલ સ્થપતિને કહ્યું : એક જગ્યાએ તમે ટાંકણાં લગાડો. અને મૂળ પથ્થર ન આવે ત્યાં સુધી ઊંડા જાવ. સ્થપતિએ એક કારીગર પાસે એવી રીતે સાફસૂફી કરી. નવાઈ વચ્ચે, અંદર રહેલ કલાકૃતિઓ ભવ્ય, અતિભવ્ય હતી.

સ્થપતિએ કહ્યું તે પ્રમાણે પથ્થર પર કાળાશ - પાણીને કારણે - થઈ ગયા પછી કોઈ વહીવટદારે સફેદો કરાવ્યો હશે. બીજા એવા જ વહીવટદારે ચૂનાનું પ્લાસ્ટર કરાવરાવ્યું હશે. પછી તો એ સિલસિલો ચાલુ રહ્યો હશે. ચૂનાના પ્લાસ્ટરમાં તિરાડો પડે એટલે ફરી નવું પ્લાસ્ટર... કલાકૃતિઓનાં ઊંડાણને પ્લાસ્ટરે દબાવી દીધું.... ફરી મૂળરૂપમાં જિનાલય આવ્યું ત્યારે તેની કલા જોઈ બધા આશ્ચર્યચકિત બની ગયા.

●●●

પૂજ્યપાદશ્રીજી ભક્તિની વ્યાખ્યા આપતાં કહે છે : 'સ્વાત્માના મૂળ સ્વરૂપને પ્રગટ કરવા માટે જ ભક્તિ છે... સાધકમાં એ પરમાત્માને (મૂળ સ્વરૂપને) પામવાની ઉત્કટ આતુરતા હોવી જોઈએ.'

પૂજ્યપાદશ્રીજીના આ વિધાનના સન્દર્ભે હું તમને પૂછું : તમારા મૂળ સ્વરૂપને પ્રગટ કરવા તમે આતુર છો ? શરીરને પેલે પાર, મનને પેલે પાર રહેલું જ્યોતિર્મય સ્વરૂપ તમારું જે છે, તેને ખુલ્લું કરવું છે ?

તમારો જવાબ હકારમાં હોય તો સ્વરૂપ-પ્રાકટ્યની યાત્રા શરૂ કરીએ.

●●●

પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજે પરમતારક શ્રી સુવિધિનાથ ભગવાનની સ્તવનામાં સ્વરૂપસ્થિતિની પ્રાપ્તિ માટે છ ચરણો આપ્યાં છે. આપણે એમના હાથમાં આપણો હાથ મૂકી ચાલીએ.

સ્તવનાની કડી આ પ્રમાણે છે :

પ્રભુમુદ્રાને યોગ પ્રભુ-પ્રભુતા લખે હો લાલ,
દ્રવ્ય તણે સાધર્મ્ય સ્વસંપત્તિ ઓળખે હો લાલ;
ઓળખતાં બહુમાન સહિત રુચિ પણ વધે હો લાલ,
રુચિ અનુયાયી વીર્ય ચરણધારા સધે હો લાલ.

છ ચરણો આ થયાં : (૧) પ્રભુની મુદ્રા જોતાં પ્રભુની પ્રભુતાનું દર્શન, (૨) પ્રભુના નિર્મળ આત્મદ્રવ્ય જેવું જ આત્મદ્રવ્ય - સત્તામાં - પોતાની પાસે છે એનું આકલન, (૩) બહુમાન, (૪) રુચિ, (૫) આત્મશક્તિ અને (૬) ચરણધારા (ચારિત્ર).

ક્રમશઃ આ છએ સાધનાનાં ચરણોને જોઈએ.

જોઈશું કે ચાલશું ? આપણે કહીએ ને, 'ગુરુ સાથે પદ ચરીએ...' ગુરુ સાથે તીર્થયાત્રા. રાણકપુર તીર્થની યાત્રા થઈ. હવે સ્વરૂપ તીર્થની યાત્રાએ.

●●●

પહેલું ચરણ : 'પ્રભુમુદ્રાને યોગ પ્રભુ-પ્રભુતા લખે હો લાલ...' પ્રભુમુદ્રાને જોતાં પ્રભુની પ્રભુતાનું - વીતરાગતા આદિનું દર્શન.

મૂળમાં 'લખે' શબ્દ છે. લખે એટલે જુએ. ઓળખે. લક્ષિત કરે. પ્રભુની પ્રભુતા એ લક્ષ્યબિન્દુ બની જાય. એના પર દૃષ્ટિ સ્થિર થાય.

પ્રભુની મુદ્રા... મુખ મુદ્રા, પૂરા શરીરની મુદ્રા. કેટલી તો એ અદ્‌ભુત છે ! પૂજ્ય આનન્દઘનજી મહારાજના શબ્દો કાનમાં ગુંજે :

'અમીય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાન્ત સુધારસ ઝીલતી રે, નીરખત તૃપ્તિ ન હોય...'

તમે જોયા જ કરો, જોયા જ કરો. આંખો ધરાય જ નહિ, એવું એમનું રૂપ છે. ભક્ત કવિ સૂરદાસજી કહે છે : 'જિન આંખિન મેં નવિ રૂપ વસ્યો, ઉન આંખિન સેં અબ દેખિયો ક્યા ?' મઝાની વાત એ છે કે સૂરદાસજી પ્રભુના રૂપ માટે માત્ર રૂપ શબ્દ વાપરે છે. એમના લયમાં પ્રભુનું રૂપ તે જ રૂપ; બાકીનું યા તો અરૂપ, યા કુરૂપ.

●●●

એક ફરક તમે સ્પષ્ટ રૂપે જોઈ શકો :

મહાત્મા બુદ્ધની મૂર્તિઓમાં મુખ પર કરુણાનો ભાવ ઉપસાવાયેલ છે. મૂર્તિ જોતાં લાગે કે કરુણા જ, શબ્દશઃ, ત્યાંથી ટપકી રહી છે. તીર્થંકર પ્રભુની મુખમુદ્રા પરથી વીતરાગભાવ વહેતો અનુભવાય.

કરુણા એ વચ્ચેનો પડાવ છે. કરુણાને સાપેક્ષ સાધના કહી શકાય. કઠોરતા એ દૂષણ છે, એને કાઢવા માટે કોમળતા જોઈએ. કેવી કોમળતા ? દશવૈકાલિક સૂત્રની હારિભદ્રીય ટીકામાં ભગવાન હરિભદ્રસૂરિજી કહે છે : 'सर्वजीवस्नेहपरिणामः साधुत्वम्...' સર્વ

જીવાત્માઓ પ્રત્યે કોમળતા તે સાધુત્વ. આ કોમળભાવ આવ્યા પછી ચેતનાને સર્વ જીવોમાંથી લઈને માત્ર સ્વગુણોની ધારામાં મૂકવાની છે. અને એ રીતે, પોતાની ભીતર ઊતરીને સાધક વીતરાગ દશાની પ્રાપ્તિ ભણી આગળ વધે છે.

●●●

અઈમુત્તા મુનિની સાધનાયાત્રા આ જ રીતે ચાલી હતી. ખ્યાલ આવ્યો કે અપ્કાયની વિરાધના પોતે કરી છે ત્યારે કોમળભાવથી હૃદય ભરાઈ ગયું તેમનું. ઈરિયાવહી સૂત્ર પડિક્કમતાં 'जे मे जीवा विराहिया...' બોલતાં એમની આંખોમાંથી આંસુની ધાર વહી... ચેતના સર્વ જીવો પ્રત્યેના મૈત્રીભાવમાં વિસ્તરી... કઠોરતા દૂર થઈ. હવે કોમળભાવની સાધના જરૂરી નથી. હવે શુક્લધ્યાનની ધારામાં પ્રવેશી સ્વગુણોની અનુભૂતિ, સ્વરૂપ દશાની અનુભૂતિ તેમણે કરી...

●●●

પરમપાવન આચારાંગ સૂત્રનું એક સરસ સૂત્ર છે : 'एगे आया...' આત્મા એક છે. હવે એ સૂત્રની ઘણી બધી રીતે વ્યાખ્યા થઈ શકે. આપણે બે રીતે વ્યાખ્યા કરીએ. સંગ્રહ નયની દૃષ્ટિએ એનો અર્થ એવો થાય કે આત્મદ્રવ્ય એક જ છે. તમારું આત્મદ્રવ્ય સમગ્ર વિશ્વના બધા જ આત્માઓને આવરી લેતું હોવું જોઈએ. સાધકના મૈત્રીભાવના વ્યાપ વડે આ બની શકે. તમારું આત્મદ્રવ્ય, મૈત્રીભાવના તન્તુ વડે, સકળ જીવરાશિ જોડે સંબદ્ધ બન્યું. એથી કોઈની પણ પીડાનો અનુભવ તમને થાય.

નિશ્ચય નયની દૃષ્ટિએ તમારા આત્મદ્રવ્યને બીજા કોઈ જોડે સંબંધ નથી. આ દૃષ્ટિબિન્દુથી 'एगे आया...' એટલે આત્મા એક, સ્વતંત્ર, અલગ છે. પૂજ્ય દેવચન્દ્રજી મહારાજે પરમતારક શ્રી અભિનન્દન પ્રભુની સ્તવનામાં કહ્યું : 'દ્રવ્યે દ્રવ્ય મિલે નહિ, ભાવે તે અન્ય અવ્યાપ્ત...' પુદ્‌ગલદ્રવ્ય અને આત્મદ્રવ્ય પણ, નિશ્ચય નયથી, ભિન્ન છે. અને દરેક આત્મા બીજાથી ભિન્ન છે. બહુ મઝાની વાત કરી : 'ભાવે તે અન્ય અવ્યાપ્ત.' અન્ય દ્રવ્યને પોતાની ભીતર વ્યાપ્તિ - જગ્યા ન આપવી એ આત્મદ્રવ્યનો પણ સ્વભાવ. કેટલી સરસ વાત ! પરનો પ્રવેશ જ તમારી ભીતર નહિ !

●●●

અપરિગ્રહની આપણી સૂક્ષ્મ વ્યાખ્યા પણ કેટલી મઝાની છે ! પરમાં તમારો પ્રવેશ નહિ, કે પરનો તમારામાં - આસક્તિ આદિરૂપે - પ્રવેશ નહિ તે અપરિગ્રહ.

●●●

આ લયમાં સમાધિશતક ગ્રન્થે સરસ સાધના આપી : 'ચિન્તે ન પર ગુણ-દોષ...' સાધનાના એક પડાવે સાધક બીજાના ગુણોને પણ જોતો નથી, વિચારતો નથી.

એટલે, પર-ગુણદર્શન એ પણ સાપેક્ષ સાધના થઈ. જ્યાં સુધી સાધકને પરના દોષો દેખાઈ જાય છે ત્યાં સુધી એણે પ્રમોદભાવને ભાવીને બીજાના ગુણો જોવા જોઈએ.

પરંતુ, સાધનાના આગળના પડાવે, જો બીજા તરફ દૃષ્ટિ જ નથી જતી; બીજાના દોષો દેખાવાનો જ્યારે સંભવ નથી; ત્યારે બીજાના ગુણોને વિચારવાની જરૂર નથી. હવે માત્ર સ્વગુણોની અનુભૂતિની ધારામાં જ સાધકે જવાનું છે.

●●●

સ્વરૂપયાત્રાની સાધનાનું પહેલું ચરણ આપણે જોઈ રહ્યા છીએ. 'પ્રભુમુદ્રાને યોગ પ્રભુ-પ્રભુતા લખે હો લાલ...' પ્રભુની મુદ્રા જોઈને ભાવક પ્રભુની પ્રભુતાને - આન્તર સંપત્તિને જુએ છે.

આવું દર્શન કરાવતાં ભક્તિયોગાચાર્ય પૂજ્ય કાન્તિવિજય મહારાજ પરમતારક શ્રી સુવિધિનાથ પ્રભુની સ્તવનામાં કહે છે :

ત્રિગડે રતન સિંહાસન બેસી,
ચિહું દિશિ ચામર ઢળાવે રે;
અરિહંત પદ પ્રભુતાનો ભોગી,
તો પણ જોગી કહાવે રે...

પ્રભુ ! તારી યોગમુદ્રા ગજબની છે ! રત્નના સિંહાસન પર આપ બેઠા છો. ચામરો ઢોળાઈ રહ્યાં છે. ઈન્દ્રો આપનાં ચરણે પોતાનું મસ્તક મૂકી રહ્યાં છે. અરિહંત પદની પ્રભુતાનો આપ ભોગ કરી રહ્યા છો. છતાં આપ યોગી છો, અરે, યોગીશ્વર છો.

પરમાત્માનું આ યોગૈશ્વર્ય.

બધી જ બહારની પ્રાતિહાર્યાદિ ઋદ્ધિ વચ્ચે પ્રભુ નિર્લેપ છે.

ઋદ્ધિ તો કેવી ! ત્રણ ભુવનમાં ક્યાંય ન હોય તેવી. અને નિર્લેપતા પણ એવી જ...

કોડિ ગમે ઊભા દરબારે,
જય મંગલ સુર બોલે રે;
ત્રણ ભુવનની ઋદ્ધિ તુજ આગે,
દીસે ઈમ તૃણ તોલે રે...

કરોડો દેવો પ્રભુના દરબારમાં આવીને જય-જયકાર કરી રહ્યા છે... પ્રભુ ! તારું આ યોગૈશ્વર્ય ! ત્રણે ભુવનની બધી જ ઋદ્ધિ-સિદ્ધિ તારા આ યોગૈશ્વર્ય પાસે ફિક્કી છે. તણખલા જેવી છે.

છતાં, આ બાહ્ય ઋદ્ધિઓની વચ્ચે રહેવા છતાં, પ્રભુ ! તું તો માત્ર તારામાં જ છે. તું કોઈનામાં નથી.

અત્યારે પ્રભુનું દર્શન કરીએ ત્યારે પ્રભુની આ સ્વરૂપસ્થતા દેખાય.

●●●

એક બહુ પ્યારો શબ્દ આપણી પરંપરામાં છે : સ્વસ્થતા. અંગ્રેજીમાં શબ્દ છે હેલ્થ. જેનો અર્થ આરોગ્ય થઈ શકે. રોગનો અભાવ.

આપણી પરંપરાનો શબ્દ શારીરિક આરોગ્યના હેતુ સુધી જાય છે. તમે જો સ્વ-સ્થ હો, પોતાની અંદર રમમાણ; તમને સંપત્તિ આદિ બહુ ભેગા કરવાના અભરખા ન હોય; તો તમે સ્વસ્થ. આ સ્વસ્થતા હોય તો આરોગ્ય કુદરતી રીતે આવવાનું છે.

બ્લડપ્રેસર ઊંચું કેમ જાય છે ? દેખીતી રીતે, તણાવને કારણે. બહારથી પૈસા લાવી ધંધો શરૂ કર્યો હોય, એમાં ફાવટ ન આવે ત્યારે વેપારી વ્યાજના ચક્કરમાં ફસાઈ તણાવમાં ફસાય.

પણ, જરૂરિયાત સીમિત રાખી હોય અને જરૂરિયાત પ્રમાણે સંપત્તિ મળે એ રીતે ગોઠવણ કરનારને તણાવ લગભગ નહિ થાય.

લોકો ભેગા થાય ત્યારે એકબીજાને પૂછે : સ્વસ્થ છો ને ? સામાવાળાનો જવાબ હકારમાં જ લગભગ હોય. ન પૂછનાર સ્વસ્થ હોય, ન ઉત્તર આપનાર. પરસ્થ મનુષ્યોની આ સ્વસ્થતા-પૃચ્છા !

●●●

પહેલું ચરણ : 'પ્રભુમુદ્રાને યોગ પ્રભુ-પ્રભુતા લખે હો લાલ...'

પ્રભુની પ્રભુતા - વીતરાગતા આપણને દેખાય... જોકે, પ્રભુને જોવા માટે ભક્તની આંખો જરૂરી છે. પરમપાવન કલ્પસૂત્રમાં હૃદયંગમ પ્રસંગ આવે છે : દેવાધિદેવ પ્રભુ મહાવીર દેવાનંદા માતાની કુક્ષિમાં. ૮૨ દિવસનો ગર્ભકાળ થયેલો. તે વખતે સૌધર્મેન્દ્ર જંબૂદ્વીપને પોતાના અવધિજ્ઞાનથી જુએ છે. અને એમાં જ્યાં પ્રભુને માતાની કુક્ષિમાં જોયા; ઇન્દ્ર મહારાજનું શરીર, મન, અસ્તિત્વ આનંદથી સભર બની ગયું. 'મારા ભગવાન ! મારા તારણહાર !' ભક્તિયુક્ત ચિત્તવાળા ઇન્દ્રદેવ રત્નમય મોજડીને ઉતારીને પ્રભુની સમ્મુખ જાય. નમુત્થુણં૰ દ્વારા સ્તવના કરે.

બ્યાસી દિવસનો ગર્ભકાળ. કદાચ ગર્ભ પ્રવાહી રૂપમાં હશે. અંગોપાંગો પણ સ્પષ્ટ રીતે વિકસ્યાં નહિ હોય. પણ ભક્તની દૃષ્ટિએ એ છે તારણહાર...

●●●

મારા નાનપણની એક ઘટના મને યાદ આવે છે. કો'ક સામયિકમાં મેં લેખો વાંચ્યા; જેમાં લેખકોએ લખેલ કે શ્વેતાંબર જૈનો વીતરાગ પ્રભુને સોના, હીરાના દાગીનાથી મઢી દે છે. વીતરાગતાને અને આ વૈભવને સંબંધ શો ?

મારા અપરિપક્વ મગજમાં આ વાત ઊતરી ગઈ. બીજા દિવસે વિહારયાત્રામાં શંખેશ્વર તીર્થ આવ્યું, સાંજે દાદાનાં દર્શન માટે ગયા. સુન્દર આંગી. પ્રભુ અપ્રતિમ હતા, પણ જોવાની દૃષ્ટિ મારી પાસે ક્યાં હતી ?

દર્શન કરીને પૂજ્યપાદ જમ્બૂવિજયજી મહારાજ સાહેબને વન્દન માટે ગયો. સહજ રીતે તેઓશ્રીને પૂછ્યું કે વીતરાગ પ્રભુને આ મુગટ વગેરે શા માટે ?

એમણે મને પ્રેમથી કહ્યું : 'ભાઈ ! એ તો જગતનો ઠાકુર છે, ઠાકુર. ઠકુરાઈ ત્યાં ન હોય તો ક્યાં હોય ?' પછી કહે : 'એ ઠકુરાઈની વચ્ચે પ્રભુની જે ઉદાસીન દશા છે, તે તેં જોઈ ?'

પ્રભુની વીતરાગ દશાનું દર્શન મને ત્યાં થયું.

●●●

સાધનાનું પહેલું ચરણ : પ્રભુની પ્રભુતાનું દર્શન. પ્રભુની વીતરાગ દશાનું દર્શન.

એ દર્શન માટે સામાન્યતયા ક્રમ આવો છે : શાસ્ત્રદષ્ટિ, ગુરુદષ્ટિ, અનુભવદષ્ટિ.

પહેલી શાસ્ત્રદષ્ટિ. શાસ્ત્રોમાં સાંભળ્યું અને થયું કે મહાપુરુષો કહે છે કે પ્રભુ વીતરાગ છે, તો પ્રભુ તેવા હોવા જ જોઈએ.

પછી તમે ગુરુદષ્ટિક બનો. સદ્‌ગુરુના સાન્નિધ્યમાં રહીને પ્રભુને જોવાનો, પામવાનો મઝાનો માર્ગ શરૂ થાય. તમે સદ્‌ગુરુની આંખોને જુઓ અને ત્યાં પણ તમને પ્રભુનું દર્શન થઈ રહે.

એ પછી આવે છે અનુભવદષ્ટિ. સદ્‌ગુરુ તમારા હૃદયમાં પ્રવચન-અંજન આંજે અને ભક્ત 'હૃદય નયન નિહાળે જગધણી'.

પ્રવચન અંજન.

ક્યારેય તમને એવું લાગ્યું હશે કે સદ્‌ગુરુદેવ પોતાના હાથમાં અંજન લઈને ઊભા છે... તેઓ વાટ જોઈ રહ્યા છે તમારી સજ્જતાની. તમારું હૃદય અહોભાવ વડે ભીનું ભીનું થાય અને સદ્‌ગુરુ ત્યાં અંજન આંજી દે.

કદાચ સદ્‌ગુરુ જન્મોથી તમારી રાહ જોઈ રહ્યા છે. હવે કેટલી રાહ જોવડાવશો ? કેટલી... ?

અહોભાવથી ભીનું ભીનું હૃદય ભક્તનું.

પ્રવચન અંજન સદ્‌ગુરુ દ્વારા.

●●●

સ્વરૂપમાં ડૂબેલ પ્રભુનો સાક્ષાત્કાર થાય; પોતાની અંદર રહેલી એવી જ દશાનો આંશિક અનુભવ થાય ત્યારે ભક્ત જે માણી રહ્યો હોય છે ભીતરી આનંદ; તેની મસ્ત અભિવ્યક્તિ કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યે યોગશાસ્ત્રના ૧૨મા પ્રકાશમાં આપી છે.

તેઓ કહે છે :

मोक्षोऽस्तु माऽस्तु यदि वा, परमानन्दस्तु वेद्यते स खलु ।
यस्मिन् निखिलसुखानि, प्रतिभासन्ते न किञ्चिदिव ॥ ५१ ॥

ધ્યાનમાં ડૂબવાનું આ સુખ.

પોતાની ભીતર ડૂબવાનું આ સુખ.

કલિકાલસર્વજ્ઞની કેફિયત કેટલી મઝાની છે! : પરમ આનન્દમાં ડૂબવાનું થયું છે. એવો આનંદ, જેમાં બધાં જ સુખો - શારીરિક, માનસિક - ફિક્કાં, નકામાં લાગે છે.

આ પરમ આનન્દ શી રીતે મળ્યો એની વાત કરતાં તેમણે કહ્યું : ઉદાસીનભાવમાં જ્યારે ડુબાયું ત્યારે બધું કૃતિત્વ છૂટી ગયું. તમે સહજ સ્થિતિમાં બેઠા છો. બધું જોયા કરો છો. નથી પ્રયત્ન, નથી ઈચ્છા કે વિચાર; તમારી ભીતર રહેલ આનન્દનાં ઝરણાંનો સાક્ષાત્કાર તમને થાય છે. ઉપયોગ શરીર અને મન પરથી હટ્યો; સ્વરૂપ ભણી ગયો.

આ જ લયમાં કેફિયત આગળ વધે છે : જે સાધક સ્વસ્થ હોય છે; પોતાની ભીતર ડૂબેલો, ભીતરના લયમાં ખોવાયેલો; તે

મુક્તિસુખની અનુભૂતિ કરી શકે છે. તે યોગિપુરુષ જાગતો હોવા છતાં, સૂતેલ લાગતો હોય; તેના શ્વાસોચ્છ્વાસ પણ મંદ પડી ગયેલ હોય...[૧]

ભીતરના લય સાથે પોતાની સંવાદિતા સાધક ક્યારે સાધી શકે છે એની વાત કરતાં યોગશાસ્ત્રે કહ્યું : પ્રયત્નો / કૃતિત્વ સંપૂર્ણતયા નષ્ટ થાય અને વિકલ્પો લગભગ થંભી જાય ત્યારે ભીતરી લય સાથે સાધકનું તાદાત્મ્ય સરજાય છે.[૨]

●●●

પ્રભુની પ્રભુતાના દર્શનરૂપી પ્રથમ ચરણ પછી હવે બીજું ચરણ આવે છે : 'દ્રવ્ય તણે સાધર્મ્ય સ્વસંપત્તિ ઓળખે હો લાલ...' પ્રભુની પ્રભુતા જે આત્મદ્રવ્યમાં નિષ્પન્ન થઈ એવું જ આત્મદ્રવ્ય મારી પાસે છે. તો પછી, મારા આત્મદ્રવ્યમાં પણ આવી જ પ્રભુતા પ્રગટે ને !

સ્તવનાકારે પણ કહ્યું છે : 'આવિરભાવે તુજ સયલ ગુણ માહરે, પ્રચ્છન્ન ભાવથી જોય...' પ્રભુ ! તારી પાસે જે વીતરાગ દશા આદિ ગુણસંપત્તિ પ્રગટ છે, તે જ ગુણસંપત્તિ મારી પાસે ઢંકાયેલી પડેલી છે...

પ્રભુની ગુણસંપત્તિનું દર્શન થયા પછી તેવી જ સંપત્તિ પોતાની પાસે છે એવો ખ્યાલ આવ્યો તે બીજું ચરણ.

●●●

---

१. यो जाग्रदवस्थायां स्वस्थः सुप्त इव तिष्ठति लयस्थः ।
श्वासोच्छ्वासविहीनः, स हीयते न खलु मुक्तिजुषः ॥ १२/४७

२. यावत्प्रयत्नलेशो, यावत्सङ्कल्पकल्पना कापि ।
तावन्न लयस्यापि, प्राप्तिस्तत्त्वस्य का तु कथा ॥ १२/२०

ત્રીજું ચરણ : 'ઓળખતાં બહુમાન...' એક તીવ્ર આદરભાવ ઊપજે.

પોતાની પાસે ગુણોનો ખજાનો છે એ ખ્યાલ આવ્યો બીજા ચરણે. ત્રીજા ચરણે પ્રભુ પર બહુમાનભાવ થયો. પ્રભુની સ્વરૂપ દશાનું પ્રાકટ્ય ખૂબ ખૂબ ગમ્યું. આંખો છલછલાઈ આવે.

એક માણસ રેલવેના ડબ્બામાં બેઠેલો. પ્રવાસ લાંબો હતો. સવારે આઠ વાગ્યે ગાડીમાં બેઠેલો. સાંજે પાંચ વાગ્યે જ્યાં જવું છે એ ગામ આવવાનું હતું. બપોરે જમવા માટે ભાખરી-શાક ટિફિનમાં લીધેલા.

છાપું વાંચવામાં એ તલ્લીન થઈ ગયો. વિચારેલું એવું કે બાર વાગ્યે જમીશું. બારને બદલે સાડા-બાર, પોણો થયો... એ છાપામાં ડૂબેલો છે. એ વખતે બાજુવાળા સહયાત્રીએ પોતાનું ટિફિન ખોલ્યું. ભાખરી-શાકની સોડમ આવી. પેલાએ તરત પોતાની ઘડિયાળ જોઈ. અરે, પોણો વાગી ગયો ! ચાલો, હું પણ જમી લઉં. એણે પોતાનું ટિફિન ખોલ્યું. અને ભાખરી-શાક ખાવા લાગ્યો.

સહયાત્રીએ શું કર્યું ?

એણે યાદ અપાવી કે જમવાનો સમય થયો છે. તારી પાસે રહેલ ભોજનને તું જમી લે.

પ્રભુની ગુણસંપત્તિ જેવી જ ગુણસંપત્તિ મારી પાસે છે આવો ખ્યાલ આવ્યા પછી પ્રભુ પર જે બહુમાનભાવ જન્મ્યો, તે પેલી ગુણસંપત્તિને પ્રાપ્ત કરવા માટેની ભૂખ ઉઘાડે છે.

બહુમાનભાવ પ્રભુ પ્રત્યે.

બહુમાનભાવ પ્રભુની ગુણસંપત્તિ પ્રત્યે.

એ બહુમાનભાવ પોતાની ગુણસંપત્તિને પ્રાપ્ત કરવાની ઈચ્છારૂપે પરિણમશે. ગુણોને પામવાની ભૂખ ઊઘડશે.

●●●

ભૂખ ઊઘડી, એ જાણવાની નિશાની એ કે તમને પરમાં જવું હવે ગમે નહિ. પરમાં જવું પડે, પરમાં થોડી ક્ષણો રહેવું પડે; પણ પરમાં જવું ગમે નહિ. શરીર ખાઈ લે, પી લે. આસક્તિ દ્વારા તમે એમાં ભળો નહિ. તમે તમારા ઉપયોગને વિભાવમાં નહિ જવા દો.

શરીર પરમાં જાય; મન ન જાય. શરીર રોટલી-શાકને ખાય; મન નહિ. સંથારો સારી જગ્યાએ પથરાયો. શરીર સૂઈ ગયું. મનને સુંવાળપ ન લાગવી જોઈએ. ગઈ કાલે કાંકરાવાળી જગ્યા હતી. આજે સારી જગ્યા છે એવું થયું તો તમે મન સંથારાને આપ્યું. ના, મન સંથારાને આપવાનું નથી.

●●●

'ઓળખતાં બહુમાન...'

પહેલાં ચરણે પ્રભુની સ્વરૂપસ્થિતિ જોવાઈ. બીજા ચરણે પોતાની  સ્વરૂપસ્થિતિ તેવી જ છે, પણ આવૃત-ઢંકાયેલી છે તે ખ્યાલ આવ્યો. ત્રીજા ચરણે એ ખ્યાલ આવ્યો કે પ્રભુએ સાધના

દ્વારા સ્વરૂપસ્થિતિને પ્રગટ કરી. પ્રભુનું આ સ્વરૂપપ્રાગટ્ય ગમ્યું. ખૂબ ગમ્યું. પોતાનું સ્વરૂપ આવું જ છે એની યાદ આવી. અને આવું સ્વરૂપ પોતાને ક્યારે મળે એની આછી ઝંખના થઈ.

●●●

પણ–

તીવ્ર ઝંખના વિના યાત્રા કેમ શરૂ થશે ? એટલે ચોથું ચરણ આપે છે : 'રુચિ પણ વધે હો...' રુચિ. તીવ્ર ઝંખના.

બહુમાન અને રુચિમાં જે ફરક છે તે જોઈએ. બહુમાનભાવના સ્તરે જે મહાપુરુષના ગુણોને તમે જુઓ, તે ગુણો પ્રત્યેનું તમારું આકર્ષણ હોય. એ મહાપુરુષનાં ચરણોમાં ઝૂકી જવાનું મન થાય. બહુમાન ગુણો પર છે, એટલે આંશિક ઝંખના જરૂર માની શકાય... પરંતુ મુખ્ય ઝોક આ સ્તરે - ભાવધારાનો - એ રહેશે કે એ મહાપુરુષને કેવી ગુણસંપત્તિ મળી ગઈ !

રુચિના સ્તરે, તીવ્ર ઝંખનાના સ્તરે પોતાને આ ગુણસંપત્તિ કેમ મળે એની તીવ્ર ઈચ્છા પ્રગટે છે. એ ગુણોને મેળવવા માટે કેટલા માર્ગો છે એનું અનુપ્રેક્ષણ થાય છે.

એક ઘમ્મરવલોણું સતત ચાલ્યા કરતું હોય કે મને આ ક્યારે મળે ? ક્યારે...? ક્યા...રે ?

પ્રસ્તુતમાં, સ્વરૂપ દશાની પ્રાપ્તિની રુચિ ખૂલે છે. મને આ દશા જલદી જલદી મળવી જ જોઈએ એવો સંકલ્પ દૃઢ થયા કરે છે.

●●●

રુચિને બળવત્તર કેમ બનાવવી ?

પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજે પરમતારક શ્રી કુન્થુનાથ પ્રભુની સ્તવનામાં રુચિને બળવત્તર બનાવવાની વાત આ રીતે કરી છે :

અસ્તિ સ્વભાવ જે આપણો રે,
રુચિ વૈરાગ્ય સમેત;
પ્રભુ સમ્મુખ વન્દન કરી રે,
માંગીશ આતમ હેત...

વિભાવકેન્દ્રિતતા એ વ્યક્તિત્વ છે. સ્વરૂપકેન્દ્રિતતા એ અસ્તિત્વ; અને એ મારો સ્વભાવ છે. પ્રભુ પાસેથી હું આ અસ્તિત્વને યાચીશ.

બહુ મઝાની વાત આ કડીમાં અસ્તિત્વના માર્ગની થઈ છે : 'રુચિ વૈરાગ્ય સમેત...' અહીં એક વર્તુળ ચલાવવાનું છે : રુચિ, વૈરાગ્ય, રુચિ, વૈરાગ્ય, રુચિ...

રુચિ એટલે સ્વરૂપદશાની પ્રાપ્તિની ઝંખના. એને બળવાન કોણ બનાવશે ? વૈરાગ્ય. વૈરાગ્ય એટલે પરની અનાસ્થા. શરીર માટે વસ્ત્રાદિનો ઉપયોગ કરનાર સાધકને પણ એ વસ્ત્રો વગેરે પર આસ્થા નથી. એ હોય તો મને સુખ મળે, આવો કોઈ વિચાર એની પાસે નથી.

રુચિમાં વૈરાગ્ય ભળશે એટલે રુચિ બળવાન બનશે. સશક્ત બનેલ એ રુચિમાં ફરી વૈરાગ્ય ભળશે એટલે રુચિ બળવત્તર બનશે. આમ, રુચિ પ્રબળ ને પ્રબળ થયા કરશે.

●●●

રાણકપુર તીર્થમાં આપણે બધા છીએ. રુચિના સ્તરને ઉભારવા માટેની એક પ્રાયોગિક વિધિ તમને બતાવું : પ્રભુ પાસે બેસો. પ્રભુના ભુવનવિમોહન રૂપને જુઓ. અને સ્વરૂપસ્થિતિની પ્રાર્થના કરો. બની શકે કે સદ્‌ગુરુએ કહ્યું છે માટે તમે આ સ્થિતિ યાચો. તમને એનો આંશિક પણ અનુભવ નથી. પ્રભુ પાસે શાન્ત ચિત્તે તમે બેઠા છો. બહારના વિચારો થંભ્યા છે. તમે પ્રાર્થના કરી. ભીતર શાન્તિનો અનુભવ તમને થાય છે.

આ અનુભવ અહોભાવને પ્રગાઢ બનાવે. વાહ ! પ્રભુ પાસે મારો પોતાનો આનંદ, મારી પોતાની શાન્તિ પ્રાર્થ્યા. અને પ્રભુએ તો વરસવાનું ચાલુ કરી દીધું !

આ અહોભાવના સ્તર પર પ્રભુની કૃપાનાં આન્દોલનો વધુ સારી રીતે પકડાશે. આમ પ્રક્રિયા ચાલશે.

આંશિક રુચિ. અનુભવ પ્રભુની કૃપાનો. એને કારણે રુચિનું પ્રાબલ્ય. કૃપાની અનુભૂતિ વધુ... મઝાનું વર્તુળ ચાલશે.

●●●

પાંચમું ચરણ : 'રુચિ અનુયાયી વીર્ય...' બહુ મઝાનું આ સાધનાસૂત્ર છે. તમારી આત્મશક્તિ, તમારો આત્મોપયોગ કઈ બાજુ વહેશે ? દેખીતી રીતે જ, તમારી રુચિ હશે એ બાજુ જ.

તમારો ઉપયોગ; જે માત્ર ને માત્ર પ્રભુને / તમારી નિર્મલ ચેતનાને આપવાનો હતો; અનંત કાળથી એ ઉપયોગ અશુભ યોગોને અપાયો છે ને ? મન, વચન, કાયાના અશુભ યોગો

ચાલશે શી રીતે ? તમારી આત્મશક્તિ / ઉપયોગ એમાં ભળશે ત્યારે ને !

સારામાં સારું કેસર કોઈ લાવે કાશ્મીરથી, પ્રભુની ભક્તિ માટે; સારામાં સારી બદામ લાવી પ્રભુની ભક્તિ માટે; અને પછી એ કેસર દૂધમાં નાખી પોતે પી જાય તો કે એ બદામનો બદામપાક બનાવી ખાઈ લે તો એ વ્યક્તિ કેવી કહેવાય ?

આપણો ઉપયોગ પ્રભુના ચરણે, નિર્મલ આત્મદ્રવ્યની અનુભૂતિમાં મુકાવાનો હતો; એને બદલે એ પરમાં વપરાય તો કેવું કહેવાય ?

હું ઘણીવાર કહું છું કે તમે જમતા હો ત્યારે - તમારો ઉપયોગ એ ક્રિયામાં ન હોય, તમે કોઈ વિચારમાં ખોવાઈ ગયા હો - કોળિયામાં અનાજ ભરાય છે, મોઢામાં તે ઠલવાય છે; કાનમાં કે નાકમાં કોળિયો જતો નથી ! તો, ટેવ-વશ, સંજ્ઞા-વશ, આપોઆપ જો આ ક્રિયા થઈ રહી હોય તો તમે તમારા ઉપયોગને શા માટે ભોજનક્રિયામાં મૂકો ?

નોકર તમારા માટે પાણી લાવવા જાય. ત્યારે તમે એની પાછળ પાછળ જતા નથી. નોકર પાણી લાવે છે. તમે પીઓ છો. તો, ભોજનની ક્રિયા શરીર અને અભ્યાસી મન કરી લેતા હોય ત્યારે તમે તમારા ઉપયોગને ત્યાં શા માટે મૂકો ?

આ જ રીતે, શિષ્ટાચાર રૂપે 'કેમ છો ? ક્યારે આવ્યા ?' વગેરે બોલવું / પૂછવું હોય ત્યારે બહારનું મન તે કામ સંભાળી લેશે. ઉપયોગને શા માટે તમે ત્યાં મૂકો ?

વચનગુપ્તિની સજ્ઝાયમાં પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કહે છે :

ભાષા પુદ્ગલ વર્ગણા, ગ્રહણ નિસર્ગ ઉપાધ, સલુણા;
કરવા આતમ વીર્યને, શાને પ્રેરે સાધ ?...

ભાષાવર્ગણાનાં પુદ્ગલોને ગ્રહણ કરવાં અને છોડવાં એ ઉપાધિ-વિભાવ છે. એ માટે સંયમી પોતાના આત્મવીર્યને શા માટે વાપરે ?

તમે બોલો છો ત્યારે શું કરો છો ? ભાષાવર્ગણાનાં પુદ્ગલોને લેવાં અને છોડવાંની કસરત. પ્રભુઆજ્ઞાપૂર્વક બોલવાનું હોય ત્યારે ભાષાસમિતિ - સંયત રીતે બોલવું તે - નો ઉપયોગ કરી શકાય. પણ એવું ન હોય ત્યારે...? ત્યારે વચનગુપ્તિ.

આત્મવીર્ય. સ્વભણી ગયું તો સંવર અને નિર્જરા. પર તરફ વહ્યું તો આશ્રવ. પર તરફ જતાં મન, વચન, કાયાના યોગોને સાધક આત્મશક્તિ શા માટે આપે ?[૩]

સાધકનું આત્મવીર્ય ક્યારેય પર ભણી ન જાય. સાધક પોતાની આત્મશક્તિ દ્વારા જ્ઞાન, દર્શન, ચારિત્રને પુષ્ટ કરે છે. નહિ કે પર તરફ જનાર યોગોને.[૪]

સાધકનો ઉપયોગ પોતાની અંદર જ હોય.

---

૩. **યાવત વીરજ ચેતના, આતમ ગુણ સંપત્ત, સલુણા;**
**તાવત સંવર નિર્જરા, આશ્રવ પર આયત્ત.../વચ. ૬**

૪. **વીર્ય ચપલ પરસંગમી રે, એહ ન સાધક પક્ષ;**
**જ્ઞાન ચરણ સહકારતા રે, વરતાવે મુનિ દક્ષ.../મનો. ૫**

એક સાધક રસ્તામાં જતા હોય છે. એ જ રસ્તા પર બે જણાને કો'ક નાનકડી બાબતમાં અભિપ્રાય-ફરક પડ્યો. એક કહે : આ વસ્તુ આમ છે. બીજાએ કહ્યું : ના, એ એમ નથી, આમ છે.

સમાધાન કઈ રીતે લાવવું ? ત્યાં સાધકને આવતાં જોયા. બેઉએ વિચાર્યું કે સાધકને પૂછી લઈએ. એ જે ઉત્તર આપે તે સ્વીકારી લઈએ.

સાધક આવ્યા. બન્નેએ પોતપોતાનો મત એમની સામે મૂક્યો. સાધકે જોયું કે આનો કોઈ અર્થ નહોતો. એવી ક્ષુલ્લક બાબત આ હતી; જેમાં હા કે ના બેઉ પ્રયોજનહીન હતા.

સાધકે કહ્યું : 'પહેલાં હું પૂછું, તેનો ઉત્તર આપો. ક્યારેક તમે જોયું હશે કે એક હાડકાનો ટુકડો હોય. એક કૂતરાની નજર એના પર પડે અને એ એને પોતાના મોઢામાં લે. ત્યાં બીજો કૂતરો આવે. તેને પણ એ ટુકડો જોઈએ છે. એ પણ પેલાના મુખમાંથી આ ટુકડાને છિનવવાની કોશીશ કરે. હાડકાનો ટુકડો એક. કૂતરાં બે એના માટે લડી રહ્યાં છે. અહીં હાડકાનો અભિપ્રાય શું હોય ?' પેલાઓ કહે : હાડકું તો નિર્જીવ છે, એને વળી અભિપ્રાય શો હોય ?

સાધકે પ્રેમથી કહ્યું : 'તો, તમારી આ ચર્ચામાં પડવા માટે હું પણ મૃત છું.' પછી તેઓ ચાલવા લાગ્યા.

●●●

બૃહત્કલ્પસૂત્રમાં આવી એક ઘટના આવે છે. વસતિ (મકાન) યાચવા માટે જનાર મુનિ ગૃહસ્વામીને કહે છે : અમે જ્યોતિષ,

ગણિત વગેરે કંઈ કોઈને શીખવાડતા નથી. જાણતા પણ નથી. ઘર આદિની રક્ષા પણ અમે કરતા નથી. તમારા ઘરમાં વાસણ, થાંભલા, ભીંત વગેરે જે રીતે નિષ્ક્રિય હોય છે, તે રીતે અમે નિષ્ક્રિય છીએ.[૫]

આ પર તરફની નિષ્ક્રિયતા જ સ્વ ભણીની સક્રિયતામાં ફેરવાશે ને !

કબીરજીની અભિવ્યક્તિ કેટલી તો મઝાની છે ! : 'તેરા સાહિબ હૈ ઘટમાંહિ, બાહિર નૈનાં કયોં ખોલે ?' પ્રભુ / નિર્મલ ચૈતન્ય તારી ભીતર જ છે, તો બહાર આંખોને ફેરવવાનો શું અર્થ !

●●●

'ઉપમિતિ૦'માં ભગવાન સિદ્ધર્ષિ સાધકની આ યાત્રાને અસંગયાત્રા કહે છે. પરના સંગમાં તો અનંત જન્મો ગયા. હવે પરમ / સ્વના સંગમાં. અને એ જ તો અસંગ !

મુનિવરો નિર્દોષ આહારને પણ અસંગયોગની સિદ્ધિ માટે જ લે છે. તેમની બધી જ પ્રવૃત્તિઓ અસંગભણી જઈ રહી છે.[૬]

●●●

---

**५. ण वि जोइसं ण गणियं, ण अक्खरे ण वि य किंचि रक्खामो । अप्पस्सगा असुणगा, भातणखंभोवमा वसिमो ॥ ३३६५ ॥ टीका : वयं नापि ज्योतिषं, न गणितं नाक्षराणि वा शिक्षयामो न वा जानीमः । नापि च किञ्चिद् गृहादिकं रक्षामः, किन्तु भाजनस्तम्भोपमा वसामः । यथा भवतां भाजन-स्तम्भ-कुड्यादीनि सौस्थ्य-दौःस्थ्यव्यापारं न वहन्ति, एवं वयमपि... ॥ - बृहत्कल्प सूत्र**

**६. असङ्गयोगसिद्ध्यर्थं, सर्वदोषविवर्जितम् ।**
**आहारमेते गृह्णन्ति, लौल्यनिर्मुक्तचेतसः ॥**
**किं चेह बहुनोक्तेन, चेष्टा या या महात्मनाम् ।**
**सा सा भगवतामेषां, महामोहादिसूदनी ॥ - उपमिति०, प्र०४, ३२/३३**

'રુચિ અનુયાયી વીર્ય.' જ્યારે રુચિ સ્વ ભણી વળવાની થઈ છે ત્યારે આત્મશક્તિ તે ભણી જ વહેશે.

●●●

અને, હવે છઠ્ઠું ચરણ : 'ચરણધારા સધે હો લાલ...' ચારિત્રની ધારામાં વહેવાનું. જ્ઞાનસાર યાદ આવે : 'चारित्रमात्मचरणात्'. આત્માને વિષે ચાલવું તે ચારિત્ર. તમે સ્વગુણોની ધારામાં વહ્યા જ કરો છો... વહ્યા જ કરો છો...

●●●

કેટલાં મઝાનાં ચરણો થયાં ! (૧) પ્રભુની મુદ્રાને જોતાં પ્રભુની સ્વરૂપસ્થિતિનો ખ્યાલ આવ્યો. (૨) મારી અંદર પણ આવી જ સ્વરૂપદશા - ઢંકાયેલી - પડી છે એનું જ્ઞાન થયું. (૩) પ્રભુએ પોતાની સ્વરૂપદશા પ્રગટ કરી તે વિષે બહુમાનભાવ પેદા થયો. (૪) પોતાની ભીતર રહેલ સ્વરૂપદશાને પ્રકટ કરવાની તીવ્ર ઝંખના પેદા થઈ. (૫) ઝંખના પ્રમાણે આત્મશક્તિનું ઝરણું ચાલે અને (૬) સ્વરૂપની ધારામાં યાત્રા ચાલુ... એ યાત્રાની શિખરાનુભૂતિ તે સ્વરૂપદશાનું પૂર્ણ પ્રાકટ્ય !

●●●

પૂજ્યપાદશ્રીએ આપેલ જે ભક્તિસૂત્રને લઈને આપણે યાત્રા શરૂ કરેલી, તે ભક્તિસૂત્રને ફરી સ્મૃતિમાં લાવીએ : "સ્વાત્માના મૂળ સ્વરૂપને પ્રગટ કરવા માટે જ ભક્તિ છે... સાધકમાં એ પરમાત્માને (મૂળ સ્વરૂપને) પામવાની ઉત્કટ આતુરતા હોવી જોઈએ..."

● ● ●

## સંદર્ભ સૂત્ર - ૬

● શ્રી અરિહંતની મૂર્તિથી શ્રી અરિહંત પરમાત્મા અને શ્રી અરિહંત પરમાત્માથી નિજ શુદ્ધ આત્માનું સ્મરણ થાય છે. (આત્મઉત્થાનનો પાયો. પૃ. ૨૭)

● શ્રી અરિહંત પરમાત્માની શાન્ત રસમયી મનોહર મૂર્તિ પણ શ્રી અરિહંત સ્વરૂપે છે અને એમના અનંત ગુણોનો જ સાક્ષાત્કાર કરાવે છે. વીતરાગના અનંત ગુણો અરૂપી હોવા છતાં મૂર્તિ દ્વારા તે મૂર્ત થાય છે. (૩૭૩)

● શ્રી અરિહંત પરમાત્માની મૂર્તિના દર્શન વડે તેમની પૂર્ણ પ્રભુતાનું જ્ઞાન થાય છે, તે વખતે આત્મદ્રવ્યની તુલ્યતા હોવાથી સ્વાત્મામાં પણ તેવી પ્રભુતા રહેલી છે, તેનું ભાન થાય છે, તેની રુચિ પ્રગટે છે અને તે રુચિ અનુસાર આદર-બહુમાન જાગે છે. અનુક્રમે વીર્યોલ્લાસ વધતાં જ્યારે પરમાત્માના ધ્યાનમાં તન્મયતા સધાય છે, ત્યારે ધ્યાતા પોતાને ધ્યેય સ્વરૂપે અનુભવે છે. (૩૭૩)

● મોક્ષનો માર્ગ રત્નત્રય સ્વરૂપ છે તેમાં જિનભક્તિ અને જીવમૈત્રી એ સમ્યગ્દર્શન સ્વરૂપ છે. પુદ્ગલ વિરક્તિ એ સમ્યક્જ્ઞાન સ્વરૂપ છે. આત્માનુભૂતિ એ સમ્યક્ચારિત્ર સ્વરૂપ છે. (૧૧૯)

● જ્ઞાન વડે સ્વ-પરનો વિવેક થાય છે. દર્શન વડે સ્વની રુચિ જાગે છે. ચારિત્ર વડે સ્વમાં સ્થિરતા આવે છે. તપ વડે તે માટે જરૂરી પરાક્રમ ફોરવાય છે. (૧૧૯)

● આત્મામાં અવસ્થાન એ મુક્તિનું શિખર છે. એ શિખરે સ્થિત મનુષ્યના આત્માના વૈભવ આગળ ત્રણલોકનો વૈભવ તુચ્છ છે. (૮)

● જ્યાં સુધી કર્તૃત્વાભિમાન મનમાં કાયમ રહે છે, ત્યાં સુધી આજ્ઞા સાથેનું જોડાણ થતું નથી, એટલે આત્મશુદ્ધિ અટકેલી રહે છે. (૯૯)

• મંત્ર અને મૂર્તિ, નામ અને રૂપ દ્વારા શુદ્ધ સ્વરૂપની ભક્તિનું સાધન બને છે. ભક્તિ દ્વારા એકતાની અનુભૂતિ થાય છે. તે અનુભૂતિ જ સર્વ ક્રિયાઓ અને સાધનાઓનું અંતિમ ફળ છે. (૩૯૪)

• આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રતીતિ કરાવનાર પ્રભુના દર્શન અને સ્મરણ, પ્રભુની મૂર્તિ અને પ્રભુના નામથી થાય છે. તેથી તે થવામાં પ્રધાન અનુગ્રહ પ્રભુનો ગણાય છે. એ અનુગ્રહ કરવાની શક્તિ, પ્રભુ સિવાય બીજા કોઈમાં ન હોવાથી ભવ્ય પ્રાણીમાત્રને પ્રભુ સેવ્ય છે, ઉપાસ્ય છે, આરાધ્ય છે અને તેમનું વચન-આજ્ઞા શિરસાવંદ્ય છે, મસ્તકે ચઢાવવા યોગ્ય છે. (૯૩)







# ૭

# આધારસૂત્ર

ભગવાનના સ્વામિપણાથી જ ભગવાનની આજ્ઞા તેના પાલન કરનારનું હિત કરે છે. તેથી ભગવાન વિશ્વનું હિત કરનારા છે એમ કહેવું યથાર્થ છે. માટે ભગવાનને આજ્ઞારૂપે સર્વત્ર જોતો અપ્રમત્ત સાધક ક્યાંય પાપ કરી શકતો નથી. પાપ કરવાની વૃત્તિ આજ્ઞાના અંગીકારથી ઓગળી જાય છે.

- આત્મઉત્થાનનો પાયો, પૃ. ૨૬૬

# ૭ ભક્તિ : પ્રભુકૃપાની અનુભૂતિ

આપણા યુગમાં સાધનાની પ્રભુકર્તૃકતાની વાત પૂજ્યપાદશ્રીજીએ બહુ જ સ્પષ્ટ રીતે પ્રતિપાદિત કરી. આ પ્રતિપાદન તે જ સમવતાર.

ગણધર ભગવંતોની શબ્દ-પ્રસાદીથી લગાવીને પૂ. દેવચન્દ્રજી મહારાજ અને પં. પદ્મવિજય મહારાજ સુધી સાધનાની પ્રભુકર્તૃકતાની વાતો અખંડરૂપે ચાલેલી. વચ્ચે સો-દોઢસો વર્ષનું અન્તરાલ પડી ગયું. આપણા યુગમાં આ વાતને પૂજ્યપાદશ્રીજીએ ફરી વહાવી.

લોગસ્સ સૂત્રમાં જ્યારે ગણધર ભગવંત 'તિત્થયરા મે પસીયંતુ...' કહે છે ત્યારે પરમાત્માનો પ્રસાદ સતત આપણા પર વરસી રહ્યો છે એ અનુભૂતિને તેઓ શબ્દોમાં ઢાળી રહ્યા હોય છે.

આ જ પ્રસાદની અનુભૂતિ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે કરી. શ્રીપાળ રાસમાં આવેલી તેમની કેફિયત મઝાની છે : 'તૂઠો તૂઠો રે મુજ સાહિબ જગનો તૂઠો; એ શ્રીપાળનો રાસ કરંતાં, જ્ઞાન અમૃત રસ વૂઠો...'

'મારા પર પ્રભુની કૃપા વરસી. અનરાધાર તેઓ વરસ્યા...' મહોપાધ્યાયજી કહે છે.

આપણે એમને નમ્રભાવે પૂછીએ કે ગુરુદેવ ! આપે પ્રભુના એ પ્રસાદને કઈ રીતે અનુભવ્યો ? તેઓ કહે છે કે સાધનાની અનુભૂતિ, ગુણોની અનુભૂતિ મને થઈ. આ અનુભૂતિ 'એ'ની કૃપા વિના કેમ થઈ શકે ?

એટલે પ્રભુની કૃપા બરોબર સાધનાની અનુભૂતિ આ સમીકરણ તેઓશ્રીએ આપ્યું.

●●●

આવી જ વાત પૂજ્યપાદ આનન્દઘનજી મહારાજે કરી પરમતારક શ્રી ધર્મનાથ પ્રભુના સ્તવનમાં :

'દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ;
પ્રેમ પ્રતીત વિચારો ઢૂકડી, ગુરુગમ લેજો રે જોડ...'

કો'ક ભક્તે પૂછ્યું હશે પૂજ્યશ્રીને : 'ગુરુદેવ ! પ્રભુ અમને ચાહે છે ?' એમણે કહ્યું : 'ચોક્કસ'. પેલો થોડોક બુદ્ધિવાદી. એને થયું કે પ્રભુ મને ચાહે છે એની સાબિતી શું ? એણે સાબિતીની વાત કરી ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું : 'પ્રેમ પ્રતીત વિચારો ઢૂકડી.' પ્રભુના પ્રેમની પ્રતીતિ નજીકમાં જ તને મળી જાય. શી રીતે ? 'દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ...' સાધક સાધનામાર્ગે મનની દોડે દોડી શકતો હોય તો એ દોડનું કારણ છે પ્રભુની કૃપા.

પ્રભુની કૃપાનો અનુવાદ જ સાધનામાર્ગની ગતિમાં થાય છે...

આથી જ, મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે પરમતારક શ્રી મહાવીર પ્રભુની સ્તવનામાં કહ્યું : 'તું ગતિ...' પ્રભુ ! સાધનામાર્ગમાં ગતિ તું જ છે. આ ગતિ એટલે સાધનામાર્ગમાં આવતો વેગ. આ ગતિ એટલે સાધનામાર્ગમાં થતી અનુભૂતિ.

●●●

અનુભૂતિનું મહત્ત્વ બતાવતાં મહોપાધ્યાયજીએ શ્રીપાળ રાસમાં કહ્યું છે : 'પાયસમાં જિમ વૃદ્ધિનું કારણ, ગોયમનો અંગૂઠો રે; જ્ઞાનમાંહિ અનુભવ તિમ જાણો, તે વિણ જ્ઞાન તે જૂઠો રે...' ખીરના પાત્રમાં ભગવાન ગૌતમ સ્વામીનો અંગૂઠો પડ્યો અને ખીર વધવા લાગી. એ જ રીતે જ્ઞાનમાં અનુભવ ભળે તેમ જ્ઞાન સમૃદ્ધ બને.

મોહની શિથિલતા માટે શું કરવું જોઈએ ? મહોપાધ્યાયજી કહે છે : 'હરવ્યો અનુભવ જોર હતો જે, મોહમલ્લ જગ લૂંઠો રે; પરિ પરિ તેહનાં મર્મ દેખાવી, ભારે કીધો ભૂંઠો રે...'

અનુભૂતિએ મોહને પરાસ્ત કર્યો.

જ્યારે આત્મતત્ત્વની અનુભૂતિ તમને થશે; મોહ તમારા ચિત્તમાં શી રીતે રહી શકશે ?

●●●

અનુભૂતિ એટલે અસ્તિત્વના સ્તર પરનો આત્મતત્ત્વ આદિનો સ્પર્શ. માત્ર શબ્દના સ્તર પર, કાયાના સ્તર પર કે વિચારના સ્તર પર સાધના હશે તો નહિ ચાલે. સાધના અસ્તિત્વના સ્તર પર જોઈશે.

વિષય, કષાય અનુભૂતિના સ્તર પર. સાધના આચરણ કે અનુષ્ઠાનના સ્તર પર. એ કેમ ચાલશે ? વિષય, કષાય જો અનુભૂતિના સ્તર પર છે, તો સાધનાને ત્યાં લઈ જ જવી જોઈએ ને !

દુશ્મન બંકરમાં હોય, બહાર કોઈ સૈનિક ભડાકા કરશે તો શું થશે ?

અનુભૂતિના સ્પર્શ વિનાની અનુપ્રેક્ષા જન્મને પેલે પાર લગભગ જતી નથી. આ જન્મનો બૅરિસ્ટર હોય. આવતા જન્મે મનુષ્યાવતાર મળે. ત્રણ વર્ષની વયે તેને બારાખડી શીખવવી પડે. ભાઈ, ગયા જન્મનું ભણેલું બધું ક્યાં ગયું ? કૉન્શિઅસ માઈન્ડના

લેવલ પર એ હતું, અને માટે જતું રહ્યું. પણ એ જ નાનું બાળક રમકડાને પણ મોઢામાં નાખશે. કારણ કે આહારસંજ્ઞા અનુભૂતિના સ્તર પરની છે એની પાસે.

તો, સાધના અનુભૂતિના સ્પર્શવાળી જોઈશે.

●●●

પરમતારક શ્રી શીતલનાથ પ્રભુની સ્તવનામાં મહોપાધ્યાયશ્રી યશોવિજય મહારાજ કહે છે : 'વિષય લગન કી અગન બૂઝાવત, તુમ ગુણ અનુભવ ધારા; ભઈ મગનતા તુમ ગુણ રસ કી, કુણ કંચન કુણ દારા ?'

ભારતીય સંગીત પરંપરાની એક અનૂઠી ઘટના એ છે કે દીપક રાગના ગાન વડે જે વ્યક્તિ પ્રજ્વલિત થઈ હોય, જળી ઊઠેલ હોય તેને ઠંડક માત્ર ને માત્ર મેઘમલ્હાર રાગ સાંભળવાથી મળી શકે.

ભક્ત પ્રભુને કહે છે : પ્રભુ ! વિષયાગ્નિ અને કષાયાગ્નિથી હું પ્રજ્વલિત થઈ ઊઠેલ છું. તમારા ગુણોની અનુભવ-ધારા મને મળે તો જ ઠંડક મળે તેમ છે.

●●●

પૂ. મહોપાધ્યાયશ્રી માનવિજય મહારાજ પરમતારક શ્રી અજિતનાથ પ્રભુની સ્તવનામાં કહે છે :

'તું અનુભવ રસ દેવા સમરથ, હું પણ અરથી તેહનો;
ચિત્ત વિત્ત ને પાત્ર સંબંધે, અજર (ઢીલ) રહ્યો હવે કેહનો ?'

કેટલી મઝાની વાત !

પ્રભુ અનુભવ-રસ આપવા તૈયાર. આપણે તો તે જોઈએ જ છે. તો પછી વાર શેની ?

થોડાક ઊભા રહીએ અહીં. પ્રભુ તૈયાર છે ગુણાનુભૂતિની ધારા આપવા. આપણે ખરેખર તૈયાર છીએ ?

પૂજ્ય માનવિજય મહારાજે આ વિષયને ઊંડાણથી ચર્ચ્યો છે. 'બાલકાળમાં વાર અનંતી, સામગ્રીયે નવિ જાગ્યો; યૌવનકાળે તે રસ ચાખ્યો, તું સમરથ પ્રભુ માગ્યો.' અપુનર્બન્ધક અવસ્થાની પૂર્વે, આત્મવિકાસક્રમની બાલ્યાવસ્થામાં સામગ્રી (કલ્યાણમિત્રયોગ આદિ) મળી; પરંતુ તે વખતે પ્રભુગુણના અનુભવનો રસ લેવાની ઈચ્છા જ નહોતી પ્રગટી... અત્યારે, તે રસ પામવાની ઈચ્છા થઈ. તે રસ ચખાયો પણ ખરો...

આ આસ્વાદની શરૂઆત શી રીતે થઈ ?

'લોચન શાન્ત સુધારસ સુભગા, મુખ મટકાળું સુપ્રસન્ન; યોગમુદ્રાનો લટકો ચટકો, અતિશય તો અતિધન્ન...' પ્રશમ રસના અમૃતને ઝરતી આંખો, પ્રસન્ન મુખમુદ્રા, પ્રાતિહાર્યો આદિનું બાહ્ય યોગૈશ્વર્ય અને પ્રભુના સ્વરૂપમાંથી ઝરતું આન્તર યોગૈશ્વર્ય.

પ્રભુની પ્રશમ રસ ભરપૂર આંખો, પ્રશમ રસને વહાવતી મુખમુદ્રા... આ જોઈને જ ભક્ત એક અનોખી દુનિયામાં પહોંચી જાય છે.

પ્રભુને એ જોયા જ કરે છે, જોયા જ કરે છે. અને ત્યારે અનુભવ આવો હોય છે : 'નીરખત તૃપ્તિ ન હોય...'

એક ભક્તે મને પૂછેલું : પ્રભુ પાસે જાઉં છું. પ્રભુને જોઉં છું. અને બસ, પછી પ્રભુને જોયા જ કરું છું, જોયા જ કરું છું... મારી આ ભક્તિ બરોબર છે ? મેં કહ્યું : સરસ. પછી ઉમેર્યું : હવે એવી રીતે જોવાનું થશે કે જોનાર પણ ડૂબી જશે. માત્ર જોવાનું રહેશે.

પલકારો માર્યા વગર પ્રભુરૂપને જોવાની ઈચ્છાને શબ્દદેહ આપતાં સંત સૂરદાસે કહ્યું : 'લોચન રોમ રોમ પ્રતિ માંગું...' પ્રભુની પાસે હું માગીશ કે પ્રભુ ! મારે રૂંવાડે રૂંવાડે, પ્રત્યેક રોમે એક આંખ પ્રગટો... હું તમને જોયા જ કરું. બાકી તો, બે આંખો અને એ પણ વચ્ચે પલકારા માર્યા કરે; સંતોષ કેમ થાય ?

●●●

સ્વાનુભૂતિની એક ઝલક મળે પ્રભુનાં ચરણોમાં. એ ચરણોની સેવા... પ્રભુ ગમી જવા... પ્રભુના સ્વરૂપમાં ડૂબી રહેવું. પ્રભુરૂપ જોયું અને હૃદયને સ્પર્શી ગયું.

એ સ્પર્શ... એક ઝંકાર... ભીતરની એ ગુનગુનાહટને શબ્દોમાં લઈ આવ્યા પૂજ્ય માનવિજય મહારાજ : 'અજિત જિનેશ્વર ચરણની સેવા, હેવાંયે[1] હું હળિયો; કહીએ અણચાખ્યો પણ અનુભવ રસનો ટાણો મળિયો.'

પ્રભુનાં ચરણોની સેવાની ધારામાં, આજ્ઞાપાલનની ધારામાં વહેવાનું થયું અને એવો ભીતરી અનુભવ થયો, જે ક્યારેય

---

૧. હેવા = ટેવ

અતીતમાં કદાચ નથી થયો. 'અણચાખ્યો...' ક્યારેય આસ્વાદવા ન મળ્યો હોય એવો અનુભવ રસ...

આ અનુભવ અન્તરંગ સુખને સ્પર્શાવી ગયો. મઝાની કેફિયત આવી : 'પ્રભુની મહેરે તે રસ ચાખ્યો, અન્તરંગ સુખ પામ્યો; માનવિજય વાચક ઈમ જંપે, હુઓ મુજ મન કામ્યો...'

પ્રભુની કૃપાથી અનુભવ રસ મળ્યો અને અન્તરંગ સુખની પ્રાપ્તિ થઈ.

●●●

પ્રભુની કૃપા બરોબર સ્વાનુભૂતિ. પ્રભુની કૃપાથી જ સ્વાનુભૂતિના માર્ગે દોડી શકાય.

કઈ રીતે ચાલવાનું ? દોડવાનું ?

તમે ભક્ત છો. તમારે વિચારવાનું જ નથી. સદ્ગુરુ લઈ જાય એ રીતે તમારે જવાનું છે. સાધનાનો જે પણ આયામ તમને આપવાનો છે, તે સદ્ગુરુ આપશે.

તમને વિનયની ધારા આપવી કે સ્વાધ્યાયની અથવા તો પ્રભુભક્તિની; એ સદ્ગુરુ નક્કી કરશે.

કો'ક નિમિત્તો દ્વારા તમારી જન્માન્તરીય ધારાનો ખ્યાલ આવી જાય તો સદ્ગુરુ તમને તમારી જન્માન્તરીય સાધનાની ધારામાં મૂકશે. કારણ કે, એ અભ્યસ્ત ધારા છે. તમે એમાં સહેલાઈથી વહી શકશો.

કેટલું સરસ ! ધારાને નક્કી સદ્‌ગુરુ કરે. એમાં વહેવડાવે તેઓ. સાધકે તો માત્ર વહેવાનું.

તો, તમે બનો નિર્વિકલ્પ.

સાધક અને વિકલ્પો... બે સાથે કેમ હોય ? સદ્‌ગુરુને પૂછવાનું. એ કહે તેમ કરવાનું.

હા, પૂછવાનું પણ ક્યારે ? સાધનાના સંબંધે કોઈ વાત ન સમજાઈ હોય તો. અથવા વિભાવો ક્યારેક આવી ગયા હોય તો એમને ભૂંસવા શું કરવું એ જાણવા માટે.

પોતાના સાધનામાર્ગ સિવાયનો કોઈ પ્રશ્ન સાધકને ક્યારેય સ્ફુરતો નથી.

ઝેન કથા યાદ આવે.

બોધિધર્મ નામના ગુરુ, સદીઓ પહેલાં, ચીન ગયેલા. ત્યાં ધર્મનો પ્રચાર સારો થયેલો. છેલ્લે તેઓ ભારત આવીને કાળધર્મ પામ્યા. હમણાંના એક ભિક્ષુને સવાલ થયો કે ગુરુનો આટલો બધો પ્રભાવ ચીનમાં હતો, તો ચીનમાં જ તેમની ચિરવિદાય થઈ હોત તો તેમની યાદમાં સ્તૂપ વગેરે બંધાત અને ધર્મનો ફેલાવો વધત.

શિષ્યે પોતાના ગુરુને આ પ્રશ્ન પૂછ્યો. ગુરુ મનમાં હસ્યા કે ભાઈ, બોધિધર્મ ચીનમાં સમાધિ પામ્યા હોત તો તારી સાધના કઈ ઉંચકાવાની હતી અને ભારત આવીને સમાધિ પામ્યા તો તારી સાધનાને ફરક શો પડ્યો ? પોતાની સાધના જોડે સંકળાયેલ બાબત સિવાયની કોઈ પણ બાબતે શિષ્ય / સાધક પ્રશ્ન ન જ કરે.

ગુરુએ કહ્યું : 'હું એકાન્તમાં હોઉં ત્યારે મને પૂછજે.' ગુરુ તો બહુ જ પ્રસિદ્ધ વ્યક્તિત્વ. લોકોની આવન-જાવન સતત ચાલુ રહે. ગુરુ એકાન્તમાં મળે નહિ. એક-બે દિવસ થઈ ગયા; શિષ્યના મનમાં પ્રશ્નનો કીડો સળવળે છે.

છેવટે એને થયું કે ગુરુ સવારે ફરવા માટે જાય છે ત્યારે મોકો સાધી લઉં. બીજી સવારે ગુરુ પ્રાતઃભ્રમણ માટે નીકળ્યા ત્યારે ગુરુની રજા લઈ તે પણ ગુરુ સાથે નીકળ્યો.

આશ્રમની પાછળ વાંસનું જંગલ. ગુરુ ત્યાં ટહેલતા હતા. શિષ્યને એકાન્ત મળી ગયું. તેણે ગુરુને પૂછ્યું : સાહેબ, મારા પ્રશ્નનો ઉત્તર...?

ગુરુ કહે છે : 'આ વાંસનાં વૃક્ષોને તેં જોયા ? સવારના પાંચ વાગ્યે આપણે બેઉ ફરી રહ્યા છીએ, તો કેટલાં વૃક્ષોને થતું હશે કે આ બે જણા અત્યારના પહોરમાં કેમ નીકળી પડ્યા છે ? નહિ, વૃક્ષોને પ્રશ્ન થતો નથી. વૃક્ષો એમનામાં ડૂબેલાં છે. તું પણ તારી ભીતર ડૂબ. આવા પ્રશ્નોમાં તું કેમ ઊલઝાય છે ?'

શિષ્ય સમજી ગયો.

●●●

મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજની કેફિયત આપણે જોતા હતા : 'તૂઠો તૂઠો રે મુજ સાહિબ જગનો તૂઠો; એ શ્રીપાળનો રાસ કરતાં, જ્ઞાન અમૃત રસ વૂઠો...'

પ્રભુની કૃપા બરોબર સ્વગુણની / સ્વરૂપની અનુભૂતિ.

સાધનામાર્ગે એક ડગ પણ આપણે ચાલી શકીએ ત્યાં પ્રભુની કૃપા અનુભવાય. પૂજ્યપાદ નંદિષેણ મુનિરાજે અજિતશાન્તિ સ્તોત્રમાં પ્રભુને પ્રાર્થના કરી છે : 'મમ ય દિસઉ સંજમે નંદિં...' પ્રભુ ! રત્નત્રયી તારી કૃપાથી મળી; હવે એની પ્રાપ્તિનો દિવ્ય આનંદ પણ તારી કૃપાથી મળો !

●●●

પૂજ્યપાદશ્રીજી પ્રભુના સાધનાકર્તૃત્વના પાસાને બહુ જ સરસ અંદાજથી સ્પર્શે છે : 'ભગવાનના સ્વામિપણાથી જ ભગવાનની આજ્ઞા તેના પાલન કરનારનું હિત કરે છે.'

પ્રભુનું સ્વામિત્વ ભાવધારાના સન્દર્ભે પણ. વિધિપૂર્વકતાના સન્દર્ભે પણ.

●●●

પરમનો રસ આપણને શી રીતે મળે ? નિસ્સંદેહ, પરમની રીતે જ.

રસ પરમનો પીવો છે. રીત આપણી રાખવી છે. કેમ ચાલશે ?

સો આયંબિલની ઓળી થઈ. રસ પરમનો પિવાયો. હવે શું કરવાનું ? પ્રભુનાં ચરણોમાં જઈ કહેવાનું : 'गृहाणास्मत्कृतं तपः...।' પ્રભુ ! મેં કરેલ તપને સ્વીકારી લો ! આ પરમની રીત.

'गृहाणास्मत्कृतं तपः' કહીને ભક્ત કહે છે કે પ્રભુ ! સાધના દ્વારા થયેલી નિર્જરા આદિ ભલે મારી પાસે રહે; સાધનાનું કર્તૃત્વ મારી પાસે ન રહે...

●●●

શ્રામણ્યની સાધના.... પરમનો રસ સતત માણ્યા કરવાનો એક મઝાનો આયામ. અહીં, શ્રામણ્યની એક એક ક્ષણ પર પ્રભુનું સ્વામિત્વ હશે.

સંયમીની એક પણ ક્ષણ પ્રભુ-અદત્ત કે ગુરુ-અદત્ત ન હોય. પૂજ્યપાદ હરિભદ્રસૂરિ મહારાજા કહે છે : 'मुत्तूण आणपाणं...' શ્વાસ લેવા અને મૂકવા સિવાયની બીજી બધી બાબતોમાં ગુરુને પૂછીને જ સંયમી આગળ વધી શકે.

એક દુર્વિચાર બે-ચાર સેકન્ડ માટે મનમાં ઝબકી ગયો હોય તોય એ ગુરુદેવથી અજ્ઞાત ન રહેવો જોઈએ.

ગુરુદેવ પ્રભુની આજ્ઞામાં. તમે ગુરુદેવની આજ્ઞામાં. પ્રભુનું સ્વામિત્વ તમારા પર કેવું તો મઝાનું છવાયેલું છે !

●●●

એક મઝાની શૃંખલા છે આપણી પાસે. ગીતાર્થ ગુરુદેવ પ્રભુની આજ્ઞામાં. એમની નિશ્રામાં રહેનાર આચાર્ય ભગવંત, પંન્યાસજી ભગવંત આદિ ગીતાર્થ ગુરુદેવની આજ્ઞામાં. આચાર્યાદિના શિષ્યો પોતાના ગુરુ - આચાર્યાદિની નિશ્રામાં.

આજના નવદીક્ષિત મુનિરાજ પાસે પણ, આ શૃંખલા દ્વારા, પ્રભુનું સ્વામિત્વ આવી ગયું ને !

●●●

પૂજ્યપાદશ્રીજીના શબ્દોને ફરીથી જોઈએ : "ભગવાનના સ્વામિપણાથી જ ભગવાનની આજ્ઞા તેના પાલન કરનારનું હિત

કરે છે..." પ્રભુ અને પ્રભુની આજ્ઞા બેઉ પર કેવો મઝાનો ભાવ અહીં આવ્યો છે ! આ ભાવધારામાં જ ભક્તને આગળ વધારવા માટે તેઓ કહે છે : "માટે ભગવાનને આજ્ઞારૂપે સર્વત્ર જોતો અપ્રમત્ત સાધક ક્યાંય પાપ કરી શકતો નથી."

ભગવાનને આજ્ઞારૂપે જોવાના. એટલે આજ્ઞા એ જ આર્હન્ત્ય થયું. કલિકાલસર્વજ્ઞશ્રી હેમચન્દ્રાચાર્યજી સકલાર્હત્સ્તોત્રમાં કહે છે : 'भूर्भुवःस्वस्त्रयीशान-मार्हन्त्यं प्रणिदध्महे...' આજ્ઞાશક્તિ એટલે જ આર્હન્ત્ય; જેનું ત્રણે ભુવન પર આધિપત્ય ચાલે છે.

પૂજ્ય દેવચન્દ્રજી મહારાજે પરમતારક શ્રી શીતલનાથ ભગવાનના સ્તવનમાં ચેતન તત્ત્વોની સાથે જડ તત્ત્વોને પણ પ્રભુની આજ્ઞાના આધિપત્યમાં દર્શાવેલ છે : 'ત્રાસ વિના જડ ચેતન પ્રભુની, કોઈ ન લોપે કાર (મર્યાદા) જી.' છ દ્રવ્યો પૈકીનું એક પણ દ્રવ્ય પ્રભુની આજ્ઞારૂપી મર્યાદાને ઓળંગતું નથી.

ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય કેમ નથી બનતું ? પ્રભુએ એ દ્રવ્યોને બિલકુલ સ્વતન્ત્ર અને એટલે એક બીજાથી બિલકુલ અપ્રભાવિત કહ્યા છે, માટે.

●●●

આર્હન્ત્ય એટલે આજ્ઞાશક્તિ.

'વીતરાગ સ્તોત્ર' કહે છે : आज्ञाऽऽराद्धा विराद्धा च, शिवाय च भवाय च ॥ (૧૯/૪) આજ્ઞાશક્તિની આરાધના બરોબર મોક્ષ, આજ્ઞાશક્તિની વિરાધના બરોબર સંસાર. આરાધન એટલે અનુગ્રહકૃપા.

ક્યારેક ભક્ત પ્રભુની નિગ્રહકૃપા યાચે છે : પ્રભુ ! મારી આ ઈન્દ્રિયો કે મન દ્વારા હું વિભાવમાં જ જતો હોઉં તો આ ઈન્દ્રિયો શિથિલ બને, મન પવિત્ર બને એવું તું કરી આપ ને !

ભક્ત સૂરદાસજીની આંખો સ્નાન કરતી કો'ક બહેન પર પડી. અને એમણે બન્ને આંખોને ફોડી નાખી. અને, પ્રભુના રૂપને જોવા માટે તો ભીતરની આંખો તેમની પાસે હતી જ. એમણે તો આંખોની વ્યાખ્યા જ આ આપી કે જે પ્રભુના રૂપને જોઈ શકે તે જ આંખ.

●●●

પરમાત્માની મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા (અંજનશલાકા) વખતે શું થાય છે ? વિશ્વવ્યાપિની પરમચેતનાને, પરમશક્તિને મૂર્તિમાં ઉતારવાનું થાય છે ત્યાં. અને એ શક્તિનું અવતરણ થયા પછી 'જિનમુદ્રા જિનવર સમી' બને છે.[૨]

કોણ આ અવતરણ કરાવી શકે ? આચાર્ય ભગવંતોની વિશુદ્ધ ચેતના આ શક્તિનું પોતાની ભીતર અવતરણ કરાવી શકે અને મૂર્તિમાં પણ.

હું એક આચાર્ય ભગવંતના જીવનની ઘટના કહું. હમણાંની જ એ ઘટના છે. એ મહાપુરુષ બહુ જ નિર્લેપ હતા. પ્રભુમય અસ્તિત્વ. કોઈની અકારણ પ્રશંસા એમના સ્વભાવમાં નહોતી. પરંતુ અંજનશલાકા મહોત્સવમાં જે રાત્રે તેઓશ્રીને અંજન માટે

---

**૨. જિનમુદ્રા જિનવર સમી, શિવસાધન ભાખી;**
**શ્રી અરિહંત અવલંબને, પૂર્ણતા દાખી...** **- દેવચંદ્રજી કૃત શ્રી આદિજિન સ્તવન**

જવાનું હતું, તે દિવસે બપોરે મહોત્સવમાં પ્રમુખ ભાગ લેનાર મહાનુભાવની ખૂબ ઉપબૃંહણા કરી : તમે બહુ સરસ રીતે ઉત્સવમાં જોડાયા...

પૂજ્યશ્રીજીના સ્વભાવથી પરિચિત એક મહાત્માને નવાઈ લાગી કે આવું કેમ બન્યું ? પાછળથી તેમણે પૂજ્યશ્રીને પૂછેલું. ત્યારે એ મહાપુરુષે કહેલું : 'આમ તો, મારી કોઈ ઈચ્છા જ નથી હોતી. પરંતુ આ મહોત્સવ પૂર્વે અનાયાસ એક ઈચ્છા વ્યક્ત થયેલી. જે પેલા ભાઈ દ્વારા સાકાર નહોતી થઈ શકી. મારા મનમાં એ વિષે કશું હતું પણ નહિ. પરંતુ જાગૃત સાધક તરીકે મેં વિચાર્યું કે મારા અવચેતન મનમાં તો એ ભાઈ પ્રત્યે સૂક્ષ્મ તિરસ્કાર જેવું નહિ હોય ને ? અથવા તો, એ ભાઈના મનમાં તો એવું નહિ થયું હોય કે મેં સાહેબજીએ કીધું તેમ ન કર્યું એટલે સાહેબજી નારાજ હશે ? એટલે મેં ઉપબૃંહણા કરેલી. કારણ કે મારે અંજનશલાકા માટે જવાનું હતું. હૃદયની પૂર્ણ વિશુદ્ધિ વિના એ પવિત્ર ક્રિયા ન થઈ શકે.'

●●●

સુરતમાં એક દેરાસરમાં અંજનશલાકા-પ્રતિષ્ઠા ઉત્સવ હતો. જે રાત્રે અંજનશલાકા વિધાન હતું, તે સાંજે એક ભાઈએ મને પૂછેલું : રાત્રે આપ અંજનવિધિ માટે જશો, ત્યારે અમને તો પ્રવેશ નહિ મળે; પણ તે વખતે આપ શું વિચારતા હશો ?

પ્રશ્ન અણધાર્યો હતો. ઉત્તર મારે હોઠેથી સરેલો (વિચાર્યું નહોતું કંઈ, એટલે ઉત્તર એણે જ આપેલો કહેવાય ને !) : પ્રભુની

પ્રાણપ્રતિષ્ઠા કરવાનું સામર્થ્ય યશોવિજયનું ક્યાં છે ? પ્રભુશક્તિ જ પ્રભુશક્તિનું અવતરણ કરાવશે. યશોવિજયને તો એ અપૂર્વ દૃશ્ય જોવાનો લહાવો મળશે.

●●●

પૂજ્યપાદશ્રીજીનાં પવિત્ર વચનોને અહીં ફરીથી સ્મરીએ : ‘ભગવાનને આજ્ઞારૂપે સર્વત્ર જોતો અપ્રમત્ત સાધક ક્યાંય પાપ કરી શકતો નથી.’

વિશ્વવ્યાપિની આજ્ઞાશક્તિનો અનુભવ સાધક કરે છે. જોકે, અનુભવ થયા પછી પણ, પ્રમાદને કારણે, શરીરના રાગ આદિ કારણોને લીધે પાપ થઈ જશે. પરંતુ સાધક અપ્રમત્ત હોય તો આ સંભાવના નહિવત્ રહે.

●●●

પૂજ્યપાદશ્રીજી આગળ કહે છે : ‘પાપ કરવાની વૃત્તિ આજ્ઞાના અંગીકારથી ઓગળી જાય છે.’ પૂજ્યપાદશ્રીજીએ અહીં સંજ્ઞાની સામે આજ્ઞાને મૂકી છે. સંજ્ઞા અનન્ત જન્મોથી વળગેલી છે. એની સામે આજ્ઞાને મૂકો. લોભની સંજ્ઞાની સામે દાનની વૃત્તિને મૂકો. શરીર પર આસક્તિ છે, તો તપધર્મને સામે લાવી દેવાય.

એક અદ્‌ભુત વાત આજ્ઞાના માહાત્મ્યની. આજ્ઞામહિમ્નઃ સ્તોત્રમ્ જ કહો ને ! અગણિત જન્મોના પરિભ્રમણમાં જે સંજ્ઞાને પુષ્ટ કરી છે; એક જ જન્મ જો આજ્ઞાધર્મને આપી દેવાય તો એ આજ્ઞાધર્મ સંજ્ઞાઓના મહેલને કકડભૂસ કરી જ દે.

આજ્ઞાધર્મનું સતત ચિન્તન. એનું સતત અનુભવન.

ધન્નાજી સ્નાન માટે બેઠા છે, પત્ની સુભદ્રા પીઠી ચોળી રહ્યાં છે. અચાનક ધન્નાજીની પીઠ પર ગરમ આંસુબિન્દુ ટપક્યાં. ધન્નાજીએ ઊંચે જોયું. પૂછ્યું : તું કેમ રડે છે ? તને કઈ તકલીફ છે ? સુભદ્રાએ કહ્યું : દેવ ! અહીં મને કોઈ તકલીફ નથી. પરંતુ મારો વીરો શાલિભદ્ર પ્રભુ મહાવીર દેવની દેશનાને સાંભળીને ત્યાગી બનવા તૈયાર થયો છે. રોજ એક એક પત્નીનો ત્યાગ કરે છે. બત્રીસ દિવસે બત્રીસ પત્નીઓનો ત્યાગ થશે અને મારો ભાઈ પ્રભુના મુનિરાજ બની જશે.

ધન્નાજીએ કહ્યું : અરે, ત્યાગ અને તે વળી હપ્તે, હપ્તે... એકી સાથે છોડી દેવું જોઈએ ને ! સુભદ્રાએ કહ્યું : સ્વામિનાથ ! બોલવું સહેલું છે. કરવું અઘરું છે.

ધન્નાજીએ કહ્યું : અઘરું કંઈ નથી. લ્યો, તમને આઠેને છોડીને હું જાઉં છું. અને એ નીકળી પડ્યા ત્યાગની વાટે.

અહીં શું હતું ?

આજ્ઞાધર્મના અનુપ્રેક્ષણ અને અનુભવને કારણે સંસાર પરત્વે અસારતાનો, વ્યર્થતાનો બોધ થયેલો. ધીરે ધીરે એ બોધ ભીતર ઘૂંટાતો જતો હતો. પત્નીના વચને એ બોધને સાકાર બનાવવાનું કાર્ય કર્યું.

આ આના જેવું છે : મજૂરો ભીંતને તોડતા હોય. ઘણ પર ઘણ ઠોકાતાં જતા હોય ભીંત પર, તિરાડો પડ્યે જતી હોય, એ

મોટી થતી જતી હોય... બપોરે બાર વાગ્યે મજૂરો જમવા જાય. બે વાગ્યે એક મજૂર પહેલો આવે. ભીંત પર ઘણ ઠોકે અને ભીંત જમીનદોસ્ત થઈ જાય. યશ ભલે છેલ્લા ઘા-ને મળ્યો; પરંતુ ભીંતને દોદરી, પોલી આગળના સેંકડો ઘણોના ઘા-એ બનાવેલી.

ધન્નાજીના હૃદયમાં રહેલ આજ્ઞાધર્મના અનુપ્રેક્ષણ અને અનુભવનના ઘણો વડે સંસારનો રાગ પાતળો પડેલો. પત્નીના વચને એ ભીંત તૂટી પડી.

●●●

આજ્ઞાધર્મ પ્રત્યેનો આદર અનુપ્રેક્ષા અને અનુભૂતિમાં પરિણમી રહે છે.

પંચસૂત્રકના પહેલા સૂત્રમાં, આ સન્દર્ભે, ભક્તની ત્રણ પ્રાર્થનાઓ આવી છે : आणारिहे सिया, पडिवत्तिजुत्ते सिया, निरइआर-पारगे सिया । આજ્ઞાપાલનની યોગ્યતા, આજ્ઞાપાલન અને આજ્ઞાધર્મની નિરતિચાર પારગામિતા મને મળો !

આજ્ઞાધર્મના સ્વીકાર માટેની યોગ્યતા પણ પ્રભુ આપે. આજ્ઞાપાલન પણ પ્રભુ કરાવે. આજ્ઞાધર્મનું નિરતિચાર પારગામિત્વ પણ 'એ'ની કૃપાથી જ મળે.

પ્રાર્થના આદરભાવને તીવ્ર, તીવ્રતર બનાવશે. અને યાત્રા શરૂ !

●●●

આઠ વર્ષનો દીકરો.

સદ્ગુરુના સમાગમમાં આવ્યો. પૂર્વજન્મના વૈરાગ્યના સંસ્કારો દૃઢતર રીતે પ્રકટ થયા. માત-પિતાની સમ્મતિ મળી. દીક્ષા થઈ.

દીક્ષાને છએક મહિના થયા હશે અને કેશ-લોચ કરાવવાનો સમય આવ્યો. બધા મુનિવરોના વાળનું લુંચન થાય ત્યારે આ બાળમુનિ જોતા. એમના હૃદયમાં ઉત્સુકતા રહેતી : મારો લોચ ક્યારે થશે ?

એક દિવસ રાત્રે પ્રતિક્રમણ પછી બાળમુનિ આચાર્ય ભગવંતની બાજુમાં સંથારેલા. પંન્યાસજી મહારાજ સાહેબ જોડે બેઠેલા. સાહેબે કહ્યું : આવતીકાલે દિવસ સારો છે, તો બાળમુનિને લોચ માટે બેસાડજો. તેનું મન મક્કમ છે. પણ શરીર નાજુક છે. એમ લાગે કે એનું શરીર લોચને ખમી શકે તેમ નથી, તો હજામને બોલાવી મુંડન કરાવરાવી દેજો.

બાળમુનિ આ વખતે જાગી ગયેલા. તેમણે આ વાર્તાલાપ સાંભળ્યો. તેમણે વિચાર્યું : કદાચ મારું શરીર સહન ન કરી શકે અને ગુરુદેવ મુંડન માટે કહે તો ગુરુદેવની આજ્ઞા તો શિરસાવંદ્ય જ કરવાની હોય. પણ મારે તો લુંચન કરાવવું છે એનું શું ?

પછી જે થયું એ રોમહર્ષક ગાથા છે. રાત્રે અગિયાર વાગે બાળમુનિ બહારની પરસાળમાં ગયા અને પોતાને હાથે પોતાના વાળ તેઓ ચૂંટવા લાગ્યા. પરોઢિયે તો લોચ પૂરો ! રોજના નિયમ પ્રમાણે સવારે ગુરુદેવનાં ચરણોમાં તેમણે મસ્તક મૂક્યું.

ગુરુદેવે માથે હાથ ફેરવ્યો અને ચોંક્યા : અરે, તારા વાળ ક્યાં ગયા ?

બાળમુનિએ કહ્યું : ગુરુદેવ ! આપની આજ્ઞા વિના લોચ કરી લીધો, તેનું પ્રાયશ્ચિત્ત આપો !

આજ્ઞા-આરાધનનો કેવો આ આનંદ !

• • •

## સંદર્ભ સૂત્ર - ૭

● 'જગતમાં જે કાંઈ શુભ છે, તે શ્રી અરિહંત ભગવંતોના પ્રભાવને લીધે જ છે.' **(આત્મઉત્થાનનો પાયો. પૃ. ૨૦૬)**

● 'આજે આપણે જે કાંઈ સાધના કરી શકીએ છીએ તે બધાયમાં શ્રી તીર્થંકર ભગવંતોનો જ ઉપકાર છે.' (૨૦૬)

● ભક્તિમાર્ગના સાધકોને 'નાऽहं कर्ता, प्रभुः कर्ता ।' એવો અનુભવ થાય છે. (૨૦)

● પ્રશ્ન : શ્રી તીર્થંકર પરમાત્માનો અનુગ્રહ મેળવવા માટે શું કરવું જોઈએ ?

સમાધાન : અહંને ઓગાળીને, તીર્થંકર દેવોને, તેમની આજ્ઞાને સંપૂર્ણપણે સમર્પિત થઈ જવું. શ્રી તીર્થંકર દેવ અને તેમની આજ્ઞાની પૂરેપૂરી શરણાગતિ સ્વીકારી લેવી. તે પછી મોક્ષ સુધી નિર્વિઘ્ને પહોંચાડવાની જવાબદારી તેમની બની જાય છે. (૯૮)

● આજ્ઞાની આરાધનાથી શિવપદ મળે. વિરાધનાથી ભવોભવ ભટકવું પડે. આજ્ઞાનો આરાધક આજ્ઞાકારકના અનુગ્રહનો ભાગી થાય, આજ્ઞાનો વિરાધક નિગ્રહનો ભાગી થાય. (૮૯)

● આજ્ઞા એટલે સ્વચ્છંદનો પરિત્યાગ. (૯૬)

● નમસ્કારની પરિણતિ કેળવ્યા વિના મોક્ષ નથી, કારણ કે તેના સિવાય આજ્ઞાપાલનનો અધ્યવસાય ખરેખર પ્રગટતો નથી. આજ્ઞાના અસ્વીકારમાં અહંકાર છે અને આજ્ઞાપાલનના અધ્યવસાયમાં નમસ્કાર છે. તેથી નમસ્કાર એ જ ધર્મનું મૂળ છે. (૯૬)

● શ્રી તીર્થંકર પરમાત્માએ, આપણાં બધાં ઉપર કરેલા ઉપકારોનો કોઈ સુમાર નથી. તેમજ આજે તથા ભવિષ્યમાં પણ એમના ઉપકારોની અમીવૃષ્ટિ, અનવરતપણે

ચાલુ જ છે અને ચાલુ રહેવાની છે. માટે શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞાને જીવનમાં ખાસ અગ્રીમતા (Special Priority) આપવી જોઈએ. (૧૨૨)

● વિષયોની આસક્તિ દૂર કરવી હોય, તો કોઈ ઊંચી જાતની વસ્તુમાં આસક્તિ કેળવો, તેની જ ઉપાસના કરો. પ્રભુની આજ્ઞા એ જ આ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ વસ્તુ છે, અને સર્વને ઉપકારક છે, તેથી તેના ઉપર પ્રેમ કરો, આસક્તિ કેળવો. અહીં આસક્તિનો અર્થ સર્વાધિક સુદૃઢ સ્નેહ કરવો.

સર્વથી અધિક અને અત્યંત દૃઢ સ્નેહ પ્રભુની આજ્ઞા ઉપર જાગે, તો તેનું ભવભ્રમણ ટળી જાય. (૧૦૫)

● જેમને શ્રી તીર્થંકર દેવોની આજ્ઞા પ્રાણપ્યારી લાગે છે, તે આત્માઓ શ્રી તીર્થંકર દેવોના સહજ વાત્સલ્યના અધિકારી બને છે અને ધર્મ મહાસત્તા તેમને હેમખેમ શિવપુરીમાં પહોંચાડે છે. (૯૯)





## ૮

# આધારસૂત્ર

ભક્તિનું આન્તરલક્ષણ આજ્ઞાપાલન અને સર્વસમર્પણ છે.

- આત્મઉત્થાનનો પાયો, પૃ. ૨૭૦

# ૮ | ભક્તિ : ધારણ, પોષણ, તારણ

બ્રાહ્મણવાડજી તીર્થ (રાજસ્થાન)માં પૂજ્યપાદશ્રીજીની નિશ્રામાં ચૈત્રી ઓળી. પૂજ્યપાદ અધ્યાત્મયોગી આચાર્ય ભગવન્ત કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પૂજ્યપાદ વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી જમ્બૂવિજયજી મહારાજ સાહેબની પણ ઉપસ્થિતિ તે સમયે ત્યાં. આપણા યુગની શ્રેષ્ઠ ત્રણ વિભૂતિઓ એક મંચ પર બિરાજમાન હતી.

એક ભાવકે પૂછ્યું : ગુરુદેવ ! અમને સમજાવો કે પરમચેતના અમારા પર કઈ રીતે કામ કરે છે.

પૂજ્યપાદશ્રીજીએ પૂ. આનન્દઘનજી મહારાજ સાહેબ દ્વારા રચાયેલ પરમતારક શ્રી નેમિનાથ પ્રભુની સ્તવનાની એક કડી દ્વારા પરમચેતનાના આપણા પરના કાર્યને સમજાવતાં કહેલ કે ધારણ, પોષણ અને તારણ દ્વારા પ્રભુ આપણને ઊંચકે છે.

ધારણ એટલે અશુભમાંથી શુભમાં ભક્તને લાવવો. અશુભમાં જતી આપણી ચેતનાને પ્રભુ ધારી રાખે, પકડી રાખે...

પોષણ એટલે શુભનો વેગ. તારણ એટલે શુદ્ધની દુનિયામાં ભક્તને લઈ જવાનું કાર્ય.

●●●

સ્તવનાની એ પંક્તિ લઈને એ પરથી પૂજ્યપાદશ્રીજીએ સમજાવેલ અર્થને ઘૂંટીએ.

ત્રિવિધ યોગ ધરી આદર્યો રે,
　　નેમિનાથ ભરતાર;
ધારણ પોષણ તારણો રે,
　　નવસર મુગતાહાર...

મન, વચન, કાયા વડે પ્રભુ નેમિનાથની ભક્તિ કરનાર હોય છે ભક્ત. અને પ્રભુ તરફથી ધારણ, પોષણ અને તારણ રૂપ ભેટ એને મળે છે. જાણે કે નવ-સેરવાળો મોતીનો હાર.

પ્રભુને ભક્તે નવસેરવાળા મોતીના હારની જેમ હૃદયસ્થ કર્યા છે.

●●●

પ્રભુ તરફથી કાર્ય ચાલુ છે. પણ આપણે એને ક્યારે સ્વીકારી શકીએ ? મન-વચન-કાયા પ્રભુને સમર્પીએ ત્યારે.

●●●

મન પ્રભુને સોંપવું છે.

જોકે, આપણે ઘણાં ચિત્તવાળા માણસો છીએ. એટલે, એવું ન થાય કે એક મન - જ્ઞાત મન - પ્રભુને સોંપાય, બીજાં મન પર આપણો અધિકાર હોય ! ના, મનનું પૂરું ક્ષેત્ર પ્રભુને સમર્પાઈ જવું જોઈએ. વિચારવાની સંપૂર્ણ પ્રક્રિયા પર અધિકાર પ્રભુનો.

તમે મન પ્રભુને આપો એ પણ એક પ્રક્રિયા છે. સામી બાજુએ, પ્રભુ તમારા મનને લઈ લે એ પણ એક પ્રક્રિયા છે.

એ પ્રક્રિયાની વાત મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે પરમતારક શ્રી વાસુપૂજ્ય ભગવાનના સ્તવનમાં કહી : 'સ્વામી ! તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું...' પ્રભુ ! તમે તો જાદૂ કર્યો ! મારા મનને તમે ચોરી લીધું !

પ્રભુના રૂપને આપણે મનોહર કહીએ છીએ. મનોહર એટલે સુન્દર એવો પણ અર્થ થાય અને મનોહર એટલે મનને હરી લેનાર, પડાવી લેનાર એવો પણ અર્થ થાય.

કલ્પનાને પણ પેલે પારની સુન્દરતા પ્રભુમાં જોઈ અને મન થોડી ક્ષણો સ્તબ્ધ થઈ ગયું : આવું રૂપ હોઈ શકે ?

અણધારી ઘટનાઓ પરત્વે મનનો પ્રતિભાવ સ્તબ્ધ થઈ જવાનો હોય છે. ખરી પડવાનો. આ લયમાં કહ્યું : પ્રભુએ મનને હરી લીધું...

●●●

અપ્રતિમ રૂપ દ્વારા પણ પ્રભુ મનને લઈ લે. આજ્ઞા દ્વારા પણ પ્રભુ મનને લઈ લે.

મનોગુપ્તિની સજ્ઝાયમાં પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કહે છે :

વીર્ય ચપલ પરસંગમી રે, એહ ન સાધક પક્ષ;
જ્ઞાન ચરણ સહકારતા રે, વરતાવે મુનિ દક્ષ...૫

વીર્ય - આત્મશક્તિ ચંચળ હોય અને એ કારણે એ પર-પદાર્થો કે પર-વ્યક્તિઓનો વિચાર કરતી હોય તો તે સાધક માટે બરોબર નથી.

સાધકની આત્મશક્તિ તો જ્ઞાન-દર્શન-ચારિત્રની પુષ્ટિ માટે જ વપરાય...

વિભાવોમાં સતત ઝૂમતું રહેતું મન પ્રભુઆજ્ઞાને સમર્પિત થાય એટલે સ્વભાવની ધારામાં વહેવા લાગે.

ઉપયોગ, આત્મશક્તિ જ તમારા યોગોને પ્રવાહિત કરે છે. ઉપયોગ દ્વારા યોગોને શક્તિ ન મળે તો...?

તો, મનોયોગ વૈભાવિક વિચારોમાં ન હોય... ઉપયોગ સ્વ ભણી ફંટાયેલ હોવાથી સ્વરૂપ ભણી જવાનું થશે.

●●●

યોગશાસ્ત્રના ૧૨મા પ્રકાશમાં કલિકાલસર્વજ્ઞ આચાર્યપ્રવરશ્રી હેમચન્દ્રસૂરિ મહારાજા કહે છે કે ઉદાસીન દશામાં ડૂબેલ સાધક કંઈ પણ વિચારતો નથી.[૧]

ઉદાસીન દશામાં સાધક પરમ આનંદથી યુક્ત હોય છે. હવે જ્યારે ભીતરથી જ દિવ્ય આનંદ મળી રહ્યો છે, ત્યારે ચપટી સુખ લેવા માટે તે મનને બહાર શા માટે જોડે ?[૨]

મન પરપદાર્થોમાં કે પરવ્યક્તિઓમાં કેમ જાય છે એનું કારણ અહીં જડ્યું. જો તમે પોતાના આનંદથી પરિપૂર્ણ નહિ હો તો બહારથી સુખ મેળવવા તમે ઉધામા કરશો જ. ફળ સ્વરૂપે, મન પરપદાર્થો જોડે જોડાશે.

ધર્મશાળામાં સાંજે ગયેલો યાત્રિક રાત્રે બારણું ખોલીને બહાર ક્યારે જશે ? જ્યારે અંદર ટૉઇલેટ વગેરે નહિ હોય. પરંતુ રાત્રિ દરમ્યાન એને જે પણ જોઈએ છે એ અંદર હશે, રૂમમાં, તો તે બહાર જશે ?

---

१. **औदासीन्यपरायणवृत्तिः, किञ्चिदपि चिन्तयेन्नैव । १२/१९**

२. **औदासीन्यनिमग्नः, प्रयत्नपरिवर्जितः सततमात्मा ।**
**भावितपरमानन्दः, क्वचिदपि न मनो नियोजयति ॥ १२/३३**

ઉપયોગ પણ બહાર ત્યારે જ જશે કે જ્યારે ભીતર આનંદ સંવેદાયો નથી.. એ વેદાઈ ગયો તો બહાર જવાની ક્યાં જરૂર છે ? વિચારોની છુટ્ટી !

●●●

બોલવાનું પણ ક્યારે થશે ?

સામાન્ય રીતે તો, બોલવાનું જ નહિ થાય. આત્મશક્તિ દ્વારા પર - ભાષાવર્ગણાનાં પુદ્‌ગલો - નું ગ્રહણ કે પરનો ત્યાગ સાધક શા માટે કરે ?[૩]

હા, ભાષાવર્ગણાની ઉદય દશામાં આવેલ પર્યાપ્તિને મુનિ શ્રુતના રંગે રંગી દેશે. અને બોધને પ્રકટ કરનાર સ્વાધ્યાય વડે જગતનો ઉપકાર કરશે.[૪]

બે વસ્તુ અહીં કહી : ઉત્સર્ગ અને અપવાદ. વચનગુપ્તિ તે ઉત્સર્ગ. ભાષાસમિતિ તે અપવાદ. બોલવું પડે ત્યારે મુનિ ભાષા-સમિતિપૂર્વક જ બોલશે.

બાકી તો, અનુભવ રસનો આસ્વાદ કરતાં અને આત્મધ્યાનમાં લીન સાધકને બોલવાનું શી રીતે હોય ? ત્યાં છે ગહન મૌન. પરમ મૌન.[૫]

---

૩. સાધુ નિજ વીર્યથી પરતણો, નવિ કરે ગ્રહણ ને ત્યાગ રે;
તે ભણી વચનગુપ્તે રહે, એહ ઉત્સર્ગ મુનિ માર્ગ રે. ૨/૫

૪. ઉદિત પર્યાપ્તિ જે વચનની, તે કરી શ્રુત અનુસાર રે;
બોધ પ્રાગભાવ સજ્ઝાયથી, વળી કરે જગત ઉપકાર રે. ૨/૪

૫. અનુભવ રસ આસ્વાદતાં, કરતા આતમધ્યાન, સલુણા;
વચન તે બાધક ભાવ છે, ન વદે મુનિ અનિદાન... ૭/૩

કાયયોગની વ્યાખ્યા મઝાની આપી : પરના - શરીરના સંગે આત્મશક્તિનું સ્ફુરાયમાન થવું તે છે કાયયોગ.[૬]

આપણે બનવું છે અયોગી. તમે કેવા છો ? 'ચેતન સત્તા રે પરમ અયોગી છે, નિર્મલ સ્થિર ઉપયોગોજી.' તમે નિર્મલ, સ્થિર ઉપયોગમાં વસનાર છો. અસ્થિર યોગોમાં રહેનાર નહિ.

આત્મશક્તિ પરના સંગે સ્ફુરાયમાન કેમ થાય ?

નિર્મલ, સ્થિર ઉપયોગમાં જ સતત રહેવું છે.

●●●

તો, આ રીતે ત્રણે યોગ પ્રભુને સમર્પિત કરવા છે. મન પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલે. વચનયોગ અને કાયયોગ પણ એ જ રીતે ચાલે. 'ત્રિવિધ યોગ ધરી...'

હવે પ્રભુ તરફથી થશે ધારણ, પોષણ, તારણ.

●●●

ધારણ.

પ્રભુ અશુભમાં આપણને નહિ જવા દે.

શુભમાં પકડી રાખશે.

શી રીતે ?

મઝાનાં નિમિત્તો આપવાં દ્વારા... કેટલાં સરસ નિમિત્તો પ્રભુએ આપ્યાં છે ! દેરાસરે જઈએ અને 'એ'નું મનોહર રૂપ દેખવા મળે. ઉપાશ્રયમાં સાધકોની સાધના જોવા મળે...

---

**૬. આતમવીર્ય ફુરે પરસંગ જે, તે કહીયે તનુયોગોજી...**

આવાં નિમિત્તો જેને મળેલ હોય તે અશુભમાં શી રીતે જાય ?

કદાચ, શ્રાવકની કાયા બજારમાં જશે કે એણે ધંધો કરવાનો હશે. પરંતુ મન ક્યાં હશે ? મન તો પ્રભુમાં જ હશે ને !

મનમાં એ વખતે રમતી હોય ભક્તિની ધારા કે સાધનાની ધારા.

●●●

એક મુનિરાજને જોતાં શો વિચાર આવે ?

મને એક ઘટના યાદ આવે છે. ગીતાર્થમૂર્ધન્ય આચાર્ય ભગવંત જયઘોષસૂરીશ્વરજી મહારાજા નમસ્કાર મહામન્ત્રની સાધના શરૂ કરી રહ્યા હતા. પટ્ટ સામે હતો. અને ત્યાં એક મુનિરાજ આવ્યા. તેમણે વન્દન કર્યું, પણ તેમના ચહેરા પર કો'ક પ્રશ્ન હતો. પૂજ્યશ્રીજીએ કહ્યું : બોલો, શું પૂછવું છે ? મુનિરાજે કહ્યું : સાહેબજી, આપ માળા ગણી લ્યો. પછી હું આવીશ.

પૂજ્યશ્રીએ બહુ જ સરસ ઉત્તર આપ્યો : ભાઈ, આ પટ્ટમાં પંચ પરમેષ્ઠી ભગવન્તોને પ્રતિષ્ઠિત કરેલ છે... અને મારે એમની આરાધના કરવી છે. જીવંત પાંચમા પરમેષ્ઠીને હું ઉઠાડી મૂકું, તો પટ્ટમાં રહેલ પરમેષ્ઠી ભગવંત કઈ રીતે સ્થિર રહેશે ?

●●●

સવારે અમે લોકો ઊઠીએ અને રજોહરણને મસ્તકે લગાવીએ ત્યારે આંખો અહોભાવનાં અશ્રુથી ભીંજાઈ જાય. આંખનાં એ આંસુ પ્રભુને કહેતાં હોય કે પ્રભુ ! તેં કેવી કૃપા કરી કે મારી કોઈ

સજ્જતા નહિ, હેસિયત નહિ, પાત્રતા નહિ અને આ દિવ્ય પ્રસાદી મળી ગઈ !

તમે - શ્રાવકો સવારે ઊઠો અને સામાયિક, પ્રતિક્રમણ કરવા બેસો ત્યારે ચરવળો, મુહપત્તી હાથમાં લો અને પ્રભુની કરુણાનો સ્પર્શ થાય...

●●●

ધારણ પછી પોષણ.

શુભમાં આવે વેગ. પ્રભુ સદ્‌ગુરુનો યોગ કરાવી આપે (એટલે જ 'જયવીયરાય' સૂત્રમાં ભક્ત સદ્‌ગુરુયોગ [સુહગુરુ-જોગો] માંગે છે ને !) અને સ્વાધ્યાય, જપ આદિ સાધનામાં ઊંડાણ આવે.

●●●

મેં એકવાર મુંબઈ, ગોવાલિયા ટેન્ક શ્રીસંઘના ચાતુર્માસમાં પર્યુષણા પ્રવચનોમાં શ્રોતાવૃન્દને કહેલું : વિશાળ સંખ્યામાં તમે લોકો પ્રતિક્રમણ માટે આવી રહ્યા હો છો સાંજે. આજે મારે ડૂસકાંની play-back / પૃષ્ઠભૂ પર તમારું વંદિત્તા સૂત્રનું 'તં નિંદે તં ચ ગરિહામિ' સાંભળવું છે.

જુઠ્ઠું બોલાઈ ગયું છે કે બીજાં પાપો થઈ ગયાં છે; હવે તમે સદ્‌ગુરુ સમક્ષ તે પાપોની ગર્હા કરો છો ત્યારે ડૂસકાં આવે જ ને !

●●●

પ્રતિક્રમણની ક્રિયામાં આવતું 'સવ્વસ્સ વિ...' સૂત્ર કેવું તો અદ્‌ભુત છે ! સાધક ગુરુદેવને પૂછે છે : ગુરુદેવ ! દિવસ

દરમ્યાન ખરાબ ચિન્તન થઈ ગયું છે, ખરાબ બોલાઈ ગયું છે, ખરાબ કૃત્યો પણ થઈ ગયાં છે; ગુરુદેવ ! હું શું કરું ? ગુરુદેવ પ્રેમથી કહે છે : 'પડિક્કમેહ'. તું પાછો ફરી જા. અશુભ વિચારો કે અશુભ વર્તન એ અતિક્રમણ છે. તું પાછો ફરી જા. તારા પોતાના સ્વરૂપ ભણી તું જા.

બની શકે કે વર્ષોથી એ સાધક પ્રતિક્રમણ કરતો હોય. અને દરરોજ સવારે અને સાંજે એ ગુરુદેવને પૂછતો હોય. અને ગુરુદેવ એને પ્રેમથી કહેતા હોય : 'પડિક્કમેહ'. ત્યારે એ પાંચ અક્ષરોમાં ભરાયેલી સદ્‌ગુરુની કરુણાનો સ્પર્શ એ સાધકને કેવો તો થાય !

સદ્‌ગુરુની આ કરુણા ભક્તનાં ડૂસકાંના રૂપમાં પ્રત્યાવર્તિત થાય ને !

●●●

સદ્‌ગુરુની આ કરુણાની નદી : જેને કિનારો નથી હોતો... એ નદીના સાંનિધ્યમાં બેસવા મળે એ પોતે જ કેટલી મોટી ઉપલબ્ધિ છે !

પાંચ વર્ષની દીકરી. શરદી થઈ ગઈ એને. મમ્મા પાસે ગઈ. મમ્માએ એને વિક્સ-વેપોરબ ઘસી આપ્યું. સારિડોનની ટીકડી આપી. ને કહ્યું : બેટા ! આઈસકેન્ડી નહિ ખાવાની હો !

બેબી રેડી થઈ ગઈ. ને થોડીવાર પછી આઈસકેન્ડીવાળાની ઘંટડી સંભળાઈ. બેબી દોડતી પહોંચી ગઈ ત્યાં. આઈસકેન્ડી ખાધી... શરદી... ફરી મમ્મા... પુનરપિ વિક્સ-વેપોરબમ્, પુનરપિ સારિડોનમ્... અને પુનરપિ આઈસકેન્ડી !

શરદી મટી નથી કે આઈસકેન્ડી ખાધી નથી... મા પણ કદાચ પાંચ-સાત દિવસ આવું થાય તો ગુસ્સે થઈ જાય...

વર્ષોથી 'સવ્વસ્સ વિ...' બોલવા છતાં, ગુરુદેવનું 'પડિક્કમેહ' ન સ્વીકારવા છતાં સદ્‌ગુરુની કરુણા... એ તો અમાપ વહ્યા જ કરે છે.

●●●

સદ્‌ગુરુની આ કરુણાધારા... આપણા ભાવોમાં આવતો ઉછાળો... આ શુભનો વેગ. પોષણ.

●●●

પ્રભુએ શુભમાં ઉછાળો આવે એવાં નિમિત્તો આપ્યાં. પ્રભુએ સદ્‌ગુરુયોગ આપ્યો. અને એ દ્વારા પણ શુભભાવોમાં ઉછાળો આવ્યો. તો, પોષણની પાછળ હસ્તાક્ષર પ્રભુના જ ને !

એક એક શુભ ભાવની પાછળ પ્રભુના હસ્તાક્ષર છે. એક પણ સારો વિચાર, એક પણ સારો ભાવ, એક પણ સારું અનુષ્ઠાન પ્રભુની કૃપાથી જ થાય છે... પ્રભુએ શાસન સ્થાપ્યું. પ્રભુએ પૂરી સિસ્ટમ આપી. ખૂબ જ ઋણી છીએ આપણે પ્રભુના.

તો, એક એક શુભ ભાવ પર પણ પ્રભુના હસ્તાક્ષર. એક એક શુભ ભાવના ઉછાળા પર પણ પ્રભુના હસ્તાક્ષર.

●●●

તારણ.

શુદ્ધમાં આપણે પ્રતિષ્ઠિત થઈએ; સ્વગુણોમાં કે સ્વરૂપમાં; એ પણ પ્રભુની કૃપાથી જ.

રાણકપુર તીર્થમાં દાદાને કહેવું છે કે દાદા ! તમે તો સ્વમાં પ્રતિષ્ઠિત છો જ. હું તમારી પાસે મારી પ્રતિષ્ઠા કરાવવા આવ્યો છું. મને મારી અંદર પ્રતિષ્ઠિત કરી દો. મારો ઉપયોગ સતત બહાર ફરી રહ્યો છે. એને તમે સ્વમાં પ્રતિષ્ઠિત કરી દો !

હવે પ્રભુ પૂછશે : તારી સ્થિર પ્રતિષ્ઠા કરવી છે કે ચલ પ્રતિષ્ઠા ? સ્થિર પ્રતિષ્ઠામાં પ્રતિષ્ઠિત થયેલ પ્રભુ ૨૪ કલાક સિંહાસન પર જ બિરાજમાન રહે. ચલ પ્રતિષ્ઠામાં પ્રક્ષાલ આદિ માટે પ્રભુને બાજુમાં બિરાજમાન કરી શકાય. તોય તેવીસ કલાક તો પ્રભુ સિંહાસન પર હોય જ.

તમારે કેવી પ્રતિષ્ઠા જોઈએ ?

જોકે, આ પણ ઊંડી વાત છે. થોડીક હળવી વાત કરું તો, ઝંખનાના સ્તર પર ચોવીસ કલાક સ્વમાં રહેવાની ઈચ્છા ચાલ્યા કરે ? કે એક-બે કલાક ઝંખના પરની પણ થઈ જાય - ખાવા, પીવા આદિની ક્રિયા સમયે; પણ બીજો સમય તો ઝંખના સ્વની જ રહે, આવું બને ?

ઝંખનાના સ્તર પર સ્થિર પ્રતિષ્ઠા કે ચલ પ્રતિષ્ઠા ? ચોવીસ કલાક ઝંખનાની ધારા ચાલે... કેટલી મઝાની વાત... અને આવી ઝંખનાને પ્રાપ્તિ ક્યાં દૂર હોય ?

આ સન્દર્ભમાં એક ઘટના યાદ આવે છે. પૂજ્યપાદ જ્ઞાનવિમલસૂરિ મહારાજની સ્તવના છે : તું પ્રભુ મારો, હું પ્રભુ તારો... એ ધ્રુવપદથી શરૂ થતી. એક ભક્તે મને પૂછેલું : પૂ.

જ્ઞાનવિમલસૂરિ દાદાની એ ભૂમિકા હતી કે તેઓ કહી શકે કે 'પ્રભુ ! તું મારો છે, હું તારો છું...' અમારી એ ભૂમિકા નથી, અને અમે આ પંક્તિ બોલીએ તો એ મૃષાવાદ કહેવાય કે નહિ ?

મેં કહેલું : પૂજ્યશ્રી માટે આ વિધાન વાસ્તવ ભૂમિકાએ હતું. આપણા માટે આ વિધાન પ્રાર્થનાના / ઝંખનાના લયમાં આવી શકે. અને એ લયમાં તમે બોલી શકો. 'પ્રભુ ! હું તારો ભક્ત બન્યો નથી, પણ મારે આજ્ઞાપાલન દ્વારા તારા ભક્ત બનવું છે. તું કૃપા કર !' આ સન્દર્ભમાં આ વિધાન આપણે કરીએ તો સરલ વાત થઈ.

●●●

તારણ.

શુદ્ધમાં - સ્વગુણમાં કે સ્વરૂપમાં સાધકનું પ્રતિષ્ઠાન.

પરમાત્માના સ્વરૂપને જોઈને વીતરાગદશા, પ્રશમ આદિ ગુણો મેળવવાની ઝંખના ઊભરે... અખંડ, નિર્મલ પોતાના સ્વરૂપને પામવાની ઝંખના વિસ્તરે.

ઝંખનાનો વિસ્તાર એવો જોઈએ છે કે એમાં બીજી બધી જ ઝંખનાઓ ડૂબેલી હોય.

આ ઝંખના કાર્યાન્વીતતા તરફ ઢળે. પ્રભુની કૃપાથી સ્વગુણ કે સ્વરૂપની પ્રાપ્તિ થાય.

ઝંખનાને કાર્યાન્વીત થવા માટે જે સાધના છે, તે પણ પ્રભુએ બતાવેલી છે...

ઝંખનાને તબક્કે પણ પ્રભુની કૃપા. કાર્યાન્વિતિના તબક્કે પણ એમની કૃપા...

– અને આ સિદ્ધિ !

●●●

'ધારણ પોષણ તારણો રે, નવસર મુગતાહાર...' નવ સેરવાળા મોતીના હારને કોઈ પહેરે તેમ ભક્ત ધારણ, પોષણ અને તારણ રૂપ પ્રભુની પ્રસાદીને હૃદય પર ધારી રાખે છે.

●●●

બ્રાહ્મણવાડા તીર્થમાં પૂજ્યપાદશ્રીજીએ પ્રભુના આપણા પરના કાર્યકલાપને સમજાવતાં આ વાતને કહેલી. અને પ્રભુની આ પ્રસાદીને પામવાની સજ્જતા રૂપે મન, વચન, કાયાના યોગો પ્રભુને સોંપવાના તેમ કહેલું. 'ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમિનાથ ભરતાર...'

●●●

આ જ સન્દર્ભમાં યાદ આવે છે પૂજ્યપાદશ્રીનું એક વિધાન : 'ભક્તિનું આન્તરલક્ષણ આજ્ઞાપાલન અને સર્વસમર્પણ છે...'

ભક્તિ આપણા હૃદયમાં વિસ્તરી છે કે નહિ તેને જાણવાના આ બે મઝાના માપદંડો : આજ્ઞાપાલન અને સર્વસમર્પણ.

પ્રભુની આજ્ઞાનું હાર્દ શું ?

સ્વરૂપને પામવા માટે પ્રભુએ ચીંધેલા માર્ગે ચાલી પડવું તે જ પ્રભુની આજ્ઞા.

જ્ઞાનાચાર આદિ પાંચે આચારોને આચરીશું. શુભ દ્વારા શુદ્ધ તરફનું પ્રયાણ ચાલુ રાખશું. ધારણ, પોષણ, તારણ.

સાધ્ય, લક્ષ્ય 'તારણ' છે.

સાધન 'ધારણ' અને 'પોષણ'.

●●●

સ્વમાં જવું તે પ્રભુની આજ્ઞા. ઉપયોગ સ્વને છોડીને પરમાં જાય તે પ્રભુની આજ્ઞા નહિ.

ઉપયોગ સ્વમાં, શુદ્ધમાં તે તારણ. શુદ્ધરૂપ ગુપ્તિમાં સાધક હોય ત્યારે એ હોય તારણની ભૂમિકાએ. સમિતિઓમાં સાધક વર્તતો હોય ત્યારે એ ધારણ અને પોષણની ભૂમિકા પર હોય...

સમિતિ-ગુપ્તિનું પાલન એટલે ચારિત્રાચારનું પાલન. પ્રભુની આજ્ઞાનું પાલન.

આ આજ્ઞાપાલન એટલે સર્વસમર્પણ. પોતાની ઈચ્છાઓ, વિચારો, બુદ્ધિ આદિનું પ્રભુચરણે સમર્પણ.

●●●

'હું' જ ન રહે તો મારો વિચાર, મારી બુદ્ધિ આ બધું ક્યાંથી રહેશે ?

ક્યારેક કો'ક શિષ્ય કોઈ બાબત માટે કહે કે આ મારો અભિપ્રાય છે; ત્યારે હું સહેજ હસું. ચહેરા પર સ્મિત ઝલકી જાય. સાધક પૂછે : સાહેબ, કેમ હસ્યા ? ત્યારે હું કહું : હજુ તારું હું રહ્યું છે ? દીક્ષા સમયે જો તારા વૈભાવિક હુંને જ ભૂંસવાની મેં

કોશિશ કરી છે; તો હું બચ્યું ક્યાંથી ? અને, હું જ ન હોય તો 'મારો અભિપ્રાય' ક્યાંથી આવે ?

●●●

પૂજ્યપાદશ્રીજીએ આપેલું ભક્તિસૂત્ર વારંવાર યાદ આવે તેવું છે : ભક્તિનું આન્તરલક્ષણ આજ્ઞાપાલન અને સર્વસમર્પણ છે.

આજ્ઞાપાલન એટલે જ સર્વસમર્પણ. અથવા તો, સર્વસમર્પણ દ્વારા, ત્રિવિધયોગ પ્રભુને ચરણે ધરીને આજ્ઞાપાલનની ભૂમિકાને આત્મસાત્ કરવી. આજ્ઞાપાલન. તારણ. શુદ્ધમાં સ્વનું પ્રતિષ્ઠાન.

ઉપયોગ સ્વમાં ભળતો જાય તેમ આત્માનુભૂતિ પ્રબળ બનતી જાય છે આ વાતનો ઉલ્લેખ પૂજ્ય વીરવિજય મહારાજે પરમતારક શ્રી શાન્તિનાથ પ્રભુની સ્તવનામાં કર્યો છે :

અનુભવ રંગ વધ્યો ઉપયોગે,
ધ્યાન સુપાન મેં કાથા ચૂના;
ચિદાનંદ ઝકઝોલ ઘટા સે,
શ્રી શુભવીર વિજય પડિપુન્ના...

જેમ જેમ ઉપયોગ સ્વ ભણી વધુ ઢળ્યો તેમ અનુભૂતિ પ્રગાઢ બનવા લાગી. આ અનુભૂતિ એ જ ધ્યાન રૂપી પાનમાં કાથો અને ચૂનો છે.

ધ્યાનમાં સ્વાનુભૂતિ ઊતરે તો જ તે વાસ્તવિકતા ભણી લંબાતું કહી શકાય. માત્ર પ્રાણાયામ તે ધ્યાન નથી. એ ધ્યાનની પૂર્વભૂમિકામાં આવી શકે.

અનુભૂતિ ઊતરે ત્યારે શું થાય છે ? એક અનુભવી સાધક જ વર્ણવી શકે તેવું આ બ્યાન : 'ચિદાનંદ ઝકઝોલ ઘટા સે, શ્રી શુભવીર વિજય પડિપુન્ના...' જ્ઞાન અને આનંદની એવી તો તન્મયતા ત્યાં હોય છે કે સાધક આન્તરિક પૂર્ણતાને સંવેદે છે.

આ અનુભૂતિનો પ્રારંભ શી રીતે થાય છે ? મઝાની કેફિયત આવી :

ધ્યાન ખડ્ગ વર તેરે આસંગે,
મોહ ડરે સારી ભીક ભરુના;
ધ્યાન અરૂપી તો સાંઈ અરૂપી,
ભક્તે ધ્યાવત તાના તૂના...

પ્રભુપ્રીતિ એ જ છે ધ્યાન. પ્રભુના ગુણો પરની પ્રીતિ સ્વગુણોની અનુભૂતિમાં પલટાય છે ને !

આ ધ્યાન, સ્વગુણાનુભૂતિ એ જ છે તલવાર. એ સાધક પાસે હોય એટલે મોહ ડરી જાય છે, દૂર થઈ જાય છે.

પ્રભુ અરૂપ છે, તો તેમનું ધ્યાન - ગુણાનુભૂતિ એ પણ અરૂપ છે. ભક્ત ભક્તિ દ્વારા પ્રભુના એ ગુણોને પ્રાપ્ત કરે છે.

• • •

## સંદર્ભ સૂત્ર - ૮

• કોઈ સમર્થ સમ્રાટના શરણે જનારની પડખે, આખા સામ્રાજ્યનું બળ ઊભું રહે છે. તેમ જીવ જ્યારે શ્રી તીર્થંકરદેવની ઉપાસના કરે છે ત્યારે આખી ધર્મ મહાસત્તા (Cosmic Power)નું બળ તેની પડખે રહે છે. અને એ જીવને સહીસલામત રીતે મોક્ષ સુધી પહોંચાડવાની જવાબદારી ધર્મ મહાસત્તાની બની જાય છે.

...શ્રી તીર્થંકર દેવો એ ધર્મ મહાસત્તાના સર્વ સત્તાધીશ છે; એટલે તેમની આજ્ઞાના આરાધકના પડખે ધર્મ મહાસત્તાની સમગ્ર સેના ઊભી રહે છે. **(આત્મઉત્થાનનો પાયો. પૃ. ૯૭)**

• પ્રભુના અનુગ્રહથી જ આત્મજ્ઞાન, સત્ક્રિયા અને સત્શ્રદ્ધા વગેરે ઉત્પન્ન થાય છે, એવો નિર્ણય સમ્યગ્દૃષ્ટિ જીવને દૃઢ હોય છે. (૮)

• મોક્ષસાધક સર્વ અનુષ્ઠાનોનું ધ્યેય આત્માનો અનુભવ છે. (૩૬૫)

• આજ્ઞાનું પાલન, એનું અંતિમ રહસ્ય આત્માએ આત્મસ્વરૂપમાં રમણ કરવું તે છે. (૨૬૨)

• કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે જ્ઞાન ભણવાનું છે. ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે દર્શનાચારને સેવવાનો છે. યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ માટે ચારિત્રાચારને પાળવાનો છે. શુક્લધ્યાનના લાભ માટે તપાચારનું સેવન કરવાનું છે. અક્રિયપદની પ્રાપ્તિ માટે વીર્યાચારનું પાલન કરવાનું છે. (૧૩૭)

• જે પોતાના આત્યંતિક અસ્તિત્વથી અપરિચિત છે, તે કદી પણ આનંદને પ્રાપ્ત કરી શકતો નથી. 'સ્વરૂપમાં પ્રતિષ્ઠા' તે જ આનંદ છે. (૨૧૦)

• જે પૂર્ણાનંદમય છે, તેમાં જ દૃષ્ટિ પરોવાય છે એટલે બાહ્ય વસ્તુના અભાવનો ખટકો કે દુઃખ મનને સ્પર્શતું નથી. (૧૧૨)

● ચેતના જેટલા અંશે નિજભાવની અંદર લીન તેટલા અંશે જિનભાવની નજીક છે. જિનધર્મનો અર્થ નિજધર્મ અર્થાત્ સ્વભાવમાં રહેવું તે ધર્મ, પરભાવમાં રહેવું તે અધર્મ. (૧૧૨)

● સમિતિપૂર્વકનું જીવન એટલે જગતના જીવો સાથેનું પ્રેમ, સહાનુભૂતિ, સહકાર અને સહિષ્ણુતા પૂર્વકનું જીવન.

ગુપ્તિપૂર્વકનું જીવન એટલે પરમાં પ્રવૃત્ત થતાં મન, વાણી અને દેહને ત્યાંથી પાછા વાળી, એકાંત અને મૌન દ્વારા નિજમાં ઉતરવાની ક્રિયાનો અભ્યાસ. (૧૬૪)





## ૯

# આધારસૂત્ર

સ્વાત્માના મૂળ સ્વરૂપને પ્રગટ કરવા માટે જ ભક્તિ છે.

- આત્મઉત્થાનનો પાયો, પૃ. ૨૬૨

(આ ભક્તિનો, આત્માનુભૂતિનો માર્ગ કયો ?)

પ્રાથમિક વૈરાગ્ય (અપર વૈરાગ્ય), અનુભૂતિમાન પુરુષો ઉપરની ભક્તિ અને આત્માનુભૂતિ આ ક્રમ છે. (આત્માનુભૂતિ પછી પર વૈરાગ્ય.)

- આત્મઉત્થાનનો પાયો, પૃ. ૨૬૬

વિષયોમાં દોષદર્શનજનિત વૈરાગ્ય (પ્રાથમિક વૈરાગ્ય) વિષયોના સંગથી દૂર રહેવા પૂરતું પ્રારંભિક અભ્યાસનું કાર્ય કરી આપે છે તેટલા પૂરતી પ્રારંભ કાળે તેની અનિવાર્ય ઉપયોગિતા છે. કેમ કે વિષયોના સંગમાં રહીને આત્માનુભૂતિનો અભ્યાસ અશક્ય છે.

... વિષયોનો બાહ્ય સંગ છૂટ્યા પછી તેની આન્તરિક આસક્તિ ટાળવા માટે આત્માનુભૂતિ સિવાય બીજો કોઈ ઉપાય નથી. અને આત્માનુભૂતિવાળા પુરુષોની ભક્તિ સિવાય આત્માનુભૂતિ પણ નીપજતી નથી.

એટલે પ્રાથમિક વૈરાગ્ય (અપર વૈરાગ્ય), પછી અનુભૂતિમાન પુરુષો ઉપરની ભક્તિ અને પછી આત્માનુભૂતિ આ ક્રમ છે.

આત્માનુભૂતિ પછી ઊપજતી વિષયોની વિરક્તિ એ તાત્ત્વિક વિરક્તિ છે. કેમ કે પછી વિષયોની વિજાતીયતાનું પ્રત્યક્ષ ભાન થાય છે. - એજન, પૃ. ૨૬૬

વિપાકની વિરસતારૂપ દોષદર્શનજનિત વૈરાગ્ય એ અપર વૈરાગ્ય છે. અને આત્માનુભવજન્ય દોષદર્શનરૂપ વૈરાગ્ય એ પર વૈરાગ્ય છે. - એજન, પૃ. ૨૬૬



# ૯ ભક્તિ : પર વૈરાગ્ય

એક સાધકે પૂજ્યપાદશ્રીજીને પૂછ્યું : ગુરુદેવ ! મને આત્માનુભૂતિનો સરળ માર્ગ બતાવો ને !

ગુરુદેવની કરુણા મુખરિત બની અને એમણે કહ્યું : પ્રાથમિક વૈરાગ્ય (અપર વૈરાગ્ય), અનુભૂતિમાન પુરુષોની ભક્તિ, આત્માનુભૂતિ અને પર વૈરાગ્ય.

આ સાધનાક્રમમાં નિશ્ચય અને વ્યવહારની મઝાની ગૂંથણી થઈ છે. મઝાની વાત એ છે કે એ સાધક જે સાધનાભૂમિ પર ઊભો છે, ત્યાંથી જ સાધનાને શરૂ કરાઈ છે.

પ્રાથમિક વૈરાગ્ય, અપર વૈરાગ્યની ભૂમિકા એની પાસે છે. એમાં અનુભૂતિમાન પુરુષોની ભક્તિને એ ઉમેરશે એટલે આત્માનુભૂતિને એ સ્પર્શશે. અને એ આત્માનુભૂતિ દ્વારા પર વૈરાગ્ય.

●●●

સાધના ગુરુદત્ત હોય છે. એ સાધક માટે આ સાધના ગુરુદત્ત હતી. આપણા માટે...? સદ્ગુરુ આપણને આપે તો આપણા માટે એ સાધનાક્રમ ગુરુદત્ત બની શકે.

●●●

હા, જીવન્તગુરુ જેવી એક ગ્રન્થગુરુની પણ પરંપરા છે. એ રીતે આપણે પૂજ્યપાદશ્રીજીને આપણા સાધનાદાતા ગુરુ તરીકે સ્વીકારી શકીએ.

અને, બહુ મઝાની વાત કરું તો, અહીં આપણે માત્ર તેમના પ્યારા શબ્દોને વિવેચિત કરવા માટે બેઠા નથી. આપણે તેઓશ્રીના શ્રીમુખેથી સાધના લેવા જ અહીં બેઠા છીએ.

મારા જીવનમાં એક ઘટના ઘટેલી. ગુરુદેવ સક્ષમ સાધનાચાર્ય હતા. પણ મારી સાધનાની ભૂખ પરિપક્વ થયેલી નહિ. પૂર્વના અને પશ્ચિમના મનીષીઓને વાંચ્યા કરું અને, 'સમાધિશતક'ના લયમાં, શ્રુતાન્ધકાર ઉભાર્યા કરું.

ગુરુદેવે એકવાર મને પૂછ્યું : તું આટલું બધું વાંચે છે; પણ તેં પૂજ્યપાદ હરિભદ્રાચાર્ય મહારાજને કે પૂજ્ય દેવચન્દ્રજી મહારાજને વાંચ્યા છે ? મેં કહ્યું : ના, જી. એમણે કહ્યું : તું એ બેઉને વાંચ.

જીવન્તસદ્‌ગુરુ દ્વારા મને ગ્રન્થગુરુઓ મળ્યા. એ બેઉ સદ્‌ગુરુઓ દ્વારા અને પૂજ્યપાદ પંન્યાસજી ભગવંત દ્વારા મને સાધનાનું હાર્દ મળ્યું.

તો, આપણા સહુ માટે પંન્યાસજી ભગવન્ત ગ્રન્થગુરુ છે, સાધનાગુરુ છે. તેઓશ્રી આ રાણકપુર તીર્થમાં આપણને સહુને સાધનાદીક્ષા આપી રહ્યા છે. આપણે ખૂબ અહોભાવપૂર્વક એ સાધનાદીક્ષાને સ્વીકારીએ.

●●●

આ સાધના ક્રમની વિશેષતા એ છે કે એ વ્યવહારથી નિશ્ચય ભણી જઈ રહેલ છે : અપર વૈરાગ્ય દ્વારા પર વૈરાગ્ય.

●●●

અપર વૈરાગ્ય.

વિષયોમાં દોષદર્શનજનિત વૈરાગ્ય.

આ વ્યવહાર સાધના પર પણ પૂજ્યપાદશ્રીજીએ ખૂબ ભાર મૂક્યો છે. કારણ કે, એ અપર વૈરાગ્ય વિષયોના સંગથી સાધકને દૂર રાખે છે. તેઓશ્રીજી ભારપૂર્વક કહે છે કે વિષયોના સંગમાં રહીને આત્માનુભૂતિનો અભ્યાસ અશક્ય છે.

આ બહુ જ સ્પષ્ટ વિધાન છે. ક્યારેક સાધક જાત સાથે છલના કરતો હોય છે : ‘સરસ ભોજન ખાઇને, ઈન્દ્રિયોના વિષયોના અનુકૂલનને સાધીને, ઍરકન્ડિશન્ડ રૂમમાં રહીને પણ હું

આત્માનુભૂતિનો અભ્યાસ કરી શકું છું.' અહીં આન્તરનિરીક્ષણ થવું જોઈએ. દૂધપાક-પૂરી અને રોટલી-શાક એને બિલકુલ સરખા લાગે છે કે એમાં તારતમ્ય એને લાગે છે ?

ઈન્દ્રિયોના અનુકૂલનની કલ્પનાને તોડવા માટે એક સરસ ઉપાય પરમપાવન શ્રી દશવૈકાલિક સૂત્રમાં અપાયેલ છે : મુનિઓ ગ્રીષ્મઋતુમાં આતાપના લે. શિયાળામાં ખુલ્લા શરીરે રહે.[૧] વર્ષાઋતુમાં ગુફા આદિમાં કાયાને સંગોપીને રહે. અને આ રીતે મુનિઓ પરમ સાતામાં રહે છે.

કેટલો મઝાનો આ માર્ગ !

ઉનાળામાં ઠંડકની અને શિયાળામાં હૂંફાળા મકાન આદિની અપેક્ષા હોય ત્યારે શું થાય ? એવું મળે ત્યારે રતિભાવ થાય. એવું ન મળે ત્યારે અરતિભાવ થાય.

પણ આ અપેક્ષા જ ન હોય તો...?

તો, મઝા જ મઝા !

●●●

અત્યાર સુધી મનમાં એક fixing, ચોક્કસ ખ્યાલ થઈ ગયેલ છે કે આ સારું કહેવાય, આ ખરાબ કહેવાય. જે સમાજમાં તમે ઊછરો છો એ સમાજ નક્કી કરે છે કે આ સારું, આ ખરાબ. આ અર્થમાં સામૂહિક સમ્મોહન લોકો પર થયું છે એમ કહી શકાય.

---

૧. **आयावयंति गिम्हेसु, हेमंतेसु अवाउडा ।**
**वासासु पडिसंलीणा, संजया सुसमाहिया ॥** - દશવૈકાલિક સૂત્ર

સમાજ કહેશે : આવાં વસ્ત્રો સારાં કહેવાય એટલે લોકો એવાં વસ્ત્રો પહેરશે... બહુ મો...ટી ગાડી સ્ટેટસ સિમ્બોલ ગણાતી હશે તો લોકો લાંબી, મોટી ગાડી લાવશે.

આમાં અપવાદરૂપ કિસ્સા પણ જોવા મળે. પંચાવન વર્ષ પહેલાંની ઘટના યાદ આવે : અમદાવાદ, ગીરધરનગરમાં પૂજ્યપાદ ગુરુદેવશ્રીની નિશ્રામાં મારું ચાતુર્માસ. મારી ઉમ્મર ચૌદ-પંદર વર્ષની.

ઉપાશ્રયની બાજુમાં રહેતા ચંદુકાકા રોજ બપોરે સામાયિક કરવા આવે. તેઓ બહુ જ રમૂજી. એક દિવસ તેઓ સામાયિક કરવા નહિ આવેલા. બીજા દિવસે મેં પૂછ્યું : 'કાલે કેમ નહોતા આવ્યા ?' તો કહે : 'એક સંબંધી ગુજરી ગયેલ. તેમની અંતિમ ક્રિયામાં જવાનું થયેલું.' એમના ત્યાં ત્રણ ગાડીઓ પડેલી રહેતી. મેં પૂછ્યું : 'તમે તો કારમાં ગયા હશો.'

પણ ત્રણે દીકરા ગાડી લઈને ઑફિસે ગયેલ. સેલ્ફ-ડ્રાઇવિંગ હશે. દીકરાને બોલાવવો ને એ બધું કરવા કરતાં તેઓ મ્યુનિસિપલ બસમાં ગયેલા. પંચાવન વર્ષ પહેલાની આ ઘટના. પણ તેમનો બોલવાનો લહેકો આજે યાદ આવે : 'મહારાજ સાહેબ, એ નાનકડા એમ્બેસેડરના ઠાઠિયામાં કોણ જાય ? હું તો મોટી મ્યુનિસિપલ બસમાં ગયેલો !'

●●●

મનનો બંધોબંધાયો લય, fixing તૂટે છે ત્યારે ઈન્દ્રિયોના વિષયોમાં જવાને કારણે જે નુકશાન થયું છે, તેનો ખ્યાલ આવે છે.

અપરમ ભોગમાં અટવાવાને કારણે પરમ ભોગની ક્ષણો દૂર થઈ ગઈ એ નુકશાન તો ઊડીને આંખે વળગે તેવું છે જ.

શું કરશું હવે ?

પ્રભુને જો એક જન્મ તમે સોંપી દો તો પ્રભુ તમને અપરમ ભોગની દુનિયામાંથી ઊચકી લે. આપવો છે એક જન્મ ? અમે લોકોએ દીક્ષા લઈને પ્રભુને જીવન સમર્પિત કર્યું. પ્રભુની શરતો અઘરી નથી હો ! પ્રભુએ અમને એમ નથી કહ્યું કે મારા માર્ગ પર તું આવે એટલે તારે માસક્ષમણ પર માસક્ષમણ કરવા પડશે. ભગવાને તો કહ્યું : તારી પાસે શરીર છે એની સંભાળ રાખવી પડે તો રાખજે. પણ એનો થઈને ન રાખતો. મારો થઈને રાખજે. શરીરને ચલાવવા તું ખાઈ શકે. આસક્તિ માટે નહિ.

તમે સુખના, આનંદના ઈચ્છુક છો. એમ થાય કે આ પદાર્થને ખાઉં, ઉપયોગમાં લઉં તો સુખ મળે... ખરેખર, સુખ મળે છે પદાર્થોથી ? ભૂખ લાગી હતી. ત્રણ રોટલી ખાધી. તમને સારું લાગ્યું. ચોથી, પાંચમી, છઠ્ઠી... ખાધે જાવ તો...? રોટલી જો સુખ આપતી હોય તો તો આપ્યા જ કરે ને ? તો શું કર્યું રોટલીએ ? ભૂખના દુઃખને ઓછું કર્યું. મેટાસિનની ટીકડી જેવી જ થઈને રોટલી ! મેટાસિન સુખ માટે છે એવું નથી લાગતું ને...? તો, રોટલી...?

પદાર્થથી સુખ નથી મળતું; સુખાભાસનો ખ્યાલ માત્ર આવે છે. ભીતરનું સુખ જેમ મળતું જશે તેમ વિષયોના સંગથી સુખ મળે છે એ ખ્યાલ છૂટતો જશે.

●●●

અપર વૈરાગ્યની ભૂમિકાએ સાધક વિષયોના સંગને છોડે છે. પર વૈરાગ્યની ભૂમિકાએ વિષયોનો સંગ છૂટી જાય છે. સ્વની અનુભૂતિ અલપ-ઝલપ પણ થઈ; એ આનંદ થોડોક અનુભવાયો; પર છૂટી જ જાય ને !

●●●

અપર-વૈરાગ્યથી પર-વૈરાગ્યના ચરણે જતાં વચ્ચે અનુભૂતિમાન પુરુષો પરની ભક્તિનું ચરણ આવે. સદ્‌ગુરુપ્રીતિ. સદ્‌ગુરુભક્તિ.

સદ્‌ગુરુ શું કરે છે ? સદ્‌ગુરુચેતના આપણને સાધનાદીક્ષા આપે... મઝાનાં એમનાં આન્દોલનો સાધનાને પુષ્ટ કરે... અને ક્યારેક સાધનામાં અવરોધ આવે ત્યારે સદ્‌ગુરુચેતના દ્વારા અવરોધો દૂર કરાશે.

સદ્‌ગુરુવ્યક્તિ તમને સાધના આપતી હોય ત્યારે પણ તે તમને સદ્‌ગુરુચેતના સાથે જોડી આપે છે. યોગોદ્વહનની અમારી પ્રક્રિયામાં ગુરુવ્યક્તિ અમને સૂત્ર આપે છે. પરંતુ તે વખતે શબ્દો તેમના આ હોય છે : ‘ખમાસમણાણં હત્થેણં...’ હું આ સૂત્ર તને નથી આપતો, સદ્‌ગુરુઓની પરંપરા તને આ સૂત્ર આપે છે.

પૂજ્યપાદશ્રીજીનું એક વચન યાદ આવે છે : ‘ગુરુને એક વ્યક્તિરૂપે ન માનતા. વિશ્વના એક પરમ તત્ત્વરૂપે (તેમને) માનવા જોઈએ.’ (આત્મઉત્થાનનો પાયો - પૃષ્ઠ : ૨૭૧)

●●●

સદ્‌ગુરુભક્તિ એ જ આપણને આત્માનુભૂતિ દ્વારા પરવૈરાગ્ય સુધી લઈ જશે.

એક સાધક મને કહે : મને મારા ગુરુ પ્રત્યે બહુમાનભાવ નથી આવતો. મેં પૂછ્યું : કેમ નથી થતો ? ગુરુના કારણે કે તમારે કારણે ? બાધક કોણ છે અહીં ? ગુરુમાં મેં ક્રોધ જોયો માટે મને ગુરુ પ્રત્યે ભાવ નથી થતો... તો અહીં તમારી દોષદૃષ્ટિ જ કારણરૂપ છે ને ?

અને જો સદ્‌ગુરુ-બહુમાન, તીવ્રતાથી, હૃદયમાં છલકાયું તો મોક્ષ ક્યાં દૂર છે ? પંચસૂત્રક કહે છે : आयओ गुरुबहुमाणो... ગુરુ બહુમાન તે જ મોક્ષ.

બહુ મઝાની વાત એ છે કે સદ્‌ગુરુમાં પુણ્યપ્રકોપ હોય (હા, ગુરુના ક્રોધને આપણે ત્યાં પુણ્યપ્રકોપ કહેવાયો છે), પણ એ તમને દેખાયો શી રીતે ?

રત્નત્રયીથી યુક્ત, પ્રભુઆજ્ઞાને સમર્પિત ગુરુ છે. તમને આત્માનુભૂતિ આપી શકે તેમ છે. તમારે આત્માનુભૂતિ જોઈએ છે. હવે એ સદ્‌ગુરુમાં તમે બીજું શું ઈચ્છો છો ? એમની પાસે પુણ્યપ્રકોપ હોય તો પણ એ મારે માટે સારો જ છે. મારા પ્રમાદને તેઓ ક્યારેક લાલ આંખે કાઢી નાખશે... બોલો, ભક્તિ સિવાય બીજું શું હોઈ શકે ભક્તની પાસે ?

પ્રહારી બાબા વિખ્યાત સંત હતા. તેમનું મૂળ નામ શું હતું તેનો કોઈને ખ્યાલ નહોતો. બન્યું એવું કે બપોરે ભોજન કરીને સંત આરામ કરતા હતા અને એક વ્યક્તિ આવી. પૂછ્યું : બાપજી, શાતામાં ? બાપજીએ હા પાડી. પેલાએ બે-ત્રણ વાર એ વાત રિપીટ કરી. બાપજી ગુસ્સે થયા. લાકડી હાથમાં લીધી અને

ઠોકી : 'જા, ભાગ યહાં સે ! આરામ કરને દે !' લાકડી વાગી અને એનું ભાગ્ય ખૂલ્યું. એણે તો ગામમાં વાત ફેલાવી કે સંતની લાકડીનો પ્રહાર જેને મળે તે માલંમાલ થઈ જાય. આમ, સંતને લોકો પ્રહારી બાબા તરીકે ઓળખવા લાગ્યા.

પ્રહારની પાછળ ભૌતિક સમૃદ્ધિ જેને દેખાય, તેને ગુરુનો પ્રહાર પણ પ્યારો લાગે. તમને સદ્‌ગુરુ પાસેથી અનુભૂતિ જોઈતી હોય ત્યારે સદ્‌ગુરુમાં ક્રોધ (પુણ્યપ્રકોપ) આદિ દેખાય ?

●●●

અનુભૂતિમાન પુરુષોની ભક્તિ દ્વારા તમને શું શું મળે છે ? એક સુભાષિત છે : 'ये दत्वा सहजानन्दं, हरन्तीन्द्रियजं सुखम् । सेव्यास्ते गुरवः शिष्यैः....' સદ્‌ગુરુ તમને સહજ આનન્દ આપીને ઈન્દ્રિયજન્ય સુખને લઈ લે છે. ઈન્દ્રિયોના વિષયોની પૂર્તિ દ્વારા જે સુખની ભ્રમણા હતી, તે છૂ થઈ ગઈ.

ખાવા દ્વારા સુખ મળે કે પીવા દ્વારા સુખ મળે તે ભ્રમણા કેમ ચાલુ રહેલી ? કારણ કે, તમને દિવ્ય આનન્દનો અનુભવ નહોતો થયો.

તમે તમારામાં પ્રતિષ્ઠિત થયા કે અન્યમાં જવાનું બંધ !

સદ્‌ગુરુ તમારી ભીતર રહેલ દિવ્ય આનન્દ જોડે તમારું અનુસંધાન કરી આપે છે.

તમારી બાજુ રહે છે માત્ર ગુરુચરણોમાં ઝૂકવાનું.

મહારાષ્ટ્રના પ્રસિદ્ધ સંત જ્ઞાનદેવજીની કેફિયત યાદ આવે. તેમણે કહેલું : હું સદ્‌ગુરુ પાસે ગયો. તેમનાં ચરણોમાં ઝૂક્યો.

અને ઊભો થયો ત્યારે દિવ્ય આનન્દથી ભરાયેલો હતો... ખાલી ઘડો નદીના પ્રવાહમાં મુકાય અને ભરાઈ જાય તેમ હું ભરાઈ ગયો હતો.

•••

જ્ઞાનિપુરુષોનાં ચરણોમાં તમારું ઝૂકવું : અને આત્માનુભૂતિ આ રહી !

એ આત્માનુભૂતિ થયા પછીનો વૈરાગ્ય તે પર-વૈરાગ્ય. તાત્ત્વિક વૈરાગ્ય. પૂજ્યશ્રીજીના મધુર વચનો કાનમાં ગુંજે છે : ''આત્માનુભૂતિ પછી ઊપજતી વિષયોની વિરક્તિ એ તાત્ત્વિક વિરક્તિ છે. કેમ કે પછી વિષયોની વિજાતીયતાનું પ્રત્યક્ષ ભાન થાય છે.''

સ્વમાં ડૂબવાનું થયું.

પર છૂટી ગયું...

• • •

## સંદર્ભ સૂત્ર - ૯

● પુદ્‌ગલ પ્રત્યેનો પ્રેમ ન ઊડે અને જીવ પ્રત્યે મૈત્રી ન જાગે, ત્યાં સુધી ધર્મની શરૂઆત જ ન થાય. **(આત્મઉત્થાનનો પાયો. પૃ. ૧૯૫)**

● નિઃશ્રેયસનાં સુખ નિરુપાધિક છે. પરદ્રવ્યના સંયોગ વિના જ થાય છે. એ સુખોનો આધાર કેવળ આત્મા છે. આત્માના સ્વરૂપમાંથી ઉત્પન્ન થતાં સુખો એ જ પરમાર્થસુખો છે, યથાર્થ સુખો છે તેની પ્રાપ્તિનો આધાર નિર્જરાલક્ષી ધર્મ છે. (૮૨)

● સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય નિજાત્મા છે. કેમકે તે જ આનંદનું ધામ છે. આવો કેવળજ્ઞાન સ્વભાવ જેને પ્રિય લાગ્યો, તેને જગતમાં બીજું કાંઈ પ્રિય લાગે નહીં.

વિષયોમાં સુખ નથી, પણ સુખનો મિથ્યાભાસ છે. સંયોગમાં સુખ નથી. અજ્ઞાની પોતાની કલ્પનાથી તેમાં સુખ માને છે.

સ્વભાવ સુખનો નિર્ણય કરવો, તે સમ્યક્ત્વ છે. (૧૭૩)

● ભક્તની ભક્તિ નિર્વિષયતા અને નિષ્કષાયતાના આનંદનો અનુભવ કરાવે છે. એ આનંદની આગળ દુનિયાનાં સઘળાં સુખો તુચ્છ ભાસે છે. (૩૫૭)

● મોહને જીતવા માટે મોહવિજેતા શ્રી તીર્થંકરદેવોનો, શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનો અનુગ્રહ પ્રાપ્ત કરવો જોઈએ. તે અનુગ્રહ સાચી ભક્તિ વડે પ્રાપ્ત થાય છે. (૮૮)

● ગુરુકૃપા મોહનીયકર્મનો ક્ષય કરી શકે છે. તેના પ્રભાવે વિષયવિરક્તિ અને જિનભક્તિ પ્રાપ્ત થાય છે. કૃપા એ એક એવું તત્ત્વ છે કે જે નજરે ન દેખાતું હોવા છતાં નજરે દેખાતી કોઈ પણ વસ્તુ કરતાં અતિ અધિક ઉપકાર કરે છે. તે ઉપકારનું નામ છે વિષયવિમુખતા અને નિર્વિષયી પરમાત્મપ્રીતિમાં અપૂર્વરતિ. (૩૫૭)

● મોહનીય કર્મ ખપાવવા માટે ગુરુપારતંત્ર્યને છોડીને બીજો કોઈ ઉપાય નથી. (૩૫૬)

• ગુરુને 'ગુરુ' તરીકે માનવા, સમજવા તેમ જ સ્વીકારવાથી શિષ્ય નિજ આત્મશુદ્ધિની સાધનામાં સફળ થઈ શકે છે. સુગુરુ તો શિષ્યની આંખ તેમજ પાંખ બને છે. "ગુરુ એટલે ગુરુ ! જો તેમના ચરણકમલમાં સર્વસ્વ ધરું તો જરૂર મુક્તિપ્રકાશને વરું ! બસ, આ ભાવના હૃદયે ધરું અને આ સંસાર-સાગરને તરું !" સુશિષ્યના આ જ હૃદયોદ્‌ગાર હોય છે. (૩૫૫)

• ....સાચો વિરાગી, દેવ-ગુરુનો મહારાગી હોય, હોવો જોઈએ. દેવ-ગુરુનો રાગી બનનાર જ વિષયોનો વિરાગી બની શકે. નિર્વિષયી એવા દેવ-ગુરુની રતિ જ વિષયોની રતિને બાળી શકે. (૩૫૫)

• ગુરુતત્ત્વ દ્વારા જ દેવતત્ત્વની પ્રાપ્તિ થઈ શકે છે. ગુરુતત્ત્વનો મહિમા અપૂર્વ છે; જીવનમાં ગુરુ ઉપરનો અનુરાગ સકળ કાર્યની સિદ્ધિ કરાવનારો છે. (૧૮૫)

• કૃપાનું તત્ત્વજ્ઞાન કહે છે કે, કૃપા જોઈતી હોય, તો અંદરથી ખાલી થઈ જાઓ. સર્વત્ર વરસતો વરસાદ પણ ત્યાં જ ઝીલાય છે, જ્યાં પૂરતું ખાલીપણું હોય છે. માટે ખાલી થઈને ગુરુને સમર્પિત થવામાં જ ગુરુકૃપાને પાત્ર થવાય છે. (૩૫૮)



# ભીની ક્ષણોનો વૈભવ

વિનોબાજી વિષ્ણુસહસ્રનામ રટી રહ્યા હતા. પાછળથી એક ભક્તે તેમને આ સન્દર્ભે પૂછેલું : આપ વિષ્ણુસહસ્રનામ નવું બનાવો તો... ?

વિનોબાજીએ કહ્યું : બેશક, બનાવી શકાય. જૂનાનો અનુભવ હોય, નવો ઉન્મેષ હોય; તમે રચના કરી શકો. પણ એ રચનાને કાળપુરુષ પોતાની પરીક્ષામાંથી પસાર કરશે કે કેમ તે આપણે જાણતા નથી.

તેમણે ઉમેર્યું : જૂનું વિષ્ણુસહસ્રનામ કાળપુરુષની પરીક્ષામાંથી પસાર થયેલું છે. કાળપુરુષ કાળજયી રચનાઓને જ કાળના પ્રવાહમાં આગળ વધવા દે છે. બીજી કૃતિઓ પ્રવાહમાંથી નીકળી કાંઠે ધકેલાઈ જાય છે.

● ● ●

પૂજ્યપાદશ્રીજી દ્વારા અપાયેલ આ ભક્તિસૂત્રો કાળજયી છે. વર્ષો પછી પણ એ સૂત્રો એવાં જ તાજાં લાગે છે અને વર્ષો પછી પણ એવાં જ નિત્યનૂતન તે લાગશે.

● ● ●

રાણકપુર મહાતીર્થના રમ્ય પરિસરમાં, પૂજ્યપાદશ્રીજીનાં જ આન્દોલનોની પૃષ્ઠભૂમાં, આ સૂત્રો પર બોલતાં આનંદ અનુભવેલ.

• • •

સ્વાધ્યાયપ્રેમી રાકેશભાઈ (કોલમ્બસ, અમેરિકા) અને જિજ્ઞાબહેન વિશાલભાઈ (ન્યૂજર્સી, અમેરિકા) દ્વારા અવતરિત થયેલ વાચનાનાં પૃષ્ઠોને સામે રાખીને સુઈગામમાં આ સૂત્રોને ફરીથી મમળાવ્યાં...

માધુર્યસભર આ સૂત્રો... જેટલીવાર મમળાવીએ એટલીવાર મધુરતા તો મળે જ. દરેક વખતે સૂત્રો પરની ભિન્ન ભિન્ન અનુપ્રેક્ષાઓ પણ મળે.

જોકે, એ અનુપ્રેક્ષાઓ પણ પરામાં મળેલ હોય.

સૂત્રાનુપ્રેક્ષા, અર્થાનુપ્રેક્ષા અને અવતરણ આવો એક ક્રમ છે. પૂજ્યપાદશ્રીજીની અનુપમ પ્રસાદીરૂપ સૂત્રને વાંચવાનું, એ પછી એના સામાન્ય અર્થની ભૂમિકા પર જવાનું. પછીની ભૂમિકા છે અવતરણની. તમારી બુદ્ધિનું અહીં પ્રયોજન નથી. એને સુવાડી દો. સૂત્ર છે અને તમે છો. નવો જ કોઈ અર્થ - તમારી બુદ્ધિમાં પહેલાં ન અવતરેલો - તમને સ્ફુરે છે ? એ સ્ફુલિંગ, એ તિખારો, એ અવતરણ. - જ્યાં તમે નથી, 'એ' છે.

• • •

સુઈગામના ચાતુર્માસમાં (વિ.સં. ૨૦૬૯) અવતરણની ક્ષણોમાં સરાતું ગયું, લખાતું ગયું.

રચનાની આ ક્ષણોની વિશેષતા એની પૃષ્ઠભૂ હતી. સુઈગામના ભક્તિસભર લોકોનાં ભીનાં આન્દોલનોની પૃષ્ઠભૂ પર પ્રસ્તુત પુસ્તક લખાતું ગયું.

એ ભીનાં આન્દોલનોમાં ડૂબવું એ એક લહાવો હતો.

સુઈગામના પ્રવચન મંડપમાં બેઠેલ ભક્તોને હું ઘણીવાર કહેતો : તમારી સહુની આંખોમાં મને ભગવાન, ભગવાનને ભેટવાની તમન્ના જ દેખાય છે. રહીમની આ ચોટડૂક પંક્તિને તે સમયે હું ઉદ્ધૃત કરતો :

પ્રીતમ છબિ નૈનન બસી,
પર છબિ કહાં સમાય ?
ભરી સરાય 'રહીમ' લખી,
પથિક આય ફિર જાય...

બે-અઢી કિલોમીટર દૂરથી રોજ પ્રવચનમાં સમયસર આવનાર હિન્દુ ભક્તોની આંખોમાં દેખાતી શ્રદ્ધા મને અભિભૂત કરતી.

ત્યાંની શાળાના ભૂતપૂર્વ અધ્યાપક પ્રભુદાસભાઈ રોજના પ્રવચનોને ગ્રન્થસ્થ કરતા. તેઓ કહેતા કે મને આ સ્વાધ્યાય દ્વારા અનેરો આનંદ મળ્યો.

લિખિત પ્રવચનોની નોંધને વારંવાર વાંચીને હું એ આસ્વાદ્ય ક્ષણોની યાત્રા ઘણીવાર કરી શકું છું.

• • •

મારાં બધાં પુસ્તકોનું સુચારુ સમ્પાદન કરનાર મુનિ ધર્મરુચિ-વિજયજીએ તથા મુનિ મન્ત્રચૈતન્યવિજય, સાધ્વીજી મોક્ષધર્માશ્રીજી, સાધ્વીજી સૌમ્યગુણાશ્રીજીએ પોતાની જન્મભૂમિના દાદાનાં ચરણોમાં મૃત્યુંજય તપ (માસક્ષમણ)નું તથા સાધ્વીજી શ્રેયોધર્માશ્રીજીએ સિદ્ધિતપનું સાધનાપુષ્પ સમર્પિત કરેલું. એ સાથે કુલ ૩૧ માસક્ષમણ આદિ વિવિધ તપશ્ચર્યાઓ વડે સુઈગામ તપોભૂમિ બનેલ.

• • •

વિહાર (કાર્તિકી પૂર્ણિમા)ના દિવસે લોકોની ભીંજાયેલી આંખો સામે જોઈ મેં કહેલું : કદાચ તમને થશે કે કાલે શું કરીશું ? કાલે સદ્ગુરુનું દર્શન શી રીતે થશે ? પણ એનો ઉત્તર મહાભારતની એક ઘટનામાંથી મળી શકે.

એ ઘટનાને વર્ણવતાં મેં કહેલું : ‘ઉદ્ધવજી વૃન્દાવન આવ્યા. રથને જોઈને ગોપીઓને થયું : શ્રીકૃષ્ણ આવ્યા હશે. ગોપીઓ રથને વીંટળાઈ વળી. પણ રથમાંથી ઉદ્ધવજી નીકળ્યા. શ્રીકૃષ્ણ તો હતા જ નહિ. ગોપીઓએ એ વખતે ઉદ્ધવજીને કહ્યું : તમે થોડી ક્ષણો પહેલાં શ્રીકૃષ્ણને જોઈને નીકળ્યા છો. તમારી આંખોમાં પ્રતિબિમ્બિત થયેલા એ શ્રીકૃષ્ણનું દર્શન કરી અમે સંતુષ્ટ બનશું.’

મેં કહેલું : આવતી કાલે એક ભક્ત બીજા ભક્તની આંખમાં સદ્ગુરુને જોઈ શકશે. ભીનાશમાં પ્રભુને / સદ્ગુરુને અવતરિત કરવાની મઝાની ક્ષમતા છે.

• • •

માધુર્યપૂર્ણ આ ભક્તિસૂત્રો.

સુઈગામની ભીની ભીની ધરતી.

મારે ક્યાં લખવાનું હતું ?

કાગળ પર પેન સર્યા કરી. અનાયાસતાનો મધુરો આ અનુભવ.

પરમતારક, મહામહિમ શ્રી આદીશ્વર પ્રભુના સાન્નિધ્યમાં અને પૂજ્યપાદ ગુરુભગવન્ત શ્રીમદ્વિજય અરવિન્દસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં થયેલ આ સ્વાધ્યાય-પુષ્પ પ્રભુનાં અને સદ્ગુરુવરનાં ચરણોમાં અર્પણ કરું છું.

**કાર્તિકી પૂર્ણિમા, વિ.સં. ૨૦૭૦**<br>**આચાર્યશ્રી ૐકારસૂરિ આરાધનાભવન**<br>**સુઈગામ, (બનાસકાંઠા, ગુજરાત)**



નિરંજન નાથ મોહિ કૈસે મિલેંગે,
કૈસે મિલેંગે, કૈસે મિલેંગે ?

દૂર દેખું મૈં દરિયા ડુંગર,
ઉંચે બાદલ નીચે જમીયું તલે રે....૧

ધરતીમેં ઢુંઢું તિહાં ન પીછાનું,
અગનિ સહું તો મેરી દેહ જલે રે....૨

**આનંદઘન** કહે જસ સુનો બાતાં,
એહિ મિલે તો મેરો ફેરો ટલે રે....૩


અવધૂતજ્ઞાનયોગી
શ્રીમદ્ આનંદઘનજી મહારાજ

## પ.પૂ.આચાર્ય યશોવિજયસૂરિ મહારાજ દ્વારા લખાયેલ પુસ્તકો

- **દરિસન તરસીએ ..... ભા. ૧-૨ (દ્વિતીય આવૃત્તિ)**
  (ભાગવતી સાધનાની સસૂત્ર વ્યાખ્યા)
- **'બિછુરત જાયે પ્રાણ .....' (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ સિદ્ધર્ષિ મહારાજ કૃત જિનસ્તવના પર સંવેદના)
- **'આતમજ્ઞાની શ્રમણ કહાવે .....' (દ્વિતીય આવૃત્તિ)**
  (ઉત્તરાધ્યયન સૂત્રના ૧૫મા સભિક્ખુ અધ્યયન ઉપર સંવેદના)
- **'મેરે અવગુન ચિત્ત ન ધરો .....' (દ્વિતીય આવૃત્તિ)**
  (કુમારપાળ ભૂપાળ કૃત 'આત્મનિન્દા દ્વાત્રિંશિકા' પર સંવેદના)
- **ઋષભ જિનેસર પ્રીતમ માહરો રે .....**
  (શ્રી આનંદઘનજી મહારાજની સ્તવનાઓ પર સંવેદના) (સ્તવન-૧ થી ૫)
- **પ્રભુનો પ્યારો સ્પર્શ**
  (પરમ પાવન શ્રી દશવૈકાલિક સૂત્ર (૧ થી ૪) પરની વાચનાઓ)
- **આત્માનુભૂતિ**
  (યોગપ્રદીપ, જ્ઞાનસાર આદિ ગ્રન્થો તથા પૂ. ચિદાનંદજી મહારાજનાં પદોમાં મળતાં સાધના-સૂત્રો પર વિશ્લેષણ)
- **અસ્તિત્વનું પરોઢ**
  (હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા પર સ્વાધ્યાય)
- **અનુભૂતિનું આકાશ**
  (પૂ. દેવચન્દ્રજી મહારાજની અષ્ટપ્રવચન માતાની સજ્ઝાય પર અનુપ્રેક્ષા)
- **રોમે રોમે પરમસ્પર્શ**
  (દેવાધિદેવ પ્રભુ મહાવીરની સાડાબાર વરસની લોકોત્તર સાધનાની આંતર કથા)
- **પ્રભુના હસ્તાક્ષર**
  (પરમ પાવન ઉત્તરાધ્યયન સૂત્રનાં કેટલાંક સાધનાસૂત્રો પર સ્વાધ્યાય)
- **ધ્યાન અને કાયોત્સર્ગ (દ્વિતીય આવૃત્તિ)**
  (ધ્યાન અને કાયોત્સર્ગ વિશેનો શાસ્ત્રીય સન્દર્ભો સાથેનો સ્વાધ્યાય)

- **પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે**
  (નવપદ સાધના)
- **એકાન્તનો વૈભવ (તૃતીય આવૃત્તિ)**
  (સ્મરણ યાત્રા)
- **રસો વૈ સઃ (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજકૃત શ્રી અભિનન્દન જિનસ્તવના પર સ્વાધ્યાય)
- **સાધનાપથ (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજકૃત શ્રી સુવિધિનાથ જિનસ્તવના પર સ્વાધ્યાય)
- **પરમ ! તારા માર્ગે (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજકૃત પ્રભુ મહાવીર સ્તવના પર સ્વાધ્યાય)
- **પ્રગટ્યો પૂરન રાગ**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજકૃત પ્રભુ નેમિનાથ સ્તવના પર સ્વાધ્યાય)
- **સાધનાનું શિખર**
  (પૂજ્યપાદ દાદાગુરુદેવશ્રી ભદ્રસૂરીશ્વરજી મહારાજાના જીવનપ્રસંગોનું આકલન)
- **વાત્સલ્યનો ઘૂઘવતો સાગર**
  (પૂજ્યપાદ ગુરુદેવશ્રી ઓમકારસૂરીશ્વરજી મહારાજાના જીવનપ્રસંગોનું આકલન)
- **સમાધિ શતક (ભાગ-૧ થી ૪)**
  (પૂજ્યપાદ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજકૃત સમાધિશતક ગ્રન્થ પર વિવેચના)
- **સમુંદ સમાના બુંદ મેં**
  (પૂજ્યપાદ અધ્યાત્મયોગી આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાની શબ્દપ્રસાદી પર સ્વાધ્યાય)
- **સ્વાનુભૂતિની પગથારે**
  (પૂજ્યપાદ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજકૃત સવાસો ગાથાના સ્તવનની કેટલીક કડીઓ પર સ્વાધ્યાય)
- **સદ્ગુરુઃ શરણં મમ**
  (સદ્ગુરુ તત્ત્વ પર ભિન્ન ભિન્ન અનુપ્રેક્ષાઓથી સભર ગ્રંથ)

• • •

## આચાર્યશ્રી ૐકારસૂરિ જ્ઞાન મંદિર ગ્રંથાવલી

### પ્રભુવાણી પ્રસાર સ્થંભ (યોજના-૧,૧૧,૧૧૧)

૧. શ્રી સમસ્ત વાવપથક શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ-ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા-સ્મૃતિ
૨. શેઠશ્રી ચંદુલાલ કકલચંદ પરીખ પરિવાર, વાવ
૩. શ્રી સિદ્ધગિરિ ચાતુર્માસ આરાધના (સં.૨૦૫૭) દરમ્યાન થયેલ જ્ઞાનખાતાની આવકમાંથી
હસ્તે : શેઠશ્રી ધુડાલાલ પુનમચંદભાઈ હેક્કડ પરિવાર, ડીસા, બનાસકાંઠા
૪. શ્રી ધર્મોત્તેજક પાઠશાળા, શ્રી ઝીંઝુવાડા જૈન સંઘ, ઝીંઝુવાડા
૫. શ્રી સુઈગામ જૈન સંઘ, સુઈગામ
૬. શ્રી વાંકડિયા વડગામ જૈન સંઘ, વાંકડિયા વડગામ
૭. શ્રી ગરાંબડી જૈન સંઘ, ગરાંબડી
૮. શ્રી રાંદેરરોડ જૈન સંઘ-અડાજણ પાટીયા, રાંદેરરોડ, સુરત
૯. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ પાર્લા (ઈસ્ટ), મુંબઈ
૧૦. શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ, કતારગામ, સુરત
૧૧. શ્રી કૈલાસનગર જૈન સંઘ, કૈલાસનગર, સુરત
૧૨. શ્રી ઉચોસણ જૈન સંઘ, સમુબા શ્રાવિકા આરાધના ભવન, સુરત જ્ઞાનખાતેથી
૧૩. શ્રી વાવપથક જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, અમદાવાદ
૧૪. શ્રી વાવ જૈન સંઘ, વાવ, બનાસકાંઠા
૧૫. કુ. નેહલબેન કુમુદભાઈ (કટોસણ રોડ)ની દીક્ષા પ્રસંગે થયેલ આવકમાંથી
૧૬. શ્રી આદિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નવસારી
૧૭. શ્રી ભીલડીયાજી પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી, ભીલડીયાજી
૧૮. શ્રી નવજીવન જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, મુંબઈ
૧૯. શ્રી જશવંતપુરા જૈન સંઘ - શ્રાવિકા બહેનોના જ્ઞાનદ્રવ્યમાંથી

### પ્રભુવાણી પ્રસારક (યોજના-૬૧,૧૧૧)

૧. શ્રી દિપા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, રાંદેરરોડ, સુરત
૨. શ્રી સીમંધરસ્વામી મહિલા મંડળ, પ્રતિષ્ઠા કોમ્પલેક્ષ, સુરત
૩. શ્રી શ્રેણીકપાર્ક જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ન્યૂ રાંદેરરોડ, સુરત
૪. શ્રી પુણ્યપાવન જૈન સંઘ, ઈશિતા પાર્ક, સુરત
૫. શ્રી શ્રેયસ્કર આદિનાથ જૈન સંઘ, નીઝામપુરા, વડોદરા
૬. શ્રી અમરોલી જૈન સંઘ - અમરોલી, સુરત

### પ્રભુવાણી પ્રસાર અનુમોદક (યોજના - ૩૧,૧૧૧)

૧. શ્રી મોરવાડા જૈન સંઘ, મોરવાડા
૨. શ્રી ઉમરા જૈન સંઘ, સુરત
૩. શ્રી શત્રુંજય ટાવર જૈન સંઘ, સુરત

૪. શ્રી ચૌમુખજી પાર્શ્વનાથ જૈન મંદિર ટ્રસ્ટ
શ્રી જૈન શ્વેતાંબર તપાગચ્છ સંઘ ગઢસિવાના (રાજ.)
૫. શ્રીમતી તારાબેન ગગલદાસ વડેચા-ઉચોસણ
૬. શ્રી સુખસાગર અને મલ્હાર એપાર્ટમેન્ટ સુરતની શ્રાવિકાઓ તરફથી
૭. રવિજ્યોત એપાર્ટમેન્ટ, સુરતની શ્રાવિકાઓ તરફથી
૮. અઠવાલાઈન્સ જૈન સંઘ, પાંડવબંગલો, સુરત શ્રાવિકાઓ તરફથી
૯. શ્રી આદિનાથ તપાગચ્છ શ્વે.મૂર્તિપૂજક જૈન સંઘ, કતારગામ, સુરત
૧૦. શ્રીમતી વર્ષાબેન કર્ણાવત, પાલનપુર
૧૧. શ્રી શાંતિનિકેતન સરદારનગર જૈન સંઘ, સુરત
૧૨. શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, ન્યુ શમારોડ, વડોદરા
૧૩. પાંડવ બંગલો (અઠવાલાઈન્સ) સુરતની આરાધક બહેનો તરફથી, સુરત

## પ્રભુવાણી પ્રસાર ભક્ત (યોજના - ૧૫,૧૧૧)

૧. શ્રી દેસલપુર (કંઠી) શ્રી પાર્શ્વચંદ્રગચ્છ
૨. શ્રી ધ્રાંગધ્રા શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરગચ્છ
૩. શ્રી અઠવાલાઈન્સ જૈન સંઘ, સુરત શ્રાવિકા ઉપાશ્રય
૪. શ્રીમતી પ્રજ્ઞાબેન કીર્તિભાઈ શાહ (L.A. અમેરિકા)

## વાવ નગરે પૂજ્ય આચાર્ય ભગવંત ૐકારસૂરિ મહારાજાની ગુરૂ મૂર્તિ પ્રતિષ્ઠા સ્મૃતિ

| | | | |
|---|---|---|---|
| ૧. | રૂા. | ૨,૧૧,૧૧૧ | શ્રી વાવ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ |
| ૨. | રૂા. | ૧,૧૧,૧૧૧ | શ્રી વાવપથક શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ |
| ૩. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી સુઈગામ જૈન સંઘ |
| ૪. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી બેણપ જૈન સંઘ |
| ૫. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી ઉચોસણ જૈન સંઘ |
| ૬. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી ભરડવા જૈન સંઘ |
| ૭. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી અસારા જૈન સંઘ |
| ૮. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી ગરાંબડી જૈન સંઘ |
| ૯. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી માડકા જૈન સંઘ |
| ૧૦. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી તીર્થગામ જૈન સંઘ |
| ૧૧. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી કોરડા જૈન સંઘ |
| ૧૨. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી ઢીમા જૈન સંઘ |
| ૧૩. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી માલસણ જૈન સંઘ |
| ૧૪. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી મોરવાડા જૈન સંઘ |
| ૧૫. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી વર્ધમાન શ્વે.મૂ.પૂ.જૈન સંઘ, કતારગામ દરવાજા, સુરત |
| ૧૬. | રૂા. | ૧૧,૧૧૧ | શ્રી વાસરડા જૈન સંઘ, સેવંતીલાલ મ. સંઘવી |

• • •

